સુસ્પષ્ટ ભૂમિકા કરવાનું કાર્ય કરે છે શાસ્ત્રોની–ગ્રન્થોની–પુસ્તકોની પ્રસ્તાવના. એનાં માધ્યમથી ગ્રન્થ અંગે વ્યક્તિ ભ્રમ–સંશય તો ન અનુભવે, બલ્કે ગ્રન્થ પ્રત્યે બહુમાનભાવથી આદરપૂર્વક અભિમુખ થાય! શાસ્ત્રગ્રન્થોની પ્રસ્તાવનાશૈલી એવી હોય કે જેમાં ગ્રન્થના પદાર્થોનો–તત્ત્વોનો સંક્ષિપ્ત નિર્દેશ આવી જાય. કેટલીક વાર એ પ્રસ્તાવનાઓ રમણીય ભાષામાં એવી સમુચિત સુંદર ઉપમાઓથી અલંકૃત હોય કે એ અક્ષરશઃ મન મોહી લે. ઉદાહરણરૂપે લઈએ પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્રની સંસ્કૃત ટીકાની પ્રસ્તાવના.

એના કર્તા નવાંગીટીકાકાર પૂજ્યપ્રવર આ. ભ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ ''व्याख्यातं'' થી શરૂ કરી ''इति शास्त्रप्रस्तावना'' સુધી માત્ર આઠ–નવ પંક્તિમાં એ મહાન વિરાટ શાસ્ત્રગ્રન્થની પ્રસ્તાવના લખે છે. તેમાં તેઓશ્રી ભગવતી સૂત્રને ઉપમા આપે છે ચક્રવર્તીરાજાધિરાજના અજેય હસ્તીરત્ન જયકુંજરની. કુંજરનો અર્થ છે હાથી. જયકુંજરના વિરાટ દેહને તથા ચાર પગ–બે આંખ–બે દંતૂશળ વગેરે દરેક અંગોપાંગોને તેઓશ્રી ભગવતીસૂત્રશાસ્ત્ર–ગ્રન્થના વિવિધ પદાર્થો સાથે અદ્‌ભુત સરખાવે છે કે જેમ જયકુંજર વિરાટ દેહ ધરાવે છે તેમ ભગવતીસૂત્ર છત્રીશ હજાર પ્રશ્નોત્તરોનો વિરાટ શબ્દદેહ ધરાવે છે, જયકુંજરને જેમ ચાર મજબૂત પગ છે તેમ આ આગમને ચાર અનુયોગરૂપ મજબૂત પગ છે, જયકુંજરને જેમ બે આંખ છે તેમ આ આગમને જ્ઞાન–ચારિત્રરૂપ આંખ છે, જયકુંજરને જેમ બે તીક્ષ્ણ દંતૂશળ છે તેમ આ આગમને દ્રવ્યાસ્તિકનય–પર્યાયાસ્તિકનયરૂપ તીક્ષ્ણ દંતૂશળ છે! માત્ર આ ઝલકો પર જ ઓવારી જવાય કે ઉપમા સાથે કેવી perfect વિષયગૂંથણી! તો, આ છે પ્રસ્તાવના. જે ગ્રન્થને સુસ્પષ્ટ કરી આપે.

- આચાર્ય વિજય રાજરત્નસૂરિ
(આ પુસ્તકનાં
'લેખકીય નિવેદન'માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

પ્રસ્તાવના પમરાટ

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# પ્રસ્તાવના પમરાટ



આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# સાહિત્યયાત્રાનો સત્કાર

**સાહિત્યસર્જનની સોહામણી સફરના સર્જક,**
**પ્રખરશાસનપ્રભાવક, તપસ્વીરત્ન**
**પ.પૂ.આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ!**

## સાદર વંદનાવલિ

અત્રે સહુ શાતામાં છે-તમો સહુ શાતામાં હશો.

વિશેષ આપશ્રીની કામણગારી કલમે કંડારાયેલા, આત્માના પ્રદેશે પ્રદેશે બોધનો ધોધ વહાવનારા, અંતરને આનંદથી ભરી દે તેવાં 'ત્રણ સાહિત્યરત્નો' આપના તરફથી મળ્યા. ખૂબ જ આનંદ થયો. (૧) અમૃતવેલની આનંદયાત્રા (૨) પર્યુષણાનો પયગામ (૩) ગૌરવ : આ ત્રણેય પુસ્તકોની બાહ્ય સજાવટ અને એથી ય વિશેષ અંદરનું આપનું ચિંતન ખૂબ ગમી ગયું.

* સ્વરૂપનું ભાન અને જ્ઞાન કરાવનારી 'અમૃતવેલની આનંદયાત્રા'માં આપનું આગવું અનુપ્રેક્ષાનું અમૃતઝરણું વહી રહ્યું છે જેનો રસાસ્વાદ ચાખવા મળ્યો.

* પર્વાધિરાજના પયગામને કૈંક નોખી-અનોખી રીતિએ સમજાવી પર્વના મર્મનું અને ધર્મ-કર્મના સિદ્ધાંતોનું રસમય આલેખન કર્યું છે.

* 'ગૌરવ' માં સુંદર મજાના વિવિધ વિષયોનું ઉંડાણથી પરિશીલન કરી લોકભોગ્ય ભાષામાં આત્મ-ગૌરવની વૃદ્ધિ કરે તેવા સદ્‌ગુણોને પ્રગટ કરવાનો પ્રયાસ અનુમોદનીય છે.

આપના સાહિત્યને અત્યંત રુચિપૂર્વક વાંચું છું. આપશ્રી યાદ કરીને આપનાં પુસ્તકો મોકલો છો તેનો મને વિશેષ આનંદ છે!

મારા યોગ્ય કાર્ય-સેવા ફરમાવશો...

**- પૂ.આ. શ્રી વિજય કીર્તિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
(વાગડ સમુદાય)

Book 108 / Prastavna Pamrat Title 02 / Aaspaas final / 4 june 2025

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * श्री गौतमगणधराय नम: * सूर्योदयं सूरिवरं नमामि

# પ્રસ્તાવના પમરાટ

વિવિધ ગ્રન્થો માટે પ્રસંગોપાત્ત આલેખાયેલ પ્રસ્તાવનાઓનો સંચય


* લેખક *

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
વ્યા. સા. ન્યા. તીર્થ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યકાર શતાધિક ગ્રન્થસર્જક તેજસ્વીવક્તા
શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ**



* પ્રકાશક *

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક - ૨૦૧





Book No. 108 Prastavna Pamrat / Starting pages / 23 MAY 2025

પ્રકાશક :
**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે, જૈન મંદિર પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

પ્રાપ્તિસ્થાન :
**શ્રી વિશાલભાઈ ડી. ગાલા**
બી-૧૪/૪૦૧, સૂર્યદર્શન, આનંદ નગર,
સી.એસ. રોડ, દહિંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮.
મો.: ૯૮૩૩૦૦૬૧૬૪ / ૮૬૫૫૮૭૧૫૦૩

પ્રકાશનતિથિ તથા સ્થળ :
શ્રાવણ શુદિ-૧૧, તા. ૫-૮-૨૦૨૫.
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનો ૧૨૨મો જન્મદિન.
પંકજ જૈન સંઘ-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ પ્રત :
૧૦૦૦

મૂલ્ય :
રૂા.૧૦૦

મુદ્રક :
**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ,
મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન : ૪૩૬૬ ૭૧૭૧**

SAIYAM GOLDEN SERIES

50

Aa. Rajratnasuri

SAIYAM GOLDEN YEAR

# આનંદો...આનંદો...આનંદો

પૂજ્યપાદ શતાધિક ગ્રન્થસર્જક સિદ્ધહસ્તસાહિત્યકાર

**આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ના

સંયમ સુવર્ણવર્ષનો પ્રારંભ વિ.સં.૨૦૮૪માં થાય છે.

તે વર્ષે પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા

૧૨૫ પુસ્તકોનો MILE STONE પસાર કરશે.

પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે પૂજ્યશ્રી તથા શિષ્ય - પ્રશિષ્યરત્નો દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-ઈંગ્લીશ-ગુજરાતી ભાષામાં નવસર્જિત કુલ 50 પુસ્તકોનું પ્રકાશન થશે. તે સાથે ધર્મકૃપા ટ્રસ્ટની સાહિત્ય પ્રકાશનયાત્રા 265 પુસ્તકોનો MILE STONE પસાર કરશે.

COLOUR PAGE

# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ શાસનશણગાર શતાધિકગ્રન્થલેખક

આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના

વિ.સં. ૨૦૭૯ના ચાતુર્માસમાં

વડોદરા શહેરમાં થયેલ

457 માસક્ષમણોની અનુમોદનાર્થે

પૂ.આ.ભ.શ્રી આગમરત્નસૂરિજી મ.સા.ના

શિષ્ય પૂ. મુનિવર શ્રી અર્હંરત્નવિજયજી મ.સા.

તથા પૂ.સા.શ્રી દિવ્યરક્ષિતાશ્રીજી મ.ની પ્રેરણાથી

શ્રી પુણ્યપવિત્ર શ્વે.મૂ.જૈન સંઘ-વડોદરા

તરફથી આ પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન.

-પ્રકાશક



Book No. 108 Prastavna Pamrat / Starting pages / 23 MAY 2025 05 to 08 color Bhagwan page aavshe



દર્ભાવતીતીર્થાધિનાયક પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

दर्भावतीमण्डलमण्डनं यो, नि:शेषभूमीतलभूषणं य: ।
स्वरूपसम्पत्तिनिकेतनं य,-स्तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्।।





ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

## શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मधामवरतीर्थपतिं गुणाढ्यं,
पार्श्वेश्वरं प्रवरनीलमणिप्रभाढ्यम्।
विश्वेश्वरं सकलमङ्गलगौरवाढ्यं,
नागेश्वरं जिनवरं प्रणमामि नित्यम्॥

धर्म–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

## શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मसूर्यवरधाम्नि विराजमानं,
ध्यानस्थितं च दशहस्तमयप्रमाणम्।
स्वर्णप्रभं भविनतं भवसिन्धुयानं,
जीरावलाजिनवरं प्रणमामि नित्यम्॥




શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્યવસન્તધામતીર્થમણ્ડન

# શ્રી આદિનાથ ભગવાન

तीर्थे स्थितं प्रवरदिव्यवसन्तधाम्नि, भक्त्योल्लसद्–भविकवृन्दसुसेव्यमानम् ।
शत्रुञ्जयाधिपतिरूप–समानरूपं, श्रीमद्युगादिजिनदेवमहं नमामि ।।

જૈનશાસનના મહાન જ્યોતિર્ધર ૧૩૫ જિનાલયપ્રણેતા પૂજ્યપાદ યુગદિવાકર



## આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

पुण्यप्रभाढ्यं गुणगौरवाढ्यं, श्री धर्मसूरिं प्रवरं नमामि ।
तेजश्छविं ज्ञानरविं नवीनं, सूर्योदयं सूरिवरं नमामि ।।

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક



## આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्री शत्रुञ्जययुगादिदेवदिव्यवसन्तधाममण्डनआदिनाथाय नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमस्वामिने नमः ✻ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રસ્તાવનાઓની પ્રસ્તાવના

## લેખકીય નિવેદન

પ્રસ્તાવનાપુસ્તકોની પ્રસ્તાવનાનો પ્રારંભ આપણે એક નાનકડા દૃષ્ટાંતથી કરીશું કે જે બહુ મજબૂતપણે પ્રસ્તાવનાનું મહિમામંડન કરે છે :

જે યુગમાં ઘોડેસવાર-ઊંટસવાર વગેરે દ્વારા સંદેશાઓનું આદાન-પ્રદાન થતું તે યુગની વાત. એક રાજાએ એના સંદેશવાહકને અતિ અગત્યનો સંદેશપત્ર આપીને સતત પ્રવાસ દ્વારા છટ્ઠે દિવસે સાંજ સુધીમાં સંદેશપત્ર સંબંધિત સ્થાને પહોંચાડવાની તાકીદ કરી. વિશ્વાસુ સંદેશવાહકે આજ્ઞા શિરે ચડાવી ઊંટ ઉપર ઝડપી પ્રવાસ શરૂ કર્યો. માર્ગમાંથી એણે પાઠવેલ વ્યક્તિએ રાજા સમક્ષ આવીને રજૂઆત કરી : ‘‘એ ઊંટ પર સતત આગળ ધપ્યે જતો હતો. એમાં એને કૂતરો કરડી ગયો. તેની સારવાર તત્કાલ કરાવવાથી હવે એ એક દિવસ Late પહોંચશે.’’ રાજાને આ વ્યક્તિની વાતમાં પોકળતા-અવિશ્વસનીયતા લાગતી હતી. એમણે તુર્ત પૂછ્યું : ‘‘અરે! એ ઊંટ પર બેસ્યો હોય તો એને કૂતરો કરડી જ કેવી રીતે શકે? આટલી ઊંચાઇને કૂતરો આંબી ન શકે. આ તદ્દન ખોટી વાત છે.’’

‘‘રાજાજી! ઘટના એમ બની હતી કે એ જે ગામમાંથી ઊંટ પર પસાર થતો હતો તે ગામમાં ઉત્સવ હોવાથી માર્ગ પર ચાલવું ય મુશ્કેલ બને તેવી ભીડ હતી. સંદેશવાહક માર્ગના એકદમ છેડાના ભાગથી ઊંટને તારવતો તારવતો આગળ



Book No. 108 Prastavna Pamrat / Starting pages / 23 MAY 2025

જતો હતો. એ તરફ કિલ્લાની લાંબી રાંગ હતી-દિવાલ હતી. અચાનક, એ દિવાલની વચ્ચેના ઝરુખામાં બેસેલ કૂતરાએ આંખના પલકારમાં પગે બટકું ભરી દીધું. જે હકિકત બનેલી છે તે આ છે.'' પેલી વ્યક્તિએ તથ્યની બરાબર સ્પષ્ટતા કરી. રાજાનાં દિમાગમાં હવે આ ઘટના બરાબર હોવાનું વસી ગયું.

ધ્યાનથી વિચારીશું આ દૃષ્ટાંત, તો એ ખાસ સમજાશે કે વ્યક્તિની રજૂઆતમાં ખામી હતી. એણે જે વાત પછીથી સ્પષ્ટતારૂપે કરી એ **સૌથી પ્રથમ સુસ્પષ્ટ ભૂમિકારૂપે** કરવી આવશ્યક હતી. જો એણે સુસ્પષ્ટ ભૂમિકા પ્રથમ કરીને પછી તે પૂર્વેની વાત કહી હોત તો રાજાને ન તો અંશમાત્ર સંશય થાત, ન પ્રશ્ન કરવાનો-અવિશ્વાસ દાખવવાનો સમય આવત.

બસ, આ **સુસ્પષ્ટ ભૂમિકા** કરવાનું કાર્ય કરે છે શાસ્ત્રોની-ગ્રન્થોની-પુસ્તકોની પ્રસ્તાવના. એનાં માધ્યમથી ગ્રન્થ અંગે વ્યક્તિ ભ્રમ-સંશય તો ન અનુભવે, બલ્કે ગ્રન્થ પ્રત્યે બહુમાનભાવથી આદરપૂર્વક અભિમુખ થાય! શાસ્ત્રગ્રન્થોની પ્રસ્તાવનાશૈલી એવી હોય કે જેમાં ગ્રન્થના પદાર્થોનો-તત્ત્વોનો સંક્ષિપ્ત નિર્દેશ આવી જાય. કેટલીક વાર એ પ્રસ્તાવનાઓ રમણીય ભાષામાં એવી સમુચિત સુંદર ઉપમાઓથી અલંકૃત હોય કે એ અક્ષરશઃ મન મોહી લે. ઉદાહરણરૂપે લઈએ પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્રની સંસ્કૃત ટીકાની પ્રસ્તાવના.

એના કર્તા નવાંગીટીકાકાર પૂજ્યપ્રવર આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ ''**व्याख्यातं**'' થી શરૂ કરી ''**इति शास्त्रप्रस्तावना**'' સુધી માત્ર આઠ-નવ પંક્તિમાં એ મહાન વિરાટ શાસ્ત્રગ્રન્થની પ્રસ્તાવના લખે છે. તેમાં તેઓશ્રી ભગવતીસૂત્રને ઉપમા આપે છે ચક્રવર્તીરાજાધિરાજના અજેય હસ્તીરત્ન જયકુંજરની. કુંજરનો અર્થ છે હાથી. જયકુંજરના વિરાટ દેહને તથા ચાર પગ-બે આંખ-બે દંતૂશળ વગેરે દરેક અંગોપાંગોને તેઓશ્રી ભગવતીસૂત્રશાસ્ત્ર-ગ્રન્થના વિવિધ પદાર્થો સાથે અદ્ભુત સરખાવે છે : જેમ કે :-

''**षट्त्रिंशत्सहस्रप्रश्नप्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य, ज्ञानचरण-नयनयुगलस्य, द्रव्यास्तिकपर्यायास्तिकनयद्वितयदन्तमुशलस्य**'' વગેરે પંક્તિઓ. આ વિશેષણો દ્વારા ટીકાકાર એમ ફરમાવે છે કે જેમ જયકુંજર વિરાટ દેહ ધરાવે છે તેમ ભગવતીસૂત્ર છત્રીશ હજાર પ્રશ્નોત્તરોનો વિરાટ શબ્દદેહ ધરાવે છે, જયકુંજરને જેમ ચાર મજબૂત પગ છે તેમ આ આગમને ચાર અનુયોગરૂપ મજબૂત પગ છે, જયકુંજરને જેમ બે આંખ છે તેમ આ આગમને જ્ઞાન-ચારિત્રરૂપ આંખ છે,

જયકુંજરને જેમ બે તીક્ષ્ણ દંતૂશળ છે તેમ આ આગમને દ્રવ્યાસ્તિકનય પર્યાયાસ્તિકનયરૂપ તીક્ષ્ણ દંતૂશળ છે! માત્ર આ ઝલકો પર જ ઓવારી જવાય કે ઉપમા સાથે કેવી **Perfect** વિષયગૂંથણી! તો, આ છે પ્રસ્તાવના. જે ગ્રન્થને સુસ્પષ્ટ કરી આપે.

શાસ્ત્રગ્રન્થોની આ પ્રસ્તાવનાશૈલી વર્તમાનમાં શાસ્ત્રસંગ્રહ-ગ્રન્થોમાં-અનુવાદગ્રન્થોમાં-અભ્યાસગ્રન્થોમાં યાવત્ સરેરાશ વાચનના પુસ્તકોમાં ય અપનાવાય છે. જેમાં પ્રસ્તાવના દ્વારા ગ્રન્થના/પુસ્તકના વિષયનો, તેના કર્તાનો, લેખકનો સંક્ષિપ્ત સમુચિત પરિચય કરાવાય. આવા કેટલાંક ગ્રન્થો-પુસ્તકોમાં પ્રસ્તાવના માટે લખવા તે તે ગ્રન્થોના-પુસ્તકોના કર્તાનાં/સંપાદકનાં આમન્ત્રણો આવતાં તેની જે પ્રસ્તાવનાઓ આલેખાઇ તેનો સંગ્રહ છે 'પ્રસ્તાવના પમરાટ' અને 'પ્રસ્તાવના પરિમલ' પુસ્તકોમાં. બન્ને પુસ્તકો એક જ વિષયના હોવાથી એનું આ લેખકીય નિવેદન પણ એક જ-સમાન રાખ્યું છે. આ પ્રસ્તાવનાઓમાં પૂજ્યપાદ બહુશ્રુતવર્ય આગમોદ્ધારક આ.શ્રી આનંદસાગર-સૂરીશ્વરજી મ.સા.ના તમામ સંસ્કૃત-પ્રાકૃત મૂલ ગ્રન્થોના મહાકાય સંગ્રહગ્રન્થ પર લખાયેલ ખૂબ વિસ્તૃત પ્રસ્તાવના છે, પંચસૂત્રવાર્તિક-પંચસૂત્રતર્કાવતાર-સંબોધસિત્તરીઅનુવાદ-વર્ધમાન શક્રસ્તવ વગેરે ગ્રન્થો પરની પ્રસ્તાવના છે, તો શ્રમણસામાચારી વગરે ગુજરાતી પુસ્તકોની પણ પ્રસ્તાવનાઓ છે.

જેઓશ્રીની પરમ કૃપાથી આ સર્વ પ્રસ્તાવનાઓ તેમજ અદ્યાવધિ ૧૦૯ પુસ્તકો આલેખાયા છે તે અનંતોપકારી જીવનશિલ્પી ગુરુદેવો પૂજ્યપાદ સમર્થસંઘનાયક યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી વિજય સૂર્યોદય-સૂરીશ્વરજી મ.સા. ના પુનીત પાદારવિંદમાં કૃતજ્ઞતાભરપૂર ભાવવંદના સાથે એ જ અંતરઅભિલાષા કે આ પ્રસ્તાવનાપુસ્તકોનું વાચન ભાવિકોને તે તે ગ્રન્થો/પુસ્તકો પ્રત્યે અને તેના કર્તા/લેખકો પ્રત્યે અહોભાવ પ્રગટાવો તેમજ એથી ય વિશેષ તે ગ્રન્થો/પુસ્તકોનાં વાચન-મનન સુધી લઇ જનાર નીવડો...

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ**

**-વિજય રાજરત્નસૂરિ**

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमगणधराय नम: ✻ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

પૂજ્યપાદ સમર્થ સંઘનાયક મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર **આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.** ના શ્રાવણ શુદિ-૧૧ના ૧૨૨મા મંગલમય જન્મપર્વે પ્રસ્તુત **'પ્રસ્તાવના પમરાટ'** સહિત પાંચ-પાંચ પુસ્તકોનું પ્રકાશન કરતા અમે ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રેરક પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસન પ્રભાવક **આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર અને અમારા વર્તમાન માર્ગદર્શક પૂજ્યપાદ **શતાધિકગ્રંથસર્જક આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.,** ત્રણ પૂ. આચાર્યદેવો-બે પૂ.પંન્યાસજી ભગવંતો આદિ ૯૦ શ્રમણ-શ્રમણી ભગવંતો સાથે વિ.સં. ૨૦૮૦માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં સામૂહિક ચાતુર્માસાદિ આરાધનાર્થે પધારતાં અનેક યશસ્વી આરાધનાઓ-પ્રભાવનાઓના ચિરંજીવ ઈતિહાસનું ત્યાં સર્જન થયું. શાનદાર સ્વાગતયાત્રા સાથે ચેન્નઈભવન-ધર્મશાળામાં પ્રવેશ, ૭૦૦ આરાધકોનું સમૂહ ચાતુર્માસ, નિત્ય બે વારનાં પ્રવચનો, નિત્ય પ્રભાતે વાજતે-ગાજતે જયતળેટીયાત્રા અને વિધવિધ આયોજનો - અનુષ્ઠાનોમાં શિરમોર બન્યું સામૂહિક માસક્ષમણ આયોજન. આમ તો પૂજ્યશ્રી અને તેમના શિષ્યવૃંદના છેલ્લા આઠ ચાતુર્માસોમાં દરેક સંઘમાં સામૂહિક માસક્ષમણો યોજાય છે અને પાલિતાણાનાં ચાતુર્માસ પૂર્વે તેની કુલ માસક્ષમણસંખ્યા 2235 જેવી અ..ધ..ધ..થઈ છે. પરંતુ પાલિતાણાનાં સમૂહ માસક્ષમણ અનેક રીતે યાદગાર નીવડ્યા.

એમાં પહેલી બાબત હતી **પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા સ્વયં માસક્ષમણ.** અઢળક શાસનપ્રભાવનાઓ-સાહિત્યસર્જન અને તપક્ષેત્રે એક ઉપવાસ પણ પરાણે કરાય તેવી મર્યાદિત શક્તિ છતાં **પૂજ્યશ્રીએ પ્રતિદિન નવ કલાક જાપ-લેખન-શાસનકાર્યો કરવા સાથે સંપૂર્ણ માસક્ષમણ અપ્રમત્તભાવે કર્યું**

એ દેવ-ગુરુકૃપાનો બેજોડ ચમત્કાર હતો! શત્રુંજયેશ્વર દાદા આદીશ્વરપ્રભુએ જ જાણે આ માસક્ષમણ કરાવ્યું ન હોય! પૂજ્યશ્રીની સાથે કુલ ૩૨ સંયમી ભગવંતો અને ગૃહસ્થવર્ગ મળીને ૧૨૩ તપસ્વીઓએ ૪૫-૩૬ આદિ ઉપવાસ સહિત માસક્ષમણ કર્યા. પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ યથાર્થ લખ્યું કે ''પાલિતાણાના સો વર્ષના ઈતિહાસમાં આ રીતની સામૂહિક માસક્ષમણઘટના સર્વપ્રથમ છે.'' પ્રવરસમિતિના તમામ પૂજ્યો સહિત ૫૦ થી વધુ ગચ્છાધિપતિઓ-આચાર્યશ્રીઓનાં પત્રોમાં પૂજ્યશ્રીનાં માસક્ષમણતપની હાર્દિક અનુમોદના નીતરતી હતી. પાલિતાણા ગામના સંઘમાં પૂજ્યશ્રીના પરિવારના ગુરુભગવંતોનું ચાતુર્માસ થતાં પાલિતાણા સંઘના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૨૭ માસક્ષમણો થયા. એક અજબ ઘટના એ બની કે માસક્ષમણના ૨૯મા ઉપવાસની મધ્યરાત્રિએ, શ્રી હસ્તિગિરિતીર્થે પ્રતિષ્ઠિત થનાર આદીશ્વરદાદાનું પ્રથમ અંજનવિધાન પૂજ્યશ્રીના હસ્તે થયું કે જેમાં પાલિતાણાસ્થિત તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય હતું.

૩૦મા ઉપવાસે સવારે ૭.૦૦ ક. પાલિતાણા માટે અભૂતપૂર્વ કહેવાય તેવો ૧૨૩ માસક્ષમણતપસ્વીઓનો ભવ્યાતિભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. પૂજ્યશ્રીસહિત ૩૨/૩૨ સંયમી ભગવંતોની નયનરમ્ય શિબિકાઓ, તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિભગવંતોની નિશ્રા, અનેક બેન્ડો-મંડળીઓ વગેરેનાં કારણે એ તપોયાત્રાવરઘોડો ઐતિહાસિક અને જાજરમાન બન્યો હતો. મુંબઈ વગેરે સ્થળોએથી લગભગ ૪૦૦૦ ભાવિકો-ગુરુભક્તો તેમાં જોડાયા હતા. બપોરે ભવ્ય તપ અનુમોદન મહાસભામાં સર્વ સમુદાયોના સૂરિભગવંતોએ જે ઉત્કૃષ્ટ ગુણાનુરાગથી પૂજ્યશ્રીની - માસક્ષમણતપસ્વી દશવર્ષીય પૂ. બાલમુનિ શ્રી જિનાંશરત્નવિજયજી મ.ની-સળંગ ૭૭૦ આયંબિલ પર (એક પણ એકાસણાદિ વિના) માસક્ષમણ કરનાર પૂ.સા.શ્રી ધ્યાનદર્શિતાશ્રીજી મ.ની તપશ્ચર્યા વગેરેની જબરજસ્ત અનુમોદના કરી હતી તે ખરેખર વિસ્મયવિભોર કરી દે તેવી હતી. માહોલ એવો સર્જાયો હતો કે સર્વ સમુદાયોને આ રીતે એક મંચ પર નિહાળી ચાર હજારથી વધુ ભાવિકો ધન્ય ધન્ય થઈ ગયા.

માસક્ષમણપારણાદિને પણ આ જ રીતે સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય, પૂ. પરમ ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. નું દેવરૂપે દેવવિમાનમાં આગમન અને એમના દ્વારા પૂજ્યશ્રીને પારણાનો Technology રચિત હૃદયંગમ Live Scene, પૂજ્યશ્રીલિખિત 101 થી 104 ક્રમાંકના પુસ્તકોનું વિમોચન,

સંયમીભગવંતો સહિતના સર્વ માસક્ષમણતપસ્વીઓ માટે ઉત્તમ પારણાવ્યવસ્થા, ઉપસ્થિત તમામ ભાવિકોને વહોરાવવાનો Chance અને સર્વ સંયમીઓને સ્વયં વાસનિક્ષેપ બાદ ઠેઠ ૧૨.૩૦ ક. પૂજ્યશ્રી દ્વારા પારણા, અદ્ભુત મહાપૂજા વગેરે આંખ-અંતર ધન્ય બનાવતા પ્રસંગો યોજાયા હતા. નિત્ય ત્રણે ય સમય ચાર હજાર ભાવિકોનાં સંઘસાધર્મિકવાત્સલ્ય, અવનવા સ્ટેજ કાર્યક્રમો, વ્રત-નિયમોનાં લાખેણાં ભેટણાદિથીયુક્ત આ મહાન માસક્ષમણમહોત્સવના પ્રતિઘોષ સમગ્ર જૈનશાસનમાં ઝિલાયા હતા. એક ઉલ્લેખનીય બાબત એ બની કે પાલિતાણાસ્થિત પર્યાયસ્થવિર પૂ. મુનિવર્ય શ્રી જયભદ્રવિજયજી મહારાજે ઉલ્લાસની ચરમ સીમાએ, માસક્ષમણ-અનુમોદનસભામાં એમ જણાવ્યું હતું કે **આ. રાજરત્નસૂરિજીએ આટલી જવાબદારીઓ વચ્ચે પોતે માસક્ષમણ કરીને અમારા સમુદાયનું અને અમારા ગામ ડભોઈતીર્થનું ગૌરવ વધાર્યું છે. આજે હું જાહેર કરું છું કે આજનો દિવસ 'સમુદાય ગૌરવ' દિવસ છે.**

આ મહામહોત્સવનું જ નહિ, બલ્કે પાલિતાણાનાં સર્વ ચાતુર્માસોનું સર્વપ્રથમ અને શિરમોર આયોજન થયું **શત્રુંજય-સૂર્યોદયધામ**નાં નિર્માણનું. પૂજ્યશ્રી જ્યારે સિદ્ધક્ષેત્રમાં પધાર્યા ત્યારે પૂજ્યશ્રીનું એકમાત્ર લક્ષ્ય હતું, સ્વયંની માસક્ષમણતપસાધનાનું. પરંતુ નિયતિનું નિર્માણ એનાથી કાંઇક વિશેષ હશે. એથી **માસક્ષમણના ૨૮મા ઉપવાસે અચાનક માત્ર 5 Minute માં વિરાટ ભૂમિસંપાદન** સાથે શત્રુંજય સૂર્યોદયધામ નિર્માણનો નિર્ણય થયો. ૮૬ હજાર Square Feetsનો વિરાટ ભૂમિખંડ મેવાડભવનની પાછળ અને હસ્તગિરિ Road touch લેવાયો. જ્યાંથી શત્રુંજયગિરિરાજ એકદમ નિકટ નિહાળાય છે તેવા આ પૂર્વાભિમુખ વિરાટ સ્થાનમાં ત્રિશિખરીય દેવવિમાનસદશ ભવ્યાતિભવ્ય જિનાલય, બે વિરાટ ઉપાશ્રયો, પૂ. યુગદિવાકર પરમ ગુરુદેવશ્રી તથા પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારક પરમગુરુદેવશ્રીનું જીવનદર્શન કરાવતી આલીશાન Art Gallery, 184 ખંડોયુક્ત ચાર આલીશાન રાજમહેલ શા ધર્મશાળાભવનો, પાંચ હજાર Square Feetના Pillarless ત્રણ વિરાટ ખંડો, ભોજનશાળા, વૃદ્ધ સંયમીઓ માટે સ્થિરવાસના વિશ્રામણાધામ, સરસ્વતીસદન આદિ વૈવિધ્યભરપૂર આયોજનો એટલા વિશાલ ફલક પર આયોજિત થયાં છે કે એક સાથે ૮૦૦ યાત્રિકો ચાતુર્માસ-નવાણું આદિમાં પધારે તો નિવાસ-ભોજન વગેરે માટે કોઈ જ મંડપની આવશ્યકતા ન રહે! આ ઉપરાંત 15000 Square Feetનો Open ભૂમિખંડ અલગ. માસક્ષમણના પારણાદિને આ આયોજનની ઘોષણા થતાંવેંત તેમાં લાભ લેવા ભાવિકોએ સ્વયંભૂ ધસારો કર્યો. એ પછી તુર્ત

પર્યુષણામહાપર્વમાં બે જબરજસ્ત મોટા લાભ બે પુણ્યવંતા પરિવારોએ લેતાં માત્ર ૧૨ દિવસમાં જ સંપૂર્ણ આયોજનના ૭૫% લાભો અપાઇ ગયા. પૂજ્યશ્રી પર વરસતી બેજોડ પ્રભુકૃપા/ગુરુકૃપાનું આ નજરે નિહાળાતું પરિણામ હતું. એક નોંધપાત્ર બાબત એ હતી કે અન્યોને આવાં આયોજનોનું અને એને સફલ બનાવવાનું માર્ગદર્શન પૂજ્યશ્રીનાં આ આયોજનમાંથી પ્રાપ્ત થયું!

ઊછળતા ઉમંગે અને ભાવોની ભરતી વચ્ચે પર્યુષણામહાપર્વની આરાધના, પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા વિવિધ સ્થાનોમાં પર્યુષણા-મહાપર્વની અને જન્મવાચનાદિ આરાધનાઓ વગેરે બાદ આરાધકોની વિદાયદિનની અંતિમ તળેટીયાત્રામાં ને અંતિમ હિતશિક્ષામાં પણ આઠસો/આઠસો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા... પર્યુષણામહાપર્વ પછીના વિશ્રામના સમયખંડમાં પૂજ્યશ્રી દ્વારા સર્વ શ્રમણ-શ્રમણીભગવંતોને નિયમિત જીવનઘડતરની વાચનાઓ અપાઇ. આ ઉપરાંત વાગડ સમુદાયના પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ પાલિતાણાના સમસ્ત શ્રમણ-શ્રમણીગણ માટે સર્વ સમુદાયોના સૂરિભગવંતો દ્વારા 'વિમલાચલ વાચનાવૈભવ' નામે વાચનાશ્રેણિ યોજી ત્યારે પ્રથમ દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની અને બીજા દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.ની હતી. બન્ને વાચનાઓથી શ્રમણ-શ્રમણી ભગવંતો ખૂબ પ્રભાવિત થયા. આ જ રીતે સામૂહિક સ્તરની 'અલૌકિક આગમવાચના'માં પણ ઉક્ત બન્ને પૂજ્યશ્રીઓની એકેક દિવસની વાચનાઓ રંગ લાવી. ફલશ્રુતિરૂપે, ઘણા સંયમીભગવંતોએ ત્યારે જ વાચનાસમય લંબાવવાની વિનંતિ કરી. તો તે પછી ચૈન્નઇભવનમાં એ જ વિષયને સમજવા સંયમીઓ પધાર્યા હતા. ઉલ્લેખનીય બાબત આમાં એ છે કે તાજેતરમાં એ બન્ને વાચનાશ્રેણિનું પુસ્તક પ્રકાશિત થયું તેમાં સર્વગ્રાહી પ્રસ્તાવના પણ પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની છે. આ ઉપરાંત નવપદ ઓળીની આવી જ સર્વ સમુદાયની યુવામુનિવરોની પ્રવચનમાળામાં પૂ. મુનિવર્ય શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.નું પ્રવચન ખૂબ સરસ યોજાયું હતું.

શાશ્વતી આસો માસની ઓળીની આરાધનામાં પૂજ્યશ્રીએ સ્વયં સળંગ પાંચમી નવપદઓળીની તપ+વિધિપૂર્વક આરાધના કરી. આસો શુદિ ચૌદશે ત્રણસો જેટલા આરાધકોની ૪૭ દિવસીય ભવ્ય ઉપધાનતપઆરાધના શરૂ થઇ. આ જ અરસામાં પૂ.આ.શ્રી આગમરત્નસૂરિજી મ.સા. તથા પૂ._આ.શ્રી ધર્મરત્નસૂરિજી મ.સા. દ્વારા

સૂરિમન્ત્ર દ્વિતીય પીઠિકાની આરાધના થઇ. બન્ને ય પીઠિકાનો પૂર્ણાહુતિસમારોહ ખૂબ ભવ્યતાથી યોજાયો. આસો વદિ-૧ના પૂ.પં.શ્રી હિતરત્નવિજયજી ગણિના સળંગ પાંચસો આયંબિલનો સમારોહ યોજાતાં પાલિતાણાસ્થિત વિવિધ સમુદાયના સૂરિભગવંતોએ તેમાં પધારી તપસ્વીની સુંદર ઉપબૃંહણા કરી હતી. પંન્યાસશ્રીએ ચાર વાર પાંચસો આયંબિલ અને તેમાં બે વાર તો સળંગ પાંચસો આયંબિલ કર્યા છે.

આ તરફ ઉપધાનતપ દરમ્યાન પ્રવચનો-વાચનાઓની હેલિ વરસી. તેના પ્રભાવે મૂળવિધિથી ઉપધાનતપ-૨૧ તપસ્વીઓ દ્વારા એક જ વસ્ત્રજોડ દ્વારા સંપૂર્ણ ઉપધાનતપ-એક આરાધક દ્વારા તમામની નીવિના બદલે આયંબિલ વગેરે વંદનીય વિશેષતાઓ સર્જાઇ. ઉપધાનતપમાં જ પૂ.સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ. ના એકાંતર ચૌદસો બાવન આયંબિલનો તપોત્સવ, પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના દીવાળીપર્વના ૫૮મા જન્મદિનનો પર્વોત્સવ વગેરે ધર્મપ્રભાવક ઉત્સવો થયા; તો પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ. નો સમાધિમય કાલધર્મ થયો. છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીના મુખે સંથારાપોરિસીઆધારિત પોણો કલાકની હિતશિક્ષા તે પૂ. સાધ્વીજીને પ્રાપ્ત થઇ. નૂતનવર્ષ-જ્ઞાનપંચમીપર્વ-ચાતુર્માસિક-પર્વની ભવ્ય આરાધનાઓ સાથે ચાતુર્માસ યશસ્વી-યાદગારસ્વરૂપે સંપન્ન થયું.

અને... આવ્યો કાર્તિકીપૂર્ણિમાનો મહાયાત્રાદિન. ચાતુર્માસમાં શત્રુંજય-ગિરિરાજ યાત્રાનિષેધની સુવિહિત પરંપરાનુસાર સિદ્ધગિરિરાજ યાત્રાથી વંચિત ચતુર્વિધ શ્રી સંઘના હજારો-હજારો ભાવિકોએ તે પુનીત પર્વદિનથી ગિરિરાજયાત્રા શરૂ કરી. તદનુસાર, પૂજ્યશ્રીની નિશ્રામાં લગભગ ચારસો આરાધકોએ સામૂહિક નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના શ્રમણ-શ્રમણીભગવંતોએ પણ વિપુલ સંખ્યામાં નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના માત્ર શ્રમણવૃંદમાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાની શૃંખલા સળંગ નવ વાર યોજાઇ, તો અન્ય શ્રમણ-શ્રમણીભગવંતોએ અનુકૂળતાનુસાર ચોવિહાર છટ્ઠ સહ સાત યાત્રા-અટ્ઠમ સહિત અગિયાર યાત્રાનો સિલસિલો જારી રાખ્યો. ખરી કમાલ સર્જાઇ શ્રાવક-શ્રાવિકાવર્ગની નવાણુંયાત્રામાં. ત્યાં એક શ્રાવકે ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા-ઉપર એક બિયાસણું-ઉપર ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા : આ ક્રમે સળંગ સાત વાર ચોવિહાર છટ્ઠ સહિત સાત-સાત યાત્રાઓ કરી! આ ખરેખર આશ્ચર્યકારક તપશ્ચર્યા હતી. આ ઉપરાંત અન્ય વિપુલ સંખ્યાના આરાધકોની ચોવિહાર છટ્ઠ સાથેની સાત યાત્રાઓ - અટ્ઠમ સાથેની અગિયાર યાત્રાઓ અલગ.

એક તરફ સામૂહિક નવાણુંયાત્રાનો પ્રારંભ થયો અને બીજી તરફ શરૂ થઇ પાંચ-પાંચ પદયાત્રાસંઘોની શૃંખલા. પૂજ્યશ્રીએ વ્યવસ્થા એ રીતે કરી હતી કે ૯૦ પૈકી ૪૫ જેટલા સંયમીભગવંતો એક પદયાત્રાસંઘમાં પધારે અને અન્ય તેટલા સંયમીઓ નવાણુંયાત્રા અનુષ્ઠાનમાં વિરાજે. બીજા પદયાત્રાસંઘમાં બન્ને સંયમીવર્ગનું સ્થાન પરાવર્તન થાય. જ્યારે પૂજ્યશ્રી સ્વયં તો દરેક પદયાત્રાસંઘમાં નિશ્રાપ્રદાન કરે. દરેક પદયાત્રાસંઘમાં આ ક્રમ રહ્યો. પ્રથમ પદયાત્રાસંઘ યોજાયો શ્રી કદંબગિરિથી શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો. ૪૫ સંયમીભગવંતો, સવા ચારસો યાત્રિકો અને સંઘપતિ સ્વજનો સાથે પાંચસો પચાસ આરાધકોના આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીએ શ્રી કદંબગિરિ અને શ્રી શત્રુંજય ગિરિરાજના ઈતિહાસની રસપ્રદ ઘટનાઓ ગૂંથી લેતાં તે પ્રવચનો યાત્રિકો માટે લોહચુંબક જેવા આકર્ષક નીવડ્યા હતા. આવું જ વિશિષ્ટ આકર્ષણ પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા અને વિખ્યાત સંગીતકારો દ્વારા થતી ભક્તિસંધ્યામાં રહેતું. અબોલ જીવોની વિશિષ્ટ અનુકંપા-સ્થળે સ્થળે સંઘપતિ દ્વારા સાધારણખાતાનું દાન-અતિ ભવ્ય ગિરિરાજવધામણાં-શાનદાર પાલિતાણા નગરપ્રવેશ-ભવ્ય તીર્થમાળ વગેરે યુક્ત આ પ્રથમ પદયાત્રાસંઘ ચાર દિવસે સંપન્ન થયો.

પદયાત્રાસંઘ બાદ બીજા જ દિવસથી શરૂ થયો ભાયંદરનિવાસી યુવામુમુક્ષુ કુ. ઋત્વીબેન દક્ષેશભાઇ શાહ (વર્ષ-૨૩)નો દીક્ષામહોત્સવ. વિવિધ મહાપૂજનો-અષ્ટોત્તરીમહાભિષેક - જાજરમાન વર્ષીદાનયાત્રા વરઘોડો - ભવ્ય વિદાય સમારોહ બાદ કા.વદિ તેરશે ઊગતા સૂરજની સાખે તેઓનો પ્રવજ્યાપ્રદાન સમારોહ સિદ્ધગિરિરાજની પુણ્યવંતી ભૂમિ ઉપરના સમવસરણમહામંદિરના ધર્મસંકુલમાં યોજાયો. યુગદિવાકર સમુદાયમાં આ સર્વપ્રથમ પ્રસંગ હતો કે જેમાં દીક્ષાવિધાન સિદ્ધગિરિરાજની પવિત્રતમ પુણ્યભૂમિની ઉપર થયું હોય! ભાગ્યવંતા મુમુક્ષુને પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ. રૂપે ઘોષિત કરી તેઓને પૂ.સા.શ્રી વિશ્વરત્નાશ્રીજી-વિશ્વમિત્રાશ્રીજી મ.ના પરિવારના પૂ.સા.શ્રી પ્રિયમિત્રાશ્રીજી મ.ના શિષ્યા કરાયા હતા.

તે પછી ઉપસ્થિત થયો ઉપધાનતપમાળારોપણનો મહોત્સવ. શાનદાર તપસ્વીવરઘોડો-તે જ દિવસે પૂ.સા.શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ. ના ભદ્રતપનો

સમાપનસમારોહ-મહાપૂજા-બાદશાહી સન્માનસમારોહ બાદ ત્રણ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે માળમહોત્સવ યોજાયો 'શત્રુંજય સૂર્યોદયધામ'ની નવસંપાદિત પુણ્યભૂમિ પર. એકદમ સમયબદ્ધ યોજાયેલ આ માળાપરોપણસમારોહ દરમ્યાન શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલની મુખ્ય શિલાઓની ઉછામણી થતાં દરેક ઉછામણી માતબર થઈ હતી. તે પછી પ્રત્યેક ઉપધાનતપસ્વીને પૂજ્યશ્રીના વરદ હસ્તે માળારોપણ કરાયું હતું.

ઉપધાનમાળારોપણના બીજા જ દિવસે પૂજ્યશ્રીનો વિહાર દ્વિતીય પદયાત્રાસંઘ નિમિત્તે અયોધ્યાપુરમ્તીર્થ તરફ થયો. આ પદયાત્રાસંઘમાં અન્ય તમામ આયોજનો તથા સંખ્યાદિ પૂર્વના સંઘ જેવા હતા. આ સંઘના સંઘપતિશ્રીનું ઔદાર્ય એવું હતું કે દરેક સ્થળે સાધારણ દાન લખાવવામાં તેઓ એક જ વાક્ય ઉચ્ચારે : ''સાહેબજી જે ફરમાવે તે દાન કરીશ. મારે ક્યાં ય આંક બોલવાનો જ નથી. કેમ કે આ સંઘ સાહેબજીની કૃપાનું પરિણામ છે.'' આ એ સંઘપતિ હતા કે જેમણે શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલમાં સર્વપ્રથમ લાભ શ્રાવકઉપાશ્રયના મુખ્ય નામાંકનનો લઈ મંગલાચરણ કરાવ્યું હતું. હવે યોજાયો વડોદરાનિવાસી યુવામુમુક્ષુ શ્રી શ્રીરાજકુમાર ચિરાગભાઈ શાહ (વર્ષ-૧૯)નો શાનદાર પ્રવ્રજ્યા-મહોત્સવ. દ્વિતીય પદયાત્રાસંઘની શાનદાર પાલિતાણાપ્રવેશયાત્રાની સાથે જ એમનો ભવ્યાતિભવ્ય વર્ષીદાનયાત્રા-વરઘોડો યોજાયો. હાથીની અંબાડીએ આરૂઢ થઈ નિયત સ્થળે જ વર્ષીદાન આપનાર યુવામુમુક્ષુનો સર્વ મહોત્સવકાર્યક્રમ સરસ સંપન્ન થયા બાદ માગશર શુદિ તેરશે ગિરિરાજ પર તીર્થમાળ અને ચૌદશના પુણ્યદિને એમનો દીક્ષાસમારોહ પણ શ્રી સિદ્ધગિરિરાજ ઉપર જ યોજાયો. સ્થળ હતું સમવસરણ-મહામંદિરની બરાબર સન્મુખનું બાબુનું દેરાસર.

૧૩૦ વર્ષ પ્રાચીન આ જિનાલયના પરિસરમાં મુમુક્ષુની દીક્ષાનો સમારોહ આ સર્વપ્રથમ વાર જ યોજાયો હતો. બન્યું હતું કે બાબુદેરાસરના પરિસરમાં પૂજ્યપાદ પરમગુરુદેવ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ગુરુમંદિરની પ્રતિષ્ઠાનો નિર્ણય થયો હતો. તેનું શુભ મુહૂર્ત આજનું-માગશર શુદિ ચૌદશનું જ હતું. એથી એક તરફ ગુરુમંદિરની પ્રતિષ્ઠા, બીજી તરફ શ્રીરાજકુમારની દીક્ષા, ત્રીજી તરફ નૂતન પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.ની વડીદીક્ષા અને ચોથી

તરફ વર્ધમાનતપની ૧૦૦મી ઓળીના પારણામહોત્સવની આમન્ત્રણ-પત્રિકાનો આલેખનવિધિ : આ ચારે ય ધર્મકાર્યો બાબુ જિનાલયપરિસરમાં મંડપરચના સાથે યોજાયા. ભાવિકોની ભરચક ઉપસ્થિતિ વચ્ચે મુમુક્ષુને રજોહરણપ્રદાનાદિ થયા બાદ અંતે તેઓને પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. નૂતન મુનિ શ્રી શાશ્વતરત્નવિજયજી મ. રૂપે ઘોષિત કરાયા. દીક્ષાવિધાન દરમ્યાન જ ગુરુમંદિરપ્રતિષ્ઠા-વડીદીક્ષાવિધિ-પત્રિકાલેખનાદિ સર્વ પ્રસંગો સંપન્ન થયા.

આ ચારે ય ધર્મકાર્યોના મહોત્સવ બાદ તુર્ત પૂજ્યશ્રીનો વિહાર થયો ઘોઘાતીર્થ તરફ. ત્યાંથી પ્રભુપાર્શ્વજન્મપર્વે શત્રુંજયમહાતીર્થનો અક્ષરશઃ ઐતિહાસિક પદયાત્રાસંઘ યોજાયો. પદયાત્રાસંઘના યાત્રિકોની સંખ્યા હતી ૧૨૯૦. યાત્રિકો માટે વ્યવસ્થા હતી Swiss tentsની. જેની રોજેરોજની વ્યવસ્થા કઠિનતમ હોય તે આ Swiss tentsની વ્યવસ્થા આઠે ય દિવસ જરા ય મુશ્કેલ ન બની. યાત્રિકોની Generation 80% ૨૨ થી ૫૦ વર્ષના વયજૂથની હતી. જે પ્રમાણમાં ખૂબ અલ્પ મળે. સંઘપતિ અને યાત્રિકો મહદંશ રાજસ્થાની હતા, જ્યારે નિશ્રાદાતા આપણા પૂજ્યશ્રી ગુજરાતી હતા. એમનાં પ્રવચનો ય ગુજરાતી ભાષામાં થતા. છતાં પ્રથમ જ દિવસે પ્રવચનનો માહોલ એવો જામી ગયો કે આઠે ય દિવસ વિરાટ પ્રવચનમંડપ Before time છલોછલ રહેતો. ઘોઘાતીર્થના અને શત્રુંજયતીર્થાધિરાજના રસપ્રદ ઈતિહાસોની સાથે Heart touch શાયરીઓ-સુવાક્યો-દૃષ્ટાંતોની જાણે છોળો ઊછળતી. સંઘપતિનો ઉલ્લાસ એવો અદ્‌ભુત હતો કે તમામ ૧૨૯૦ યાત્રિકોને સુવર્ણની Chainની પ્રભાવના-વિશિષ્ટ Kits વગેરે મળી પ્રત્યેકને રૂા. ૨૮ હજારની પ્રભાવના કરાઈ! પૂજ્યશ્રીની નિશ્રાના પદયાત્રાસંઘોમાં આવું ઔદાર્ય આ સર્વપ્રથમ હતું. આ ઉપરાંત માર્ગના દરેક ગામોમાં સાધારણનાં-જીવદયાનાં લાખો રૂપિયાનાં દાનો અલગ. સંઘ તો Extraordinary હતો જ. પરંતુ સંઘનો પાલિતાણાનગર-પ્રવેશ પણ એવો જ Extraordinary હતો. પ્રવેશ સામૈયામાં ૧૦/૧૦ તો ગજરાજ હતા. આ ઉપરાંત બેન્ડો-મંડળીઓની હારમાળાઓ અલગ. આ વર્ષે શત્રુંજયમહાતીર્થે યોજાયેલ સર્વ સંઘોમાં આ પદયાત્રાસંઘ ઔદાર્યની અને વ્યવસ્થાની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ હતો. આ સંઘની તીર્થમાળ ગિરિરાજ પર સાનંદ સંપન્ન થઈ.

હવે એક તરફ સામૂહિક નવાણુયાત્રા તીર્થમાળવિધાનાદિ સાથે સંપન્ન થઈ. તો બીજી તરફ ઉપસ્થિત થયો પૂ. સુદીર્ઘતપસ્વિની સા. શ્રી ધ્યાનરસાશ્રીજી મ.નો

વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનો સમાપનમહોત્સવ. ત્રિદિવસીય અર્હદ્‌મહાપૂજન-અન્યાન્ય અનુષ્ઠાનો-તપોવંદનાદિ કાર્યક્રમ બાદ પારણાદિને ભવ્ય તપોયાત્રા-વરઘોડો યોજાયો. તે પછીની ધર્મસભામાં પૂજ્યો દ્વારા વર્ધમાનતપની વિશિષ્ટતાઓ સાથે તપસ્વીની સરસ ઉપબૃંહણા થઇ. તે પછી આવ્યો ચોથો અને શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો અંતિમ સંઘ. આ પદયાત્રાસંઘ પણ ઘોઘાતીર્થથી જ આરંભાયો. પરંતુ પૂર્વના સંઘ કરતા આનો **Root** અલગ લેવાયો હોવાથી સંયમીભગવંતોને નવા નવા ગામ-નગરોના જિનાલયોનો લાભ મળ્યો. આ સંઘની યાત્રિકસંખ્યા હતી સાતસો પચાસ. આ સંઘના પ્રથમ જ દિને પૂ. નૂતન મુનિરાજ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.નું વડીદીક્ષાવિધાન સુંદર માહોલમાં થયું. અનેકવિધ સુંદર વ્યવસ્થાઓ-સંઘપતિ દ્વારા ઔદાર્યભર્યા સાધારણાદિદાનો અને પ્રવચનોના જબરજસ્ત માહોલ સાથેના આ પદયાત્રાસંઘનો પાલિતાણાનગરપ્રવેશ થયો પોષ વદિ તેરશ પ્રભુ આદિનાથદાદાના પવિત્ર નિર્વાણકલ્યાણક-દિને. એ જ દિવસે મહાન કાર્ય થયું શત્રુંજય સૂર્યોદયધામધર્મસંકુલના તમામ વિભાગોના મળી કુલ ૧૫૩ શિલાઓના સ્થાપનાસમારોહનું.

વહેલી પ્રભાતથી તે સ્થાને નવગ્રહાદિપૂજનઅનુષ્ઠાન પૂજ્યશ્રીના સંયમીવૃંદની નિશ્રામાં આરંભાઇ ચૂક્યું હતું. બરાબર સવા આઠ કલાકે પૂજ્યશ્રી ભવ્યાતિભવ્ય સામૈયાપૂર્વક તમામ સાતસો પચાસ પદયાત્રિકો સાથે ધર્મસંકુલમાં પધાર્યા. ૧૦૦થી વધુ શ્રમણ-શ્રમણીભગવંતો, અનેક દાનવીર ગુરુભક્તો સહિત લગભગ બે હજાર ભાવિકો અને નયનરમ્ય સંગીતસૂરાવલિ વચ્ચે મન્ત્રોચ્ચારપૂર્વક તમામ શિલાઓની સ્થાપનાવિધિ થઇ ત્યારે ગગનભેદી મન્ત્રોચ્ચારોથી ગિરિરાજ અને ગગનાંગણ સુદ્ધા ગુંજી ઊઠ્યા. તે પછીનાં પ્રવચનમાં પૂજ્યશ્રીએ મનોરથરૂપે માત્ર વિચાર રજૂ કર્યો કે ‘‘પ્રભુ-ગુરુકૃપા વરસી રહી છે. માટે જ કોઇ વિચાર ન હોવા છતાં આવું વિરાટ ધર્મસંકુલ અચાનક નક્કી થયું અને ભૂમિસંપાદન-ખનન-શિલાન્યાસ-**Plan passing** જેવાં કાર્યો પણ જાણે આંખના પલકારમાં થઇ ગયા. દાનની વર્ષા પણ ચમત્કાર ગણાય એટલી ઝડપથી થઇ છે. જો ત્રણ ચાતુર્માસમાં સમગ્ર સંકુલ તૈયાર થઇ જાય તો તે પછીના વર્ષે અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ઉપરાંત પ્રથમ સામૂહિક ચાતુર્માસ-ઉપધાનતપ-સામૂહિક નવાણુંયાત્રા વગેરે આયોજનો આ ધર્મસંકુલમાં જ કરવાં. અને જો ચાર ચાતુર્માસમાં થાય તો તે પછીના વર્ષે આ તમામ આયોજનો કરવાં.’’

યોગાનુયોગ એ વર્ષો પૂજ્યશ્રીના સંયમજીવનનાં ૫૦માં/૫૧માં વર્ષો હોવાથી ગુરુભક્તોએ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ આપીને તુર્ત જ ત્રણે ય મોટાં આયોજનોનો લાભ લઇ લીધો. એક જ પરિવાર તરફથી સમગ્ર સામૂહિક ચાતુર્માસ, એક જ પરિવાર તરફથી સંપૂર્ણ ઉપધાનતપ અને એક જ પરિવાર તરફથી સમગ્ર સમૂહ નવાણુંયાત્રા ! આમાં એક પણ બાબત પૂર્વઆયોજિત ન હતી. અચાનક જ વિચાર રજૂ થયો અને અચાનક જ લાભોની જય બોલાઇ ગઇ! પ્રભુ-ગુરુકૃપાનો એ પુણ્યપ્રભાવ હતો. આ જ સમારોહમાં પૂ. તપસ્વિની સા.શ્રી ભાવવર્ષાશ્રીજી મ. ના શ્રેણિતપપારણાનો કાર્યક્રમ પણ સંપન્ન થયો. બીજા દિવસે ગિરિરાજ પર તીર્થમાળવિધાન બાદ એક દિવસના અંતરે પૂજ્યશ્રીની વિહારયાત્રા શરૂ થઇ. એ પૂર્વે, સળંગ સાત માસ પાલિતાણાની પુણ્યભૂમિમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ઉપરોક્ત અદ્ભુત આરાધનાઓની-શાસનપ્રભાવનાઓની અખંડ શૃંખલા સર્જાઇ.

મહા શુદિ એકમે શરૂ થયેલ પૂજ્યશ્રીની વિહારયાત્રા શંખેશ્વરતીર્થના પદયાત્રાસંઘ માટે હતી. માત્ર પંદર દિવસમાં ઉગ્ર વિહાર સાથે પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા વિરમગામ નિકટના Highway touch શ્રી નાગેશ્વરપાર્શ્વનાથ-ધર્મધામતીર્થે. પૂજ્યશ્રીના ગુરુદેવની પ્રેરણાથી સર્જાયેલ આ વિહારધામની સંપૂર્ણ કાયાપલટ માત્ર ચાર માસમાં કરાઇ હતી. આલીશાન બે નૂતન ઉપાશ્રયોનું સંપૂર્ણ નવનિર્માણ, પૂ. સંયમીભગવંતોની વૈયાવચ્ચ અને વિહારસેવકોની સ્થિરતા માટે નૂતન વૈયાવચ્ચભવનનિર્માણ તેમજ જિનાલય-સુશોભનીકરણ થઇ ગયા બાદ આજે તેનો પ્રતિષ્ઠા-ઉદ્ઘાટન સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. સમગ્ર પુનરુદ્ધાર તથા કાયમી વૈયાવચ્ચનો લાભ એક જ ગુરુભક્ત પરિવારે લીધો હતો. તેમના હસ્તે જિનાલયમાં શ્રી નેમિનાથપ્રભુની તથા દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા તેમજ નવનિર્મિત ધર્મસંસ્થાનોનાં ઉદ્ઘાટન થયાં.

ત્યાંથી પૂજ્યશ્રી પધાર્યા શ્રી ભોંયણીતીર્થે. આ વર્ષનો કુલ પાંચમો પદયાત્રાસંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં અહીંથી પ્રારંભાયો. સિત્તેર સંયમીભગવંતો, ચારસો પચાસથી વધુ યાત્રિકો અને સિદ્ધગિરિરાજના સંઘો જેવી જ સુચારુ વ્યવસ્થા ધરાવતા આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીની પ્રવચનધારા વહી શ્રી શંખેશ્વરપ્રભુના ઇતિહાસ પર. પ્રવચનો અને ભક્તિસંધ્યાની જમાવટ સાથેના આ સંઘનું તીર્થમાળવિધાન

શંખેશ્વરમહાતીર્થે થયા બાદ પૂજ્યશ્રીએ વધુ ત્રણ દિવસની સ્થિરતા કરી શ્રી શંખેશ્વરદાદાની વિશિષ્ટ ભક્તિ કરી. કુલ પાંચ દિવસની શ્રી શંખેશ્વરપ્રભુજીની ભક્તિ પછી હવે પૂજ્યશ્રીની વિહારયાત્રાએ કચ્છની દિશા સ્વીકારી.

લગભગ દશેક વર્ષથી પૂજ્યશ્રીનાં અંતરમાં એ ભાવ રમતા હતા કે યોગ આવે ત્યારે કચ્છના પ્રાયઃ કોઈ ગામ બાકાત રાખ્યા વિના સમગ્ર કચ્છની તીર્થયાત્રા કરવી. એથી સાડા ત્રણ માસનો સમય ફાળવીને પૂજ્યશ્રીએ એ તરફનો વિહાર આરંભ્યો. બાવીશ શ્રમણભગવંતો, સોળ શ્રમણીભગવંતો અને દીક્ષાર્થીઓ વગેરે સહિતની એ વિહારયાત્રામાં **લગભગ બસો પચીશથી અધિક જિનાલયોનાં દર્શન-ચૈત્યવંદન-સંધ્યાભક્તિ-યથાશક્ય વિશિષ્ટ જાપ,** લગભગ દરેક સ્થળે સામૈયાં-પ્રવચનો અને ઘણા સ્થળે સંઘનવકારશીઓ, પોતાના ગામોમાં ગુરુદેવની પધરામણી પ્રસંગે મુંબઈના ગુરુભક્તોની ઉપસ્થિતિ અને સામૈયાં-નવકારશી આદિ લાભો, રાધનપુર-ભદ્રેશ્વરજી-વાંકી જેવા વિશિષ્ટ તીર્થોમાં બે બે દિવસની પ્રભુભક્તિ, સંયમી ભગવંતો માટે નિત્ય એકાંતર વાચનાઓ, ઉગ્ર વિહારો છતાં શ્રમણભગવંતોમાં ૭૭/૭૫ જેવી મોટી વર્ધમાનતપઓળી-એકાંતર વીશસ્થાનક ઉપવાસો, શ્રમણી ભગવંતોમાં સળંગ સાતસોથી વધુ આયંબિલ-ઓળીઓ આદિ તપશ્ચર્યાઓ અને પંચમ કર્મગ્રન્થાદિના અર્થો-સંસ્કૃત ચરિત્રવાચનાદિ અભ્યાસ પણ જારી રહ્યો.

કચ્છની એ યાત્રા બાદ જેઠ શુદિ-૧૨ના પૂજ્યશ્રી આદિ ૮૮ સંયમી-ભગવંતોનો અમદાવાદશહેરનો નગરપ્રવેશ અમદાવાદના વિવિધ જૈન સંઘોના ઉપક્રમે અઢળક વિશેષતાયુક્ત વિરાટ સ્વાગતયાત્રા સાથે શાનદાર સ્વરૂપે થયો. તે પછી અમદાવાદના વિવિધ સંઘોમાં સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી-પ્રવચનો, સામૂહિક માસક્ષમણોની પ્રેરણાઓ, (૧) પંકજ જૈન સંઘ (૨) આંબાવાડી જૈન સંઘ (૩) ઓપેરા જૈન સંઘ (૪) નવકાર-વાસણા જૈન સંઘ (૫) ગૌતમ જૈન સંઘમાં શ્રમણ-શ્રમણીભગવંતો ઉભયના ભવ્ય ચાતુર્માસપ્રવેશો અને અન્યત્ર શ્રમણી ભગવંતોના ચાતુર્માસપ્રવેશો થયા. તેમાં પંકજ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશદિને, યુવામુમુક્ષુ કુ. જૈની શાહ (વર્ષ-૧૫)ને પૂજ્યશ્રીના શ્રીમુખેથી દીક્ષામુહૂર્ત પ્રદાન થયું હતું. **સંયમીભગવંતોના કુલ પચીશ વૃંદોના ચાતુર્માસપ્રવેશ પચીશ સ્થાનોમાં** થયા. તેમાં શ્રી ધર્મવિહાર જૈન સંઘ-પાલડીમાં ચાતુર્માસ-પ્રવેશ સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી

નવનિર્મિત શિખરબદ્ધ જિનાલયના નૂતન શ્રી જિનબિંબાદિનો પણ ભવ્ય સામૈયાં સાથે નગરપ્રવેશ યોજાયો.

શ્રમણભગવંતોનાં ચાતુર્માસમાં દરેક સંઘોમાં વિશાલમેદની સમક્ષ પ્રવચનો-રવિવારીય યુવાશિબિરો-અનુષ્ઠાનો-રાત્રિપ્રવચનોની હારમાળા સર્જાઇ છે. આષાઢ વદિ છઠના સામૂહિક માસક્ષમણપ્રારંભના મંગલદિને પ્રથમ પચ્ચક્ખાણનો સમારોહ યોજાતાં 2700 ભાવિકો અટ્ઠમ અને તેથી વધુ ઉપવાસમાં જોડાયા અને હાલમાં 840 ભાવિકો નિર્વિઘ્નપણે માસક્ષમણપૂર્ણતા તરફ અગ્રેસર છે. તમામ તપસ્વીઓનો સંયુક્ત ઐતિહાસિક શાનદાર વર્ષીદાનયાત્રાવરઘોડો-Riverfront પર હજારોની મેદની વચ્ચે તમામ તપસ્વીઓનો પારણા સમારોહ-દરેક તપસ્વીનું સુવર્ણહારથી બહુમાન ઇત્યાદિયુક્ત ભવ્યાતિભવ્ય માસક્ષમણસમાપન મહોત્સવ આયોજિત થયો છે. આ સાથે નવ વર્ષોમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કુલ માસક્ષમણ 3198 થયા છે.

આવી સાતત્યસભર શાસનપ્રભાવનાશ્રેણિ અને પોતાની નિત્યની વિશેષ આરાધનાઓ વચ્ચે પણ પૂજ્યશ્રીએ સાહિત્યસર્જનની ધારા અખંડ રાખી હોવાથી અમે આજના પુણ્યદિને પૂજ્યશ્રીના 105 થી 109 ક્રમાંકના પુસ્તકોનું પ્રકાશન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. આ સાથે ધર્મકૃપાપ્રકાશનનો કુલ Mile Stone 198 થી 202 ક્રમાંકનો થયો છે અને માત્ર ત્રણ વર્ષોમાં તે આંક 265 ની માતબર સંખ્યાએ પહોંચશે. જે અમારા માટે ગૌરવપ્રદ બીના છે. આ પુસ્તકનાં વાંચન-મનનથી વાચકો શુભના શિખરો સર કરે એ જ અભ્યર્થના.

વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ
} - ધર્મકૃપા ટ્રસ્ટ

# વિ ... ષ ... ય ... દ ... ર્શ ... ન


૧ તુભ્યં ભગવતે નમ: — ૧ થી ૧૦

૨ પ્રિય યોગથી પ્રિયતમ અયોગ તરફ — ૧૧ થી ૨૪

૩ આગમનાં અજવાળાં — ૨૫ થી ૪૨

૪ આગમોદ્ધારકનાં અજવાળાં — ૪૩ થી ૫૦

૫ 'પંચસૂત્ર'નું પરમૈશ્વર્ય : — ૫૧ થી ૬૬

૬ 'તર્કાવતાર'નાં તેજકિરણો ... — ૬૭ થી ૭૬

૭ જગતની Supreme Court : કર્મ — ૭૭ થી ૮૨

૮ કર્મનાં મર્મ — ૮૩ થી ૯૨

૯ શાસનશણગાર સૂરીશ્વર — ૯૩ થી ૧૦૦

૧૦ અવધૂતની આંતર અમીરાત — ૧૦૧ થી ૧૧૦

૧૧ ધર્મકથા... હરો કર્મની વ્યથા — ૧૧૧ થી ૧૧૬

૧૨ મંગલ મનઃકામના — ૧૧૭ થી ૧૨૦

१

# तुभ्यं भगवते नमः

કલિકાલ સર્વજ્ઞ પૂજ્યપ્રવર શ્રીમાન્ હેમચન્દ્રાચાર્યે એમની અદ્ભુત ભક્તિયોગકૃતિ 'વીતરાગસ્તોત્ર'ના ૧૧મા પ્રકાશમાં એક સદાબહાર ભક્તિછલકતો શ્લોક આ ફરમાવ્યો છે કે :-

શમોઽદ્ભુતોઽદ્ભુતં રૂપં, સર્વાત્મસુ કૃપાઽદ્ભુતા।
સર્વાઽદ્ભુતનિધીશાય, તુભ્યં ભગવતે નમઃ।।

આમાં એમ જણાવાયું છે કે પ્રભુ! તમારી ક્ષમા અદ્ભુત-તમારું રૂપ અદ્ભુત અને તમારી કૃપા ય અદ્ભુતઃ લાગે છે કે જગતની તમામ અદ્ભુતતાના ખજાનાનું સ્વામીત્વ નાથ! તમને વર્યું છે.

હૃદયની ઊંડાણભરી ભક્તિમાંથી પ્રગટેલા આ શબ્દો વાસ્તવિકતાને પણ એટલા જ સચોટ સ્પર્શીને રહ્યા છે. જરા ચકાસીએ આપણે વાસ્તવિકતાની ભૂમિકાએ એ શ્લોકની રજૂઆતોને :

શ્લોક કહે છે કે પ્રભુ! તમારી ક્ષમા અન્યો કરતાં કાંઈક નોખી-સાવ અનોખી છે. ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુનાં સાધનાજીવન પર દૃષ્ટિપાત કરતાં આ બાબત સર્વથા સત્ય ભાસે. એક ચિંતકે પ્રભુના 'મહાવીર' નામમાં રહેલ ચાર અક્ષર પરથી, ચાર પ્રથમાક્ષર ધરાવતાં ચાર બિરુદ આપીને પ્રભુની ક્ષમાને બિરદાવતાં લખ્યું છે કે ''પ્રભુની ક્ષમા મહાન છે-હાર્દિક છે-વીર છે અને રસાળ છે. જેમને ચપટીમાં ચોળી શકાય એમ હતું તેવી ક્ષુદ્ર વ્યક્તિઓની પણ હેરાનગતિઓને શક્તિ-સામર્થ્ય હોવા છતાં ય પ્રભુએ સ્વેચ્છાએ સહી લીધી માટે એમની ક્ષમા મહાન છે, તો સંગમ જેવા અધમ અપરાધીનું પણ પ્રભુએ હૃદયપૂર્વક હિત ચિંતવ્યું હતું માટે એમની ક્ષમા હાર્દિક છે; અત્યંત ઘોરાતિઘોર ઉપસર્ગોની ઝંઝાઝડી વચ્ચે ય જરા પણ પીછેહઠ કર્યા વિના વીર સુભટની અદાથી પ્રભુ અડગ રહ્યા માટે એમની ક્ષમા વીરતાસભર છે, તો શત્રુને ય મિત્ર માનીને ચાલવાની રસાળતા પ્રભુમાં વિલસતી હોવાથી એમની ક્ષમા રસાળ છે. આ ચાર વિશેષતાઓ નિઃશંકપણે પ્રભુની ક્ષમા અદ્ભુત સ્તરની હોવાનું દર્શાવવા સક્ષમ છે.

જેવી પ્રભુની ક્ષમા અદ્‌ભુત છે, એવું જ પ્રભુનું રૂપ અદ્‌ભુત છે. એમનાં રૂપની અદ્‌ભુતતાનો આવિષ્કાર પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે એમની 'અંતરીક્ષપાર્શ્વજિનસ્તવના'માં આ પંક્તિ દ્વારા બહુ મસ્ત રીતે કર્યો છે કે :-

**કોટિ દેવ મિલ કે કર ન શકે, એક અંગુષ્ઠ-રૂપ પ્રતિછંદા;**
**ઐસો અદ્‌ભુત રૂપ તિહારો, બરસત માનું અમૃત કે બુંદા...**

તો પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજે એમની શ્રેષ્ઠ ભક્તિકૃતિ 'ભક્તામરસ્તોત્ર'ના ૧૨મો શ્લોક **'यैः शान्तराग०'** માં આ ભાવની કાબિલેદાદ કલ્પના કરી છે કે પ્રભુ! આ વિશ્વમાં શાંતરસના અદ્‌ભુત પરમાણુઓ જેટલા હતા તે તમામ આપના દેહમાં જ સંક્રાન્ત થઈ ગયા છે. એવા ઉત્કૃષ્ટ પરમાણુઓ **Raw-Material** રૂપે દુનિયાભરમાં ક્યાં ય બચ્યા નથી. માટે પ્રભુ! આપનું રૂપ વિશ્વભરમાં એકમેવ-અજોડ-બેમિસાલ છે ! પ્રભુના રૂપની અદ્‌ભુતતાને વર્ણવવા આનાથી ઉચ્ચ કલ્પના અન્ય શી હોઈ શકે?

અને... પછી 'વીતરાગસ્તોત્ર'ના પૂર્વોક્ત શ્લોકમાં પ્રભુની કૃપાનો ઉલ્લેખ કરતાં જણાવાયુ કે જીવમાત્ર પરની એમની કૃપા-કરુણા ય અદ્‌ભુત છે. શ્રીમંતની કૃપા નિર્ધનને ધનવાન કરે, મહારાજાની કૃપા સેવકને ધનવાન કરે, ગુરુની કૃપા શિષ્યને પ્રજ્ઞાવાન કરે, પરંતુ પ્રભુની કૃપા તો ભક્તને ખુદ ભગવાન બનાવી દે! એટલે જ બહુ યથાર્થ પદાર્થ આ કાવ્યકંડિકામાં પ્રસ્તુત કરાયો છે કે :-

**पारस और प्रभुमें, बडा अंतर जान।**
**एक लोहा कंचन करे, बीजा आप समान।।**

ભક્તને આપ સમાન-ભગવાન બનાવી દેવાની બેજોડ ક્ષમતા પ્રભુની કૃપા-કરુણામાં નિહાળીને જ પૂજ્યપાદ મોહનવિજયજી મહારાજે ઊલટભેર ગાયું છે ને કે :-

**કરુણાદષ્ટિ કીજે રે સેવક ઉપરે,**
**ભવોભવ ભાંવઠ ભાંગે ભક્તિપ્રસંગ જો...**

પ્રભુની ત્રણ અદ્ભુતતાને એક ઝલકરૂપે એ શ્લોકમાં દર્શાવીને પછી શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યે વાતને પૂર્ણ કરી દેતા જણાવ્યું કે પ્રભુ! આપ તો તમામ અદ્ભુતતાના ખૂટે નહિ એવા ખજાનાસ્વરૂપ છો...

શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યે પ્રભુની જે વિશેષતાઓને ઉપરોક્ત શ્લોકમાં સંક્ષેપમાં રજૂ કરીને પૂર્ણ કરી લીધી છે એને પૂજ્યપાદ તાર્કિકશિરોમણિ કવિકુલશેખર આચાર્યપ્રવર શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજે આ 'વર્ધમાન શક્રસ્તવ' કૃતિમાં ખૂબ વિસ્તારથી પરિસ્ફુટ કરી છે. અગિયાર પ્રકાશ (વિભાગ) અને મન્ત્રરહસ્યગર્ભિત એક-બે નહિ બસો તોંતેર અદ્ભુત વિશેષણોની કર્ણમધુર-મનોહર હારમાળા ધરાવતા આ 'વર્ધમાન શક્રસ્તવ'માં, એક રીતે વિચારીએ તો કૃતિકાર મહર્ષિએ પ્રભુની અદ્ભુતતાનો ખજાનો વિશેષણોનાં માધ્યમે ભક્તજગત સમક્ષ ખુલ્લો મૂકી દીધો છે. એમ કહેવા દિલ લાલાચિત થઈ જાય છે કે ભક્તામરસ્તોત્ર માટે જેમ એના કર્તા દ્વારા '**स्तोत्रस्रजं**' (સ્તોત્રનો પુષ્પહાર) શબ્દપ્રયોગ કરાયો છે, એમ આ કૃતિ માટે-એના પ્રત્યેના આદરની અભિવ્યક્તિ માટે આપણે '**विशेषणस्रजं**'(વિશેષણોનો પુષ્પહાર) જેવો રમણીય શબ્દપ્રયોગ કરી શકીએ. આમાં એક નહિ, તમામે તમામ વિશેષણપુષ્પો એવી સૌરભ પ્રસરાવી રહ્યાં છે એનું આકર્ષણ આખરે પ્રભુ પ્રત્યે પરમ આકર્ષણ સર્જ્યા વિના ન રહે.

આવો, આપણે આ 'વર્ધમાન શક્રસ્તવ'નાં જ કેટલાંક ઝલકરૂપ વિશેષણપુષ્પોની આછી મહેંક માણીએઃ

* **समूलोन्मूलितानादिसकलक्लेशाय** → ક્યાંક કામરાગજન્ય ક્લેશ છે, તો ક્યાંક સ્નેહરાગજન્ય ક્લેશ છે; ક્યાંક દષ્ટિરાગજન્ય ક્લેશ છે, તો

ક્યાંક જડપદાર્થની આસક્તિજન્ય ક્લેશ છે; ક્યાંક અહંકારજન્ય દ્વેષના ક્લેશ છે, તો ક્યાંક વૈરજન્ય દ્વેષના ક્લેશ છે; ક્યાંક ઈર્ષ્યાજન્ય દ્વેષના ક્લેશ છે, તો ક્યાંક અર્થજન્ય દ્વેષના ક્લેશ છે. આ અને આવા આવા તમામ ક્લેશો જીવની સાથે અનાદિકાલથી સંલગ્ન રહ્યા છે એ સંકલેશો જીવને સતત વિકલ્પગ્રસ્ત-દુઃખત્રસ્ત બનાવતા રહ્યા છે. પ્રભુએ એ અનાદિકાલીન ક્લેશોને એવાં મૂળમાંથી ઉચ્છિન્ન કરી દીધા છે કે હવે એમનામાં ક્લેશનો અંશ પણ પાંગરવાની કોઇ આછી ય શક્યતા બચી નથી!

એવું અદ્ભુત આ વિશેષણ છે કે શ્રીમાન સિદ્ધસેનદિવાકરસૂરિજીના ઉત્તરવર્તી કલિકાલસર્વજ્ઞ શ્રીમાન હેમચન્દ્રાચાર્યે એમના 'વીતરાગસ્તોત્ર'ના પ્રથમ પ્રકાશમાં જ આ વિશેષણનો ભાવ ઝીલીને આ પદ્ય પંક્તિ રચી છે કે :- ''सर्वे येनोदमूल्यन्त समूलाः क्लेशपादपाः''. માત્ર આ જ વિશેષણ શા માટે? વર્ધમાન શક્રસ્તવના પ્રારંભિક ભાગમાં પ્રસ્તુત થયેલ ''परमात्मने परमज्योतिषे-परमपरमेष्ठिने-सदोदितादित्यवर्णाय- तमसः परस्तात्-भुर्भुवः स्वस्त्रयीनाथमौलिमन्दारमालार्चितक्रमाय-सकलपुरुषार्थयोनिनिरवद्यविद्याप्रवर्तनैकवीराय-भवद्भाविभूतभावावभासिने-विज्ञानानन्दपरब्रह्मैकात्म्यसात्म्यसमाधये-सम्यक्श्रद्धेयाय-सम्यग्-ध्येयाय-सम्यक्शरण्याय'' આ તમામ વિશેષણો વીતરાગસ્તોત્રના પ્રથમ પ્રકાશની અલગ અલગ શ્લોકપંક્તિઓમાં અલગ અલગ રૂપે ઝિલાયા છે. એમ ચોક્કસ અનુમાન કરી શકાય કે વીતરાગસ્તોત્રના પ્રથમ પ્રકાશની રચનાની ક્ષણે શ્રીમાન હેમચન્દ્રાચાર્યનાં હૃદયમાં પદાર્થરૂપે આ 'વર્ધમાન શક્રસ્તવ'ના ઉપરોક્ત વિશેષણો રમતા હશે!

* निर्ग्रन्थपरमब्रह्महृदयाय → ગ્રન્થિ એટલે ગાંઠ. ગાંઠ જ્યારે દોરામાં સર્જાય છે ત્યારે એ દોરો સોયમાં પ્રવેશી શકતો નથી, એમ ગાંઠ જ્યારે આત્મામાં સર્જાય છે ત્યારે એ આત્મા મોક્ષમાં પ્રવેશી શકતો નથી.

આત્માની ગાંઠો છે મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાયો-યોગો અને આઠે ય પ્રકારનાં કર્મો. પરમાત્મા આ તમામ ગાંઠોથી સર્વથા રહિત-નિર્ગ્રન્થ વિશુદ્ધ આત્મસ્વરૂપનું હાર્દ પ્રાપ્ત કરનાર છે.

* त्रिभुवनभव्यकुलनित्योत्सवाय → સૂર્ય ઊગે છે ને કમળોનો ઉમંગ-ઉત્સવ આરંભાય છે, ચન્દ્ર ઊગે છે ને ચકોર પંખીનાં નેત્રમાં આનંદનાં અંજન અંજાય છે, વર્ષારાણી રૂમઝુમ કરતા પધારે છે ને ચાતક પંખીનાં હૈયે હર્ષની હેલિ રચાય છે. એમ પરમાત્માનું દર્શન-પૂજન-ધ્યાન-સાન્નિધ્ય સાંપડતા ભવ્ય જીવોનાં જીવનમાં પરમાનંદનું પર્વ પ્રગટે છે, એમનાં અંતર-આકાશે મહાનંદનાં મેઘધનુષ રચાય છે. કારણ એક જ કે ભવ્યાત્માને પોતાની મુક્તિનું અસાધારણ આલંબન માત્ર ને માત્ર પ્રભુ જ ભાસે છે. માટે જ તો પ્રભુપ્રાપ્તિના આનંદની પરાકાષ્ઠાએ એ ગાઇ ઊઠે છે કે :-

''જ્યોતિસ્વરૂપ તુજ રૂપ જોતાં અખય ખજાનો મળી ગયો,
મને લાગે છે કે આજ હું સંસારસાગર તરી ગયો...''

* विगतद्वन्द्वाय → દ્વન્દ્વ એટલે યુગ્મ-જોડલું. આ સૃષ્ટિમાં માનવી કેટકેટલાં દ્વન્દ્વથી ઘેરાયેલો હોય છે? ક્યાંક હર્ષ-શોકના દ્વન્દ્વ હોય છે, તો ક્યાંક સુખ-દુઃખનાં દ્વન્દ્વ હોય છે; ક્યાંક આશા-નિરાશાના દ્વન્દ્વ હોય છે, તો ક્યાંક રાગ-દ્વેષનાં દ્વન્દ્વ હોય છે. પ્રભુ તમામ દ્વન્દ્વોથી મુક્ત-નિર્દ્વન્દ્વ હોય છે ને દ્વન્દ્વજન્ય પીડાથી સર્વથા રહિત છે.

* जितमारबलाय → માર એટલે કામદેવ. આ 'માર' ના માર સામે શંકર જેવા માંધાતાઓ ભલે ટકી શકવાનું કૌવત ન દાખવી શક્યા હોય, પરંતુ પરમાત્માએ તો એ કૌવત પરાકાષ્ઠાનું દાખવીને કામદેવ પર સંપૂર્ણ વિજય હાંસલ કર્યો છે. કેવો છે એ કામ પરનો વિજય? એ જાણવા માટે ભક્તામરસ્તોત્રના ૧૫મા શ્લોક चित्रं किमत्र० પર દષ્ટિપાત કરવો જોઇએ.

ત્યાં આ ભાવનું નિરૂપણ છે કે ''સમવસરણાદિમાં ભક્તિપ્રસંગે ઊમટતી દેવાંગનાઓનું અદ્ભુત-અનુપમ-દિવ્ય સૌંદર્ય પ્રભુ! આપનાં અંતરમાં રાગની એક આછી રેખા પણ દોરી ન શક્યું એમાં કાંઇ આશ્ચર્ય નથી. પ્રલયકાલીન ઝંઝાવાત ભલે કદાચ ગામ-નગરો તબાહ કરી દે, પરંતુ શું એનાથી મેરુગિરિરાજનું એક શિખર પણ ચલિત થાય ખરું? ન જ થાય.'' પ્રભુની પૂર્ણ નિષ્કામદશાને આમાં સબળપણે રજૂ કરાઈ છે.

એક ગુણ જ્યારે સિદ્ધિની ભૂમિકા સર કરે છે ત્યારે પરિણામ એ આવે છે કે એ ગુણની અસર આસપાસની અન્ય વ્યક્તિ પર પ્રસરે. 'सिद्धिरन्यार्थसाधनम्' આ 'જ્ઞાનસાર' ગ્રન્થની વાણી છે. પ્રભુએ કામવિજયનો ગુણ પરાકાષ્ઠાની સિદ્ધિની કક્ષાનો એવો આત્મસાત્ કર્યો છે કે ભક્તાત્મા પ્રભુનાં સાન્નિધ્યમાં વાસનાથી મુક્તિનો પ્રતીતિજનક અહેસાસ કરી શકે છે. એટલે જ તો પેલા ભક્તિગીતમાં લખાયું છે કે :-

''શ્વાસ જ્યાં લઉં ત્યાં સ્વામી!, તમે હૃદયમાં આવો છો,
બૂરી બૂરી વાસનાઓ, ત્યાંથી દૂર કરાવો છો...''

અહીં યાદ કરીએ આપણે તુલસીકૃત રામાયણનો એક કાલ્પનિક પ્રસંગ કે જેમાં અન્યને નિષ્કામ બનાવવાની પરમતત્ત્વની ક્ષમતાની મજેદાર ઝલક નિહાળવા મળે છે :

લાખ વિનવણી પછી ય સીતાને વશવર્તી ન બનાવી શકવાથી નિરાશ થયેલ રાવણને કુંભકર્ણે ઉપાય દર્શાવ્યો કે ''ભ્રાતા! બહુરૂપિણી વિદ્યા તમને વરી જ છે. તો રામનું રૂપ કરીને પહોંચી જાવ ને સીતા પાસે? તરત કાર્ય થઇ જશે.'' રાવણે કપાળ કૂટતા ઉત્તર દીધો : ''અરે! એ પ્રયોગ તો મેં ક્યારનો કરી લીધો. પરંતુ તકલીફ એમાં એ થઇ કે રામનું રૂપ કરતાની સાથે જ મારામાં રહેલ કામ તે સમયે ગાયબ થઇ ગયો. પછી હું સીતા પાસે જઉં કયા કારણે?'' તુલસીજીએ આ ઘટનાના અંતે પંક્તિ લખી છે કે :-

"જહાં રામ તિહાં કામ નહિ, કામ તિહાં નહિ રામ;
તુલસી! દોનું ના રહે, રામ-કામ ઇક ઠામ..."

તુલસીજીએ આલેખેલ આ કાલ્પનિક ઘટના, રામ એટલે કે ઉપલક્ષણથી પરમતત્ત્વની નિષ્કામ બનાવવાની શક્તિની દ્યોતક છે...

* **व्यक्ताऽव्यक्तस्वरूपाय** → આ રસપ્રદ વિશેષણ એમ કહે છે કે પ્રભુનું સ્વરૂપ સર્વજ્ઞ-કેવલીભગવંતો માટે વ્યક્ત-સ્પષ્ટ છે, પરંતુ એ સિવાયના તમામને માટે એમનું સ્વરૂપ પૂરેપૂરું સ્પષ્ટ નથી-ઘણું બધું અસ્પષ્ટ છે. ભલે ને કોઇ પ્રભુને સંપૂર્ણ સમર્પિત ભાવુક ભક્ત હોય. તો ય એ પ્રભુને સંપૂર્ણપણે પામી શક્યાનો દાવો કદી ન કરી શકે. પ્રભુ એના માટે જેટલા વ્યક્ત હોય એથી અનેકગણા અવ્યક્ત હોય. એટલે જ એ તો એમ વિનંતિ કરતો રહે છે પ્રભુને કે :-

"તુજને નીરખી શકું એવી દૃષ્ટિ તું દે..
તુજને પરખી શકું એવી શક્તિ તું દે..

* **स्वयं कर्त्रे-स्वयं हर्त्रे** → વર્ધમાનશક્રસ્તવનાં આ બે વિશેષણો પ્રભુની ઉત્કૃષ્ટ પુરુષાર્થશીલતાના દ્યોતક છે. પોતાના સાધનામાર્ગને, પોતાના મોક્ષમાર્ગને એ સ્વયં કંડારનાર છે. અરે! ધર્મતીર્થને પણ એ સ્વયં સ્થાપનાર છે. અહિં યાદ આવે પ્રભુનું **सयंसंबुद्धाणं** વિશેષણ. એ જ રીતે ઘોરાતિઘોર ઉપસર્ગો કોઇની ય સહાય વિના એકલે હાથે સહન કરીને એ પોતાનાં કર્મોના સ્વયં હર્તા-હરનાર બને છે. અહિં યાદ કરવા જેવી છે સામેથી આવેલ ઇન્દ્રની સહાયનો ઇન્કાર કરનાર સાધનાકાલીન પ્રભુ વીરની જીવનઘટના.

* **असङ्कल्पितकल्पद्रुमाय** → કલ્પવૃક્ષની ત્રણ મર્યાદા હોય છે : (૧) એ યાચના કરો-સંકલ્પ કરો તો જ ફળ આપે (૨) એ માત્ર ભૌતિક

ફળ જ આપે અને (૩) એ આ લોકમાં ઉપયોગી બને એવું જ ફળ આપે. પણ પરમાત્મારૂપી કલ્પવૃક્ષ એવું અલૌકિક છે કે જે (૧) યાચના વિના-સંકલ્પ વિના જ અઢળક ઉપલબ્ધિ કરાવે (૨) ભૌતિક-આત્મિક ઉભય ફળ આપે અને (૩) આ લોકમાં જ નહિ, જન્મજન્માંતરમાં ય અનુભવાય એવું પ્રચંડ પુણ્ય-વિશિષ્ટ સદ્ગુણો આપે. આમાંની પ્રથમ વિશેષતા કે જેનો ઉલ્લેખ આ વિશેષણમાં સ્પષ્ટ છે એને નજરમાં રાખીને ભક્તાત્મા ખુમારીથી આમ ગાય છે કે :-

"તમારી ભક્તિ હો ભવોભવ, પછી શું માંગવું? જિનવર;
કરુણાદષ્ટિ હો મુજ પર, પછી શું માંગવું? જિનવર."

* **अनाथनाथाय** → અનાથ એને કહેવાય કે જે દીન-હીન હોય ને જેની સારસંભાળ કરનાર કોઇ ન હોય. જગન્નાથ પ્રભુ આવા અનાથોના પણ નાથ બનીને એમને અપ્રાપ્ત મોક્ષમાર્ગનો યોગ કરાવે છે અને પ્રાપ્ત મોક્ષમાર્ગનું ક્ષેમ-રક્ષણ કરે છે. એટલે જ ભક્તજન પ્રભુને આવા આવા શબ્દોમાં આરઝૂ કરે છે કે :-

"હું છું અનાથ મારો ઝાલજો રે હાથ...
દીન બંધુ છો પ્રભુ ! દીનોના નાથ...
તારજો ઓ પ્રભુ! ત્રિભુવનના નાથ...
વિનવું છું પ્રભુ પારસનાથ..."

સંક્ષિપ્ત વિશ્લેષણ સાથે ઝલકરૂપે દર્શાવાયેલ આ નવ વિશેષણો દ્વારા અમે એ અંગુલિનિર્દેશ કરવા ચાહીએ છીએ કે આ સ્તોત્રના બસો તોંતેર વિશેષણો કેવા અદ્ભુત-અનુપમ છે, પ્રભુના પરમસ્વરૂપના પરિચાયક છે અને પરમ પ્રભાવસંપન્ન છે. આ વિશેષણમય ભક્તિસ્તોત્રનો સચોટ મહિમા તો સ્વયં ગ્રન્થકર્તાએ જ અંતિમ અગિયાર ગમિક આલાપકોમાં ખૂબ સચોટપણે પ્રદર્શિત કર્યો છે.

ચતુર્વિધ શ્રી સંઘના ભક્તિવંત આરાધકો અને વિશેષપણે પૂજનીય સાધુ-સાધ્વીભગવંતો એનું નિત્ય પઠન કરીને, પરમની સમીપે લઇ જનારા પરમ પિતા પ્રભુની પરમ સમીપે જાય એ જ અંતરઅભિલાષા સાથે શ્રી જિનાજ્ઞા વિપરીત નિરૂપણ થયું હોય તો તેનું હાર્દિક 'મિચ્છા મિદુક્કડં'.

• • •

# ૨

# પ્રિય યોગથી પ્રિયતમ અયોગ તરફ...

હતા એ એક મર્મી સાધક. પ્રભુના એ પરમ ભક્ત તો હતા જ. ઉપરાંત એમની વૈચારિક ભૂમિકા પણ ખૂબ ઉચ્ચતર હતી. એ દેખાદેખીથી કે ગતાનુગતિક ભક્તિમાં રાચતા ન હતા. બલ્કે સમજણની અદ્દ્ભુત ગહરાઈ ધરાવતા હતા. તમામ ભક્તિ-આરાધનાનું લક્ષ્ય એમનું સ્પષ્ટ હતું, તો પ્રવૃત્તિ પણ એમની સ્પષ્ટપણે એ લક્ષ્યને અનુરૂપ પ્રતીત થાય એવી હતી.

એક વાર એમના શુભેચ્છકોએ-અનુયાયીઓએ ચર્ચા-વાર્તાલાપના માહોલમાં એમને એવો આગ્રહ કર્યો કે ''પ્રભુ પાસે માંગવાનો અધિકાર હર કોઈ ભક્તને હોય. એના જ માટે તો પ્રાર્થના છે. વિવિધ પ્રકારની પ્રાર્થનાઓ દ્વારા એના સર્જકો આખર તો ભક્તને પ્રભુ પાસે કાંઇ ને કાંઇ માંગવા જ પ્રેરિત કરે છે ને? એ **Readymade** માંગણી-પ્રાર્થના કરતા આપ પોતે જ આપની મૌલિક માંગણી કરો ને? અમે તો આજ સુધી આપનાં મુખેથી આપની એક પણ ઇચ્છા-માંગણી રજૂ થતી સાંભળી નથી. એક વાર અંતરેચ્છા પ્રભુ સમક્ષ પ્રદર્શિત કરી લો. અમે પણ જાણીએ કે આપની મનોભાવનાઓ શું છે. અને.. આમ પણ આપની પ્રભુ સાથે નિકટતા ઘનિષ્ઠ છે. એથી વિશ્વાસ છે અમને કે આપની માંગણી બહુ ત્વરિત પ્રભુ મંજૂર કરશે.''

મરક મરક હસતાં એ સાધકે શુભેચ્છકોના-અનુયાયીઓના આગ્રહને સ્વીકારી લીધો અને જીવનમાં પ્રથમવાર પ્રભુ પાસે પોતાની માંગણી-અંતરેચ્છા પ્રસ્તુત કરવા એ તૈયાર થયા. જેટલી ઉત્કંઠાથી શુભેચ્છકો એ માંગણી સાંભળવા તત્પર થયા હતા એનાથી અનેકગણા આશ્ચર્યચકિત તેઓ સાધકની માંગણી-પ્રાર્થના સાંભળીને થઇ ગયા. તાજુબ થઇ જવાય-અહોભાવસ્તબ્ધ થઇ જવાય એવી માંગણી એ સાધકે આ કરી કે :- ''પ્રભુ! તારી પાસે ક્યારેય કશું ન માંગું એવું દિલ-એવું દિમાગ આપજે!'' યાદ

આવે અહીં 'પંચસૂત્ર' ગ્રન્થની પંક્તિ કે ''**अनिच्छेच्छा इच्छा**''. મતલબ કે અનિચ્છ (ઈચ્છામુક્ત) બનવાની ઈચ્છા એ જ એકમાત્ર ઈચ્છા છે.

કેવી મજાની વાત. ભક્તોએ વિનંતિ કરી છે માંગવાની, અને સાધકે માંગ્યું એવું કે જેમાં માંગવાની કદી ઈચ્છા જ ન થાય! બસ, કાંઈક આવી જ મનઃસ્થિતિ હશે આ 'પ્રિય યોગ' પુસ્તકના લેખક વિવિધ પૂ. આચાર્યાદિ શ્રમણ ભગવંતોની. ભલે ને એ મનઃસ્થિતિ આ લેખોમાં વ્યક્ત થઈ હોય યા ન થઈ હોય. પરંતુ વાસ્તવિકતા આ છે કે લેખરૂપે એમને પ્રસ્તુતિ કરવાની આવી છે પોતાના **પ્રિય યોગ**ની અને એ સર્વને **સૌથી પ્રિય**-અત્યંત મનપસંદ વાત છે **અયોગ.** પોતપોતાના પ્રિય યોગ દર્શાવનાર તે તે આચાર્યાદિ શ્રમણ ભગવંતોએ આખર તો લક્ષ્યરૂપે હૈયે પ્રતિષ્ઠિત કર્યો છે **પ્રિયતમ અયોગ**. જરા સમજીએ આ વાત.

૧૪૪૪ ગ્રન્થપ્રણેતા સૂરિપુરંદર પૂજ્યપ્રવર આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે 'અષ્ટક પ્રકરણ' ગ્રન્થમાં એક પંક્તિ લખી છે કે ''**दीक्षा मोक्षार्थमाख्याता.**'' મતલબ કે દીક્ષા મોક્ષ માટે જણાવાઈ છે. ઉચ્ચ સમજણની ભૂમિકાએ રહેલ પ્રત્યેક સંયમીભગવંતની અભિલાષા આ જ હોય કે ''ક્યારે બનીશ હું સાચો રે સંત, ક્યારે થશે મારા ભવનો રે અંત.'' ભવના અંતની-મોક્ષની પ્રાપ્તિ ત્યારે થાય છે જ્યારે સાધક અયોગી અવસ્થા સર કરે. આ અવસ્થા છે ચૌદમા ગુણસ્થાનકે. પાંચ હ્રસ્વાક્ષરમય કાળના આ ચૌદમા ગુણસ્થાનકે આત્માના મન-વચન-કાયાના તમામ સ્થૂલ-સૂક્ષ્મ યોગો સંપૂર્ણપણે નિસ્પંદ થઈ જાય છે-વિરમી જાય છે. તે પછી તુર્ત એ શુદ્ધાત્માના ભવનો અંત થઈ જાય છે અને એ મોક્ષપદે પ્રતિષ્ઠિત થાય છે. આનાથી એ વાત સુનિશ્ચત થઈ જાય છે કે મોક્ષના અભિલાષી સંયમીઓ માટે પ્રિયતમ બાબત અયોગ જ હોય. એમણે જે જે આત્મકલ્યાણકર યોગોને પ્રિય બનાવ્યા હોય તો તે છે પ્રિયતમ અયોગ અવસ્થા સુધીની યાત્રા માટેના એક માધ્યમમાત્ર.

'શુભ યોગો પણ આખર તો અયોગની પ્રાપ્તિનું માધ્યમમાત્ર છે' આ નિરૂપણનો સ્રોત મળી રહે છે પૂજ્યપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરનાં ટંકશાળી વચનોમાં. 'જ્ઞાનસાર' ગ્રન્થના યોગાષ્ટકમાં તેઓ કર્મયોગ અને જ્ઞાનયોગના સ્થાન-વર્ણાદિ ભેદો અને તે પ્રત્યેકના ઇચ્છાયોગાદિ પ્રભેદો દર્શાવીને છેલ્લે એ પ્રત્યેકના પ્રીત્યાદિઅનુષ્ઠાનરૂપે ચાર-ચાર ઉત્તરભેદો દર્શાવતા આ શ્લોક ફરમાવે છે કે :-

प्रीतिभक्तिवचोऽसङ्गैः, स्थानाद्यपि चतुर्विधम्।
तस्माद‌योगयोगाप्ति-र्मोक्षयोगः क्रमाद् भवेत्।।

ભાવાર્થ કે પ્રીતિઅનુષ્ઠાન - ભક્તિઅનુષ્ઠાન - વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનરૂપે તે સ્થાનાદિ કર્મયોગો અને જ્ઞાનયોગો પણ ચાર પ્રકારે છે. આ તમામ યોગોથી અંતે અયોગની પ્રાપ્તિ થાય છે અને એનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

સ્વાધ્યાય-શ્રુતાર્જન-ધ્યાન-આચારપરિપાલન-તપ-વૈયાવચ્ચ વગેરે અસંખ્ય શુભ યોગો આત્મકલ્યાણ કરે છે અને એ આત્મકલ્યાણકર છે માટે જ એમાંના એક કે એકાધિક યોગને રસ-રુચિ-ઉત્સાહ-ક્ષમતા વગેરેના આધારે પ્રિય બનાવીને અન્ય આવશ્યક શુભ યોગો ન સીદાય એની તકેદારીપૂર્વક તે યોગ આત્મસાત્ કરવાનો પુરુષાર્થ વિવેકી આરાધક આત્મા કરે.

પ્રશ્ન અહીં એ થાય કે આત્મકલ્યાણ માટે જ આત્મસાત્ થતો એ પ્રિયયોગ તો અનુભૂતિનો વિષય રહેવો જોઈએ. એને અભિવ્યક્તિનો વિષય બનાવવાની શી જરૂર? કારણ કે આત્માર્થી આરાધકને સિદ્ધિનો ખપ છે, પ્રસિદ્ધિનો નહિ. એની તે તે યોગની આરાધના આત્મસાક્ષિક હોય, લોકસાક્ષિક નહિ.

ઉત્તર આનો એ છે કે અવસરે માર્ગસ્થભાવે થતી આવી અભિવ્યક્તિ પ્રસિદ્ધિ માટે નહિ, બલ્કે યોગ્ય આત્માઓને તે તે શુભ યોગોમાં નિરત થવાનું પુષ્ટાલંબન મળી રહે તે માટે હોય છે. અરે! નિકટના ભૂતકાલમાં એવી એવી ઘટનાઓ ય સર્જાઇ છે કે જેમાં તે તે તારક યોગોમાં નિમગ્ન વિભૂતિઓનાં મૂક દર્શનમાત્રથી સામી વ્યક્તિઓ ભાવિત-પ્રભાવિત થઇ ગઇ હોય અને યથાશક્ય અંશે તે તે યોગમાં સામેલ થઇ ગઇ હોય. આવાં બે ઉદાહરણો નિકટના ભૂતકાલનાં નિહાળીએ :

* મૈત્ર્યાદિ ભાવોના પરમ ઉપાસક અને અધ્યાત્મયોગી તરીકે સંઘમાં સુપ્રસિદ્ધ પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે આ ભાવનો પોતાનો જીવનપ્રસંગ દર્શાવ્યો છે કે ''પૂજ્યપાદ બહુશ્રુતગીતાર્થ આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા. પાટણમાં બિરાજમાન હતા ત્યારે હું રોજ બપોરે જઇને એમની સમક્ષ બેસતો. તેઓ એમનાં શ્રુતસંશોધનકાર્યમાં એવા નિમગ્ન રહેતા કે ગ્રન્થવિશ્વમાંથી બહાર આવીને એક વાર પણ મારી સામું ન જુએ. જો ત્યારે એમણે મને એક વાર પણ દીક્ષા માટે પૂછ્યું હોત તો હું એમની પાસે દીક્ષા લેવા તૈયાર થઇ જાત!'' કલ્પના કરો કે વિના પ્રેરણાએ પૂ. સાગરજી મ. પાસે દીક્ષા સ્વીકારવાની ભાવના થઇ ગઇ એ એમની જ્ઞાનયોગસાધનાનો કેવો પ્રબળ પ્રભાવ હશે. તે પછીના કાળમાં પૂ. પંન્યાસજી મ.નાં જીવનમાં અનુપ્રેક્ષાના-ચિંતનના ઊંડા ચમકારા નિહાળવા મળ્યા એમાં આ જ્ઞાનયોગસાધનાનાં મૂક દર્શનની પણ સુંદર અસર હશે...

* પ્રભુના પરમભક્તરૂપે પંકાયેલા પૂ. અધ્યાત્મયોગી આ.ભ.શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ. જિનાલયમાં પ્રભુભક્તિયોગમાં તન્મય થઇને 'તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી' ગાથાની પંક્તિઓ વારંવાર ઘૂંટતા રહી-મમળાવતા રહી તેઓ જે ભક્તિયોગસાધના કરતા હતા એનાં મૂક દર્શનમાત્રથી એમના નિશ્રાવર્તી મહાત્માઓ સહિત અનેક પુણ્યાત્માઓ ભક્તિયોગની સોપાનશ્રેણિ પર આરૂઢ થતા ગયા છે...

લગભગ આવી જ ઉપકારલક્ષી ભૂમિકા પર અહીં-આ પુસ્તકમાં 'મારો પ્રિય યોગ'ની વાતો જે લેખક મિત્રોએ કરી છે એમાંના કેટલાક રસપ્રદ અંશોનો આસ્વાદ માણીએ :

* વિદ્વદ્વર્ય આ. શ્રી વિજય અજિતશેખરસૂરિજી એમના લેખના પ્રારંભે એક મીઠી મૂંઝવણ રજૂ કરે છે કે ''સ્વાધ્યાય-વૈયાવચ્ચ-તપ-ધ્યાન-ભક્તિ-ક્ષમા-ઋજુતા વગેરે દરેક યોગ આત્મશુદ્ધિ-આત્મોન્નતિ માટે અતિશય પ્રબળ છે. એથી મારો પ્રિય યોગ કયો? આ પ્રશ્નનો જવાબ દેવો એટલો જ મુશ્કેલ છે, જેટલો શરીરમાં કયું અંગ ગમે એ પ્રશ્નનો જવાબ દેવો.'' આગળ જતાં તેઓ લખે છે કે ''કયા યોગને અપ્રિય કે ઓછો પ્રિય ગણવો? હે પ્રભો! મને તો તેં બતાવેલા તમામ યોગો પ્રાણથી પ્યારા છે. કારણ કે એ તેં બતાવેલા છે!'' વિવેકી આરાધક આત્મા રસ-ક્ષમતા વગેરે કારણે કોઈ એક તારક યોગને પ્રિય બનાવે તો ય અન્ય શુભ યોગો માટે એનું દૃષ્ટિબિંદુ કેવું ઉદાત્ત હોવું જોઈએ તે આ શબ્દોમાં પ્રતિબિંબિત થાય છે.

તેઓ સ્વાધ્યાયયોગ-અનુપ્રેક્ષાયોગ મનને વિશેષ આકર્ષતો હોવાનું જણાવે છે. પરંતુ સાથે જ મસ્ત માર્મિક નિરૂપણ કરે છે કે ''મનને પ્રિય યોગ કોઈ પણ હોઈ શકે છે, પણ એ જ શ્રેષ્ઠ હોઈ શકે એવો નિયમ નથી. મન રમાડી જાય તો મનને જે સહેલો લાગે એ (યોગ) પ્રિય થઈ જાય. પણ ખરી નિર્જરા મનને ગમે એ (યોગથી) નથી, મન પર વિજય મેળવાય એ (યોગથી) છે. જે યોગ મનને અઘરો લાગે એ યોગ સ્વસ્થતા-પ્રસન્નતાથી આરાધાય છે ત્યારે ભરપૂર કર્મનિર્જરા-સંવર વગેરે થાય છે.'' કલ્યાણકર શુભ યોગની સાધના માટે આ નિર્દેશ બહુ ઉપયોગી માર્ગદર્શન આપે છે...

* શાસનપ્રભાવક આ.શ્રી હર્ષસાગરસૂરિજી વૈયાવચ્ચયોગને પ્રિય યોગ જણાવે છે. આ યોગના સંદર્ભમાં તેઓ પવિત્ર આગમગ્રન્થ શ્રી દશવૈકાલિક સૂત્રના વિનયસમાધિ અધ્યયનના દ્વિતીય ઉદ્દેશકની પ્રવૃત્તિના સ્તરનો વિનય દર્શાવતી ''नीयं सेज्जं गइं०'' ગાથા ટાંકીને એમાંથી ખૂબ અદ્ભુત ચિંતનનું નવનીત પ્રસ્તુત કરે છે કે ''જ્યાં 'હું' પોષાય ત્યાં વૈયાવચ્ચ શક્ય નથી. XX મારા શબ્દોમાં વૈયાવચ્ચની વ્યાખ્યા આપવી હોય તો અહંનું વિલીનીકરણ એટલે વૈયાવચ્ચ. આપણી અનંત દીક્ષાઓની નિષ્ફળતાનાં મૂળમાં એકમાત્ર કારણ હતું : અહંકાર. આપણે ઝૂકી ન શક્યા એટલે પ્રભુ આપણને ઊંચકી ન શક્યા. વૈયાવચ્ચ એક જ સંકેત તરફ આપણને દોરી જાય છે. એ સંકેત છે : ઝૂકી જાઓ.'' પ્રવૃત્તિનાં સ્તરની ગાથાના રહસ્યાર્થનું આ ઉદ્ઘાટન સાચે જ કાબિલેદાદ છે...

* જેમનો પક્ષ ભેદરહિત-ગચ્છ ભેદરહિત-વૈયાવચ્ચગુણ સમગ્ર જૈન સંઘમાં સુપ્રસિદ્ધ છે તે સ્વ. પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવરના ગુરુબંધુ આ. શ્રી હેમપ્રભસૂરિજી પોતાના પ્રિય યોગરૂપે વૈયાવચ્ચયોગ તો ગણાવે જ છે. પરંતુ એ વૈયાવચ્ચ યોગને ઉત્કૃષ્ટ રીતે આરાધી શકાય તે માટે તેઓ વૈયાવચ્ચસંબંધી નાની-મોટી અઢળક બાબતો આવરી લેતી જે હિતશિક્ષાઓ આપે છે એ હૃદયને સ્પર્શી જાય તેવી છે. એમ કહી શકાય કે વૈયાવચ્ચ યોગમાં જેમને નિષ્ણાત થવું હોય તેમના માટે એ હિતશિક્ષાઓ I.M.P. ની ગરજ સારે તેવી છે. આપણે એમાંની થોડી I.M.P. નિહાળીએ :

→ વડીલોની (વૃદ્ધ મહાત્માઓની) એકની એક વાત વારંવાર કરવાની વયોજન્ય પરિસ્થિતિ હોય, તો એ વાતોને આપણે પહેલી વખત જ

સાંભળતા હોઈએ એ રીતે સાંભળી પ્રતિભાવ આપવો. ''એકની એક વાત કેટલી વાર કહેશો'' એમ કહી હૈયું તોડવું નહિ.

→ એમની 'હા'માં 'હા' અને 'ના'માં 'ના' કરવી. પછીથી એમને સમજાવવા. પણ એક વખત તો એમના વિચારોનો પ્રતિભાવ એમને અનુકૂળ હોય એવો જ આપવો.

→ વડીલોના (વૃદ્ધ મહાત્માઓનાં) કારણે ઉજાગરો થયો હોય તો એને ઉજાગરો નહિ, આત્મજાગરિકા માનવી.

→ કોઈ સ્પૃહાસહિત સેવા કરતા હોઈએ તો તે ક્રોડના બદલામાં રૂપિયો લેવા જેવું છે. માટે કોઈ પણ જાતની સ્પૃહા રાખ્યા વિના-નિસ્પૃહ થઈને, બદલાની ભાવના વિનાની સેવા કરવી એ જ સર્વોત્તમ છે.

અમને લાગે છે કે આ **I.M.P.** શીખી ગયા હોય એ વૈયાવચ્ચયોગની પરીક્ષામાં અવશ્ય Pass થઈ જ જાય...

* 'શ્રુતસંવિભાગ'ના દલદાર અંકોનાં પ્રકાશનનાં માધ્યમે શ્રમણસંઘમાં જેમણે શાસ્ત્ર-સ્વાધ્યાયનું મજાનું આલંબન વિસ્તાર્યું છે તે વિદ્વાન મુનિવર શ્રી ત્રૈલોક્યમંડનવિજયજી પોતાના પ્રિય યોગરૂપે વચનાનુષ્ઠાનને પ્રસ્તુત કરે છે. તેઓ 'પ્રિય યોગ'ને વ્યાખ્યાયિત કરતા સાર્થક લક્ષણ બાંધે છે કે ''જે યોગ મને મારી ભૂમિકાને અનુસાર હિતકર જણાય તે પ્રિય.'' એમના ગુરુદેવ વિદ્વત્કુલમંડન પૂ.આ.શ્રી વિજય શીલચન્દ્રસૂરીશ્વરજી મ.ની જેમ એમનો શાસ્ત્રબોધ પણ ગહરો છે એ એમના આ લેખ દ્વારા પુનઃપ્રતીત થાય છે. કેમ કે એમણે લેખમાં પોતાનાં વિધાનોની પુષ્ટિ માટે વારંવાર શાસ્ત્રપાઠોનો નિર્દેશ કર્યો છે : જાણે કે ''नाऽमूलं लिख्यते किञ्चित्''ની શૈલી એમને પ્રિય હોય!

તેઓ પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરકૃત દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકસ્વોપજ્ઞવૃત્તિનો સંદર્ભ આપીને એમ જણાવે છે કે ''પોતાની રુચિને અનુસરીને, જે યોગમાં ઉત્સાહ જાગે તે યોગ તે જીવ માટે આરાધ્ય બને છે.'' અને સાથે ઉમેરો કરે છે કે રુચિ-ઉત્સાહ ઉપરાંત પોતાની ક્ષમતા અને યોગ્યતાને પણ તે તે યોગના આરાધકે માપદંડરૂપે અપનાવવી જોઈએ. તો તે તે શુભ યોગ આરાધક આત્માને વિશેષ ઉપકારક બને. આગળ જતાં તેઓ ઓઘનિર્યુક્તિની ગાથાનો સંદર્ભ આપી એ સ્પષ્ટતા કરે છે કે ''કોઈ એક યોગ પર એટલો બધો ભાર અપાય કે એનાં કારણે અન્ય આવશ્યક યોગ સીદાય : આ વાત તદ્દન અયોગ્ય સમજવી જોઈએ.'' મુનિશ્રીની આ શાસ્ત્રપૂત પ્રસ્તુતિઓ શુભ યોગની પસંદગી માટે અને એની આરાધનામાં કેળવવા જેવી વિવેકદષ્ટિ માટે સુંદર માર્ગદર્શન આપે છે...

* અને... હવે આવે છે મુનિવર શ્રી પ્રભુશાસનરત્નવિજયજી. તેઓ વાંચનયોગને પોતાનો પ્રિય યોગ ગણાવીને બહુ નિખાલસપણે દિલ ખોલીને વાંચનયોગની પોતાનાં જીવન પર થતી **Positive** અસરોની વાત કરે છે. તેઓ લખે છે કે :- ''જ્યારે માનસિક રીતે અસ્વસ્થ હોઉં-ઈર્ષ્યાની આગમાં શેકાતો હોઉં-ક્રોધજ્વાળામુખીની ટોચ પર બેઠો હોઉં-માનના પર્વત પર આરૂઢ હોઉં-કોઈ દ્વારા બોલાયેલ ગલત શબ્દો કે ગલત આક્ષેપોથી આર્તધ્યાનની ગર્તામાં ધકેલાયો હોઉં ત્યારે ત્યારે વાંચને મને વિચારદીક્ષા આપી છે.'' આ વિધાન પછી તેઓ પોતાની હૃદયસ્પર્શી જીવનઘટના જણાવે છે કે ગચ્છાધિપતિશ્રી-પ્રદત્ત મન્ત્રસાધના-પ્રવચનડાયરી-નવકારવાળીયુક્ત પાકીટ ગૂમ થઈ જતાં ત્રણ દિવસ જે સતત વિક્ષિપ્ત મનોદશા અનુભવી તે 'પાઠશાળા' ગ્રન્થના એક લેખનાં વાંચને સમૂળગી દૂર થઈ ગઈ. મનમાંથી મમત્વની મલિનતા દૂર થવા સાથે પ્રસન્નતાનો પમરાટ પ્રસર્યો. શ્રી આચારાંગ આગમ શાસ્ત્રનાં વચનો

એમના માનસપટ પર છવાઈ ગયા કે ''से हु दिट्ठिपहे मुणी, जस्स नत्थि ममाइयं.'' મતલબ કે પ્રભુની દૃષ્ટિમાં તે જ મુનિ છે કે જેનામાં મમત્વાદિ મલિન ભાવો નથી. મુનિશ્રી આગળ લખે છે કે ''મારા શુભ અધ્યવસાયોનું અસાધારણ કારણ વાંચન છે.'' આની જ Chloroform જેવી અસરોમાં તેઓ મસ્તીભર્યા કેફથી લખે છે કે ''મને કોઈ પૂછે કે તમને શું ખપે? હું કહીશ પુસ્તકો. તમને શું ગમે? હું કહીશ પુસ્તકો. તમે કોનાથી જીવો છો? હું ચોક્કસપણે કહીશ પ્રાણવાયુ જેવા પુસ્તકોથી.'' ગજબની મસ્તી અને કેફ છલાય છે મુનિશ્રીના આ શબ્દોમાં...

અલબત્ત, આ પુસ્તકમાં આવા આવા ઘણા મહાત્માઓના લેખો છે. પરંતુ અમારી પાસે જે પાંચેક ઝલકરૂપ લેખો આવ્યા એમાંથી અમે એનો રસાસ્વાદ કરાવ્યો છે. એ લેખોના તેમજ બાકીના લેખોના સંપૂર્ણ રસાસ્વાદ માટે વાચકે સ્વયં આ પુસ્તકનું અવગાહન કરવું...

* * *

ડહેલાની શ્રમણપરંપરાના એક અધિનાયક નિઃસ્પૃહશિરોમણિ પૂ. પંન્યાસપ્રવર શ્રી ધર્મવિજયજીગણિવરના ૧૨૫મા સંયમવર્ષના ઉપલક્ષમાં જેની પરિકલ્પના કરાઈ તે આ 'મારો પ્રિય યોગ' પુસ્તકનાં પુણ્યનિમિત્ત છે પૂ. સુદીર્ઘસંયમી સારલ્યપુંજ શાસનપ્રભાવક આચાર્યપ્રવર શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ. સિત્યોતેર વર્ષની સુદીર્ઘ સંયમસાધના ધરાવતા આચાર્યશ્રી સાંપ્રતમાં ડહેલાના સમુદાયના વડીલપદે બિરાજમાન છે. અમારા શ્રમણજીવનના શૈશવકાળથી એમના નિકટના પરિચયમાં આવવાનું સૌભાગ્ય અમને સંપ્રાપ્ત થયું છે. પરિચયની એ પળોમાં દિલનાં દર્પણમાં આચાર્યશ્રીની જે પ્રતિકૃતિ પ્રતિબિંબિત થઈ છે એનું સ્વરૂપ સંક્ષેપમાં કાંઈક આવું છે. સ્વસ્તિકને જેમ ચાર પાંખડી હોય છે, તેમ આચાર્યશ્રીનાં વ્યક્તિત્વને ચાર પાંખડી છે. સંસ્કૃતમાં એક ઉક્તિ

છે કે ''आकृतिर्गुणान् कथयति.'' આ જ લયમાં અમે એમ કહીએ છીએ કે ''प्रकृतिर्व्यक्तित्वं कथयति.'' વ્યક્તિનું સાચું વ્યક્તિત્વ એની પ્રકૃતિમાં વ્યકત થતું હોય છે. એથી આચાર્યશ્રીની ચારે ય વિશેષતાઓ એમની પ્રકૃતિના સંદર્ભમાં જ વિચારીશું.

(૧) **પ્રમોદભાવ :-** 'શાંતસુધારસ' ગ્રન્થની પ્રમોદભાવનાના ગેયાષ્ટકમાં પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર પ્રથમ પંક્તિ જ આ લખે છે કે ''विनय! विभावय गुणपरितोषम्''. મતલબ કે હે આત્મન્! તું ગુણોમાં પરિતોષ-આનંદની અનુભૂતિ કર. આચાર્યશ્રીમાં આ પરગુણપરિતોષ કેવો સરસ હતો એનો અમને પ્રથમ અનુભવ થયો વિ.સં. ૨૦૩૯માં.

ત્યારે તેઓ મુનિઅવસ્થામાં હતા અને એમનું ચાતુર્માસ હતું વાલકેશ્વર-સુપાર્શ્વનાથ જૈન સંઘમાં. અમારા પરમશ્રદ્ધેય પરમ ગુરુદેવ પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના સાંસારિક સ્વજનો એ સંઘમાં રહે. એક વાર વાતવાતમાં તેઓએ એ સ્વજનોને અમારા તારક ગુરુદેવ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. (ત્યારે પંન્યાસ) વિશે કહ્યું : ''સૂર્યોદયવિજયજી મ. પોતે વિદ્વાન તો છે જ. પરંતુ એમનું અનુશાસન અને અભ્યાસપરિપાટી પણ ખૂબ પ્રશંસનીય છે. એ એમના બાલશિષ્ય રાજરત્નવિજયને જે રીતે તૈયાર કરે છે એ જોતાં એ સાધુ ભવિષ્યમાં સરસ તૈયાર થશે ને એમનું નામ ઉજ્જવલ કરશે.'' એ સ્વજનોએ આ શબ્દો અમારા ગુરુદેવ સમક્ષ કહ્યા ત્યારે આચાર્યશ્રીની પ્રમોદભાવનાનો પરિમલ અમે પ્રથમવાર માણ્યો. ત્યારે અમારો દીક્ષાપર્યાય હતો માત્ર પાંચ વર્ષ.

એ પછીના સમયખંડમાં વિ.સં. ૨૦૬૧માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં સામૂહિક ચાતુર્માસમાં અવારનવાર પ્રવચનસભાઓમાં સાથે પ્રવચનો

આપવાનું બનતું ત્યારે ય આચાર્યશ્રીનો આ પ્રમોદભાવ સહજ અભિવ્યક્ત થતો. હા, એમાં કોઇ શબ્દાડંબર કે ઉપરછલ્લું ઔચિત્ય ન હતું. એમાં હતી અંતરથી પ્રગટતી ગુણાનુરાગની સુગંધ.

(૨) **અનાગ્રહ :-** વારંવારનાં મિલન અને પરિચયમાં રહ્યા બાદ અમે આચાર્યશ્રીનાં જીવન અંગે એક નિરીક્ષણ એ કર્યું છે કે તેમનો સ્વભાવ અનાગ્રહી છે. વિશાલ હિત ખાતર એ પોતાનું હિત-પોતાનો આગ્રહ ત્યજી શકવાની ઉદારતા દાખવી શકે છે. એક મજાનું વિધાન વાંચ્યું હતું કે ''તમે જ્યારે તમારી વાત છોડી દો છો ત્યારે એનો અર્થ એ જ નથી હોતો કે તમે ખોટા છો. એનો અર્થ એ પણ હોઇ શકે છે કે તમે સચ્ચાઇ કરતાં સંબંધને વિશેષ મહત્ત્વ આપ્યું છે.'' બસ, આ જ લયમાં એમણે સંપ-સમાધાન માટે ઘણો મોટો આત્મભોગ આપતી બાંધછોડ કરી હતી જે એમની અનાગ્રહી વૃત્તિની દ્યોતક છે. અમે એ ઘટનાની કરેલ મૂક સમીક્ષા આ છે.

(૩) **સરલતા :-** પ્રભુશાસનમાં સરલ ચિત્તવૃત્તિનો મહિમા ખૂબ ગવાયો છે. સ્વયં પ્રભુ મહાવીરદેવનું વચન છે કે **''सोही उज्जूभूयस्स.''** મતલબ કે જે સરલ છે-નિર્દંભ છે એની જ શુદ્ધિ છે. અમે એ જ લયમાં આવું સૂત્ર કહીએ છીએ કે **''સરલતા વિના શુદ્ધિ નહિ અને શુદ્ધિ વિના સિદ્ધિ નહિ.''** આ સરલતા ગુણ આચાર્યશ્રીની એક નોંધપાત્ર વિશેષતા છે. વિ.સં. ૨૦૬૧ના સિદ્ધક્ષેત્ર-પાલિતાણાના ચાતુર્માસમાં એક તિથિપક્ષ-બે તિથિપક્ષના ત્યાં વિદ્યમાન સર્વ આચાર્યભગવંતોની નિશ્રામાં એક સભા યોજાઇ હતી એમાં એમની આ સરલતાનો અમને નાનકડો સરસ અનુભવ થયો હતો.

(૪) **ઉદારતા :-** કોઇ શ્રીમંત વ્યક્તિ સંપત્તિનાં દાનની ઉદારતા દાખવે એ અલગ વાત છે અને કોઇ પ્રતિષ્ઠિત પદ-મોભો મળી શકે તેમ હોય ત્યારે વિવેકદષ્ટિના આધાર પર એના સ્વેચ્છાએ ત્યાગની ઉદારતા દાખવવી

અલગ વાત છે. આચાર્યશ્રીની આવી ઉદારતાનો અમને અનુભવ થયો વિ.સં. ૨૦૬૩માં.

એ વર્ષે મુંબઈમાં શ્રમણ સંમેલનની યાદ આપે એવું બૃહત્ શ્રમણ મિલન યોજાયું હતું. એમાં તત્કાલીન તપાગચ્છાધિપતિ સહિત અનેક મોટા સમુદાયોના ગચ્છાધિપતિ પૂજ્યોની નિશ્રા હતી. છેલ્લા અઢાર વર્ષોથી 'તપાગચ્છીયપ્રવર સમિતિ'ની જે સ્વરૂપની નિયુક્તિ જારી છે એની પ્રથમ સંરચના એ શ્રમણ મિલનમાં થઈ હતી. એ પ્રવરસમિતિના પાંચ આચાર્યભગવંતોના માપદંડનો પ્રસ્તાવ રજૂ કરતાં અમે એક વાત રૂપે એમ કહ્યું કે ''તેમાં એક આચાર્ય પ્રાચીન પરંપરાની અપેક્ષાએ ડહેલાના સમુદાયના રાખી શકાય.'' પ્રવરસમિતિના પાંચે ય આચાર્યભગવંતોસંબંધી અમારો એ પ્રસ્તાવ મંજૂર તો થયો. પરંતુ પછી ત્યાં જ અન્ય સમુદાયના એક આચાર્યશ્રીએ પ્રશ્ન કર્યો કે ''ડહેલાના સમુદાયમાંથી કયા આચાર્યને પ્રવરસમિતિમાં લેવા? કેમ કે પદવીમાં પૂ.આ.ભ.શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા. વડીલ છે. પણ સંયમપર્યાયમાં પૂ.આ.ભ.શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા. વડીલ છે. તો આપણે શું કરવું?''

આ ચર્ચાસમયે પૂ.આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા. મુંબઈથી દૂર અન્યત્ર ચાતુર્માસ હતા. જ્યારે પૂ.આ.ભ.શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.સા. તો ત્યાં પ્રત્યક્ષ ઉપસ્થિત હતા. અમે આચાર્યશ્રીની ઉદારતા પર શ્રદ્ધા રાખીને જાહેરમાં કહ્યું : ''આ પ્રશ્નનો ઉત્તર પૂ. યશોભદ્રસૂરીશ્વરજી મ.સા. જ આપશે.'' અને... આચાર્યશ્રીએ અમારી શ્રદ્ધાને સાર્થક કરતા વિના વિલંબે સ્પષ્ટ કહી દીધું કે ''પ્રવરસમિતિમાં અમારા સમુદાયમાંથી પૂ.આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.નું જ નામ રાખો. મારી તેમાં સંપૂર્ણ સહર્ષ સંમતિ છે.'' અમને જ નહિ, ત્યાં ઉપસ્થિત સર્વ શ્રમણોને આચાર્યશ્રીની આ વૈચારિક ઉદારતા હૃદય સુધી સ્પર્શી ગઈ.

આ ચાર પ્રકૃતિગત વિશિષ્ટતાઓ ઉપરાંત આચાર્યશ્રીનું સૌભાગ્ય પણ પ્રભાવશાળી છે. એથી એમના વરદ હસ્તે એમની સાંસારિક જન્મભૂમિ કુવાડામાં સ્થાપનાશત્રુંજયતીર્થ નિર્માણ, પૂના પાસે શત્રુંજય-ભક્તામર-મંદિર નિર્માણ, શંખેશ્વરતીર્થમાં ભક્તામરમંદિર નિર્માણ આદિ રૂડાં શાસનકાર્યો થયા છે. તો આ.શ્રી વિજય પીયૂષભદ્રસૂરિજી જેવા ભક્તિવંત શિષ્ય તેઓને મળ્યા છે.

આચાર્યશ્રીના સંયમપર્યાયના અમૃતમહોત્સવ વર્ષે વિચારાયેલ 'મારો પ્રિય યોગ' પુસ્તકની પરિકલ્પના હવે પુસ્તકરૂપે સાકાર થઇ શ્રી સંઘના કરકમલો સુધી પહોંચી રહી છે ત્યારે એ જ અંતઃકરણપૂર્વકની પ્રભુપ્રાર્થના છે કે આ પુસ્તકના લેખકમિત્રો અને વાચકો માટે એમનો પ્રિય યોગ એમના પ્રિયતમ અયોગ તરફની અનવરત યાત્રા કરાવી અંતે મોક્ષયોગની મંઝિલ સર કરાવે.

• • •

૩

# આગમનાં અજવાળાં

તારક શ્રી તીર્થંકરભગવંતો દ્વારા ભાષિત પવિત્ર આગમગ્રન્થોના ચિંતનલેખો પરના આ ઉપોદ્ઘાતનો પ્રારંભ, એક આજીવન યાદગાર બની ગયેલ હૃદયસ્પર્શી અનુભૂતિઘટના દ્વારા અમે કરીશું. એ ઘટના સર્જાઇ હતી પૂજ્યપાદ પરમગુરુદેવ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના મહાકાય જીવનગ્રન્થ 'યુગદિવાકર'ના આલેખનસમયની.

એ મહાગ્રન્થના આલેખનમાં અમે વિવિધ ક્ષેત્રોના અગ્રણી મહાનુભાવો-વિભૂતિઓએ પૂ. પરમગુરુદેવશ્રીને લખેલ પત્રોનો પણ આધાર લીધો હતો. એવાં સેંકડો પત્રોમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એમાં એક આચાર્યભગવંતનો સંસ્કૃત પત્ર મળ્યો. એમાં એક શાસ્ત્રગાથાનો ઉત્તરાર્ધ એમણે ટાંક્યો હતો. અક્ષરો સ્પષ્ટ સમજાતા ન હતા અને કયા સંદર્ભમાં એ ઉલ્લેખ હતો એનો ખ્યાલ આવતો ન હતો. તે આચાર્યભગવંત કાલધર્મ પામી ગયા હતા. એથી એમના અંતેવાસી રહેલ અન્ય આચાર્યશ્રીને એ પત્રની ઝેરોક્ષ પાઠવીને શબ્દો અને સંદર્ભની સ્પષ્ટતા કરવા જણાવ્યું.

એનો જે પ્રત્યુત્તર આવ્યો એ રોમે રોમ બાગ બાગ કરી દે એવો હતો. એમણે ઉપરોક્ત બન્ને સ્પષ્ટતાઓ તો કરી જ. પરંતુ એ પૂર્વે તેઓએ અમને આવા શબ્દો લખ્યા કે ''મારા પરમઉપકારી એ વિદ્યાગુરુભગવંત અત્યારે વિદ્યમાન ન હોવાથી એમના ક્ષરદેહનાં દર્શન તો હું નથી કરી શકતો. પરંતુ એમના અક્ષરદેહનાં દર્શન કરવાથી મને ક્ષરદેહનાં દર્શનથી ય વધુ આનંદ થયો છે. તમે તેઓશ્રીનાં અક્ષરદેહનાં દર્શન કરાવી મારા પર મોટો ઉપકાર કર્યો છે!'' એ સંસ્કૃત મૂળ પત્ર જેમના હસ્તે લખાયો હતો તે હતા શાસનસમ્રાટ સમુદાયના મૂર્ધન્ય વિદ્વાન પૂ.આ.ભ.શ્રી વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા. અને જેમણે એ પત્રનાં દર્શને આનંદભર્યા હૃદયોદ્ગાર વ્યક્ત કર્યા એ હતા વિદ્વદ્વર્ય પૂ.આ.ભ.શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ.

એક સાંપ્રતકાલીન અને છદ્મસ્થની કક્ષામાં આવતા ઉપકારી વિદ્યાગુરુભગવંતનાં અક્ષરદેહનાં દર્શને જો આવો છલોછલ-પરાકાષ્ઠાભર્યો બહુમાનભાવ પ્રગટતો હોય, તો સ્વયં શ્રી તીર્થંકરપ્રભુનાં બોલાતા વચનરૂપ આગમગ્રન્થોનાં દર્શન-વાંચન સમયે સાક્ષાત્ પ્રભુના અક્ષરદેહનાં દર્શન થયાનો છલોછલ રોમાંચ-પરાકાષ્ઠાભર્યો બહુમાનભાવ કેમ ન પ્રગટે? અવશ્ય પ્રગટે જ. શરત માત્ર એટલી કે 'આ મારા પ્રભુનો જ અક્ષરદેહ છે' એવી તીવ્રતમ સંવેદના હૈયે જ્વલંત-દેદીપ્યમાન રહેવી જોઈએ.

આ સંવેદના તીવ્રતમ બનાવવા કાજે બે વાત હંમેશા હૃદયસ્થ કરી રાખવા જેવી છે :

(૧) પ્રભુનાં ક્ષર દેહનાં-પ્રત્યક્ષ દેહનાં દર્શનનું સૌભાગ્ય ભલે આપણને સંપ્રાપ્ત નથી થયું. કિંતુ એની ખામી ન રહેવા દે એવાં **પ્રભુના અક્ષરદેહનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એ એનાથી ય મહાન બાબત છે.** કારણ કે પ્રભુનો અદ્‌ભુત અલૌકિક વિશિષ્ટતાઓથી સંપન્ન ક્ષરદેહ-પ્રત્યક્ષ દેહ મુખ્યત્વે આપણા બાહ્ય વિશ્વને પ્રભાવિત કરે છે, જ્યારે પ્રભુનો આ અનેકાંતમય સર્વનયસાપેક્ષ અક્ષરદેહ-વિચારદેહ મુખ્યત્વે આપણા વિચારવિશ્વને-ભાવવિશ્વને પ્રભાવિત કરે છે. 'આગમો પ્રભુનો જ અક્ષરદેહ છે' એને સમર્થન આપતા પૂર્વસૂરિભગવંતોનાં વચનો ઠેર ઠેર નિહાળવા મળે છે. એક શાસ્ત્રગાથાનો પૂર્વાર્ધ આ સંદર્ભમાં ટાંકીએ કે :- **''अत्थं भासइ अरिहा, सुत्तं गंथंति गणहरा निउणा.''** મતલબ કે આગમોને અર્થરૂપે શ્રી તીર્થંકરભગવંતો કહે છે અને એને સૂત્રરૂપે ગણધરભગવંતો ગૂંથે છે. વાસ્તવિકતા આ હોવાથી જ આગમોમાં કેટલા ય સ્થળે આ પંક્તિ લખાઈ છે કે **''सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं.''** ભાવાર્થ કે ''હે આયુષ્મન્ શિષ્ય! પ્રભુએ આ પ્રમાણે કહ્યું છે એમ મેં સાંભળ્યું છે...'' આ પૈકી અંગસૂત્રરૂપ આગમો અનંતરાગમ છે, જ્યારે શ્રુતકેવલી આદિ ઉત્તરવર્તી મહર્ષિ દ્વારા ગુંફિત આગમો પરંપરાગમ છે.

(૨) 'પ્રતિમા મૌન ભગવાન છે, જ્યારે પ્રત (આગમો) બોલતા ભગવાન છે.' સંવેદનાથી પૂર્ણ છલોછલ હૃદયપૂર્વક આ વિધાન આત્મસાત્ કરીશું તો એ સમજાશે કે પ્રતિમા મુખ્યત્વે ભક્તિયોગમાં સહાયક બને છે, જ્યારે પ્રત (આગમ) જ્ઞાનયોગમાં સહાયક બને છે. એવો જ્ઞાનયોગ કે જે મિથ્યાત્વનું વમન કરાવે, સમ્યક્ત્વનું સર્જન કરાવે, શ્રદ્ધાને મેરુપર્વત જેવી અડગ બનાવે. શાસ્ત્રોમાં મળતા યુગપ્રધાન આ.ભ.શ્રી ગોવિંદસૂરીશ્વરજી મ. જેવાનાં ઉદાહરણો આ કથનને સમર્થન બક્ષે છે. આ. ગોવિંદસૂરિજીએ માત્ર ને માત્ર જૈનદર્શનને પરાસ્ત કરવાની બુદ્ધિથી જ એના સિદ્ધાંતો સમજવા દીક્ષા સ્વીકારી હતી. પરંતુ 'આચારાંગસૂત્ર'માં ષડ્જીવનિકાયનું સૂક્ષ્મનિરૂપણ વાંચતા અને એને અનુરૂપ અનુભૂતિ થતાં તેઓ ભયાનક અશ્રદ્ધામાંથી બહાર આવી મેરુપર્વત શી અડગ શ્રદ્ધાના સ્વામી બન્યા હતા.

જાણે કે ઉપરોક્ત બન્ને બાબતો હૃદયસ્થ હશે. એથી જ પૂર્વાચાર્યાદિ ભગવંતોએ શ્રી જિનાગમો પ્રત્યે પરાકાષ્ઠાભર્યાં બહુમાનવચનો ઉચ્ચાર્યા છે. એક-બે ઝલકો આવી જોઈએ :

* ૧૪૪૪ ગ્રન્થપ્રણેતા પૂજ્યપ્રવર આચાર્યદેવ શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મ. જણાવે છે કે :- ''हा अणाहा कहं हुंता, जइ न हुंति जिणागमा.'' ભાવાર્થ કે જો આ શ્રી જિનાગમો અમને ન મળ્યા હોત તો અનાથ બની ગયેલ અમારો આ સંસારમાં શો અંજામ હોત? આગમ છે તો જ અમે બચ્યા છીએ.

* અન્યત્ર એક ગાથા આવી હૃદયસ્પર્શી લખાઈ છે કે :-

आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणो।
तित्थनाहो गुरु धम्मो, सव्वे ते बहु मन्निआ।।

ભાવાર્થ કે જે આત્મહિતકાંક્ષી સાધક આગમનો આદર કરે છે તે ખરેખર તો આગમ ઉપરાંત શ્રી તીર્થંકરપ્રભુ-ગુરુદેવ અને પ્રભુભાષિત ધર્મનું જ બહુમાન કરે છે.

પાક્ષિકાદિ પ્રતિક્રમણોમાં અવશ્ય બોલાતી 'સ્નાતસ્યા' સ્તુતિમાં શ્રી જિનપ્રણીત આગમ વિશે બે મજાનાં વિશેષણો મળે છે : **'मोक्षाग्रद्वारभूतं'** અને **'ज्ञेयभावप्रदीपं.'** અર્થાત્ આગમ તો મોક્ષપ્રવેશનું મુખ્ય દ્વાર છે અને જ્ઞેય-જાણવા યોગ્ય ભાવોનું જ્ઞાન કરાવવામાં દીપક સમા છે. આ બન્ને વિશેષણોને બિલકુલ અનુરૂપ બની રહે એવી 'આગમ' શબ્દની વ્યુત્પત્તિની બે વ્યાખ્યા સહજતાથી મનમાં એવી સ્ફૂરે છે કે જે વ્યાકરણ દૃષ્ટિએ પણ શુદ્ધ હોય-સંગત હોય. **''आ=आनुकूल्येन सुखंसुखेन इति यावद् गम्यते-प्राप्यते मोक्षोऽनेन स आगम:''** અને **आ=समन्ताद् गम्यते-प्राप्यते-ज्ञायते वस्तुतत्त्वमनेन स आगम:.''** મતલબ કે જે આસાનીથી મોક્ષપ્રાપ્તિ સુધી લઇ જાય તે છે આગમ અને જેનાથી વસ્તુતત્ત્વનો યથાર્થ અવબોધ થાય તે છે આગમ.

આ શ્રી જિનાગમોનાં અધ્યયન-અધ્યાપન-વાચના-સુરક્ષાદિ ક્ષેત્રે અંતિમ સૈકામાં શકવર્તી કાર્ય જો કોઇ વિભૂતિએ કર્યું હોય તો તે છે પૂજ્યપાદ અજોડ વિદ્વાન સમર્થ સૂરિપુરંદર આગમોદ્ધારક શ્રીમાન્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ. લહિયાઓનાં કારણે અશુદ્ધ થઇ ગયેલા અને કાળબળે ત્રુટિત થઇ ગયેલ પાઠોની અશુદ્ધિઓ-ત્રુટિઓ શક્યપણે નિવારીને ત્રુટિરહિત શુદ્ધ આગમોનું મુદ્રણ-આગમોને ચિરંજીવ આયુષ્ય બક્ષવા શિલાલેખમય તામ્રપત્રમય આગમમંદિરોનાં નિર્માણ-સાત સાત વાર વિશિષ્ટ આગમવાચનાઓ વગેરે દ્વારા તેઓશ્રીએ જે અદ્ભુત આગમસેવા કરી છે એ એમના માટે લખાતા 'આગમોદ્ધારક' વિશેષણને સંપૂર્ણ સાર્થક કરે એવી છે.

એમની જ શિષ્ય પરંપરાના ગચ્છાધિપતિ સંઘસ્થવિર જિનાગમસેવી પૂજ્યપાદ આ.ભ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા. સુદીર્ઘ સંયમયાત્રામઢી જીવનયાત્રાના ૧૦૨મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે એ પુણ્યનિમિત્તે તૈયાર થયો છે આ પીસ્તાળીશે ય આગમોનો આસ્વાદ કરાવતી સરલ ચિંતનાત્મક ગ્રન્થશ્રેણિ. વિવિધ સમુદાયોના શતાધિક આચાર્યભગવંતો દ્વારા આલેખાયેલ આ ગ્રન્થશ્રેણિના અગિયાર આગમચિંતનલેખોના ગ્રન્થ પર ઉપોદ્ઘાત લખવાનું આમન્ત્રણ, ગ્રન્થસંપાદક શાસનપ્રભાવક આ.શ્રી હર્ષસાગરસૂરિજી મ.એ અમને આપ્યું છે. તો આવો, આપણે એ અગિયાર આગમલેખોનું વિહંગાવલોકન કરતા કરતા એનો રસાસ્વાદ માણીએ :

* આપણે સર્વપ્રથમ નિહાળીશું 'ભગવતી સૂત્ર' આગમ અંગેનો લેખ. કારણ કે ભગવતી સૂત્ર જેવો સંપૂર્ણ પ્રશ્નોત્તરમય વિરાટકાય આગમગ્રન્થ બીજો કોઇ નથી. વળી એ અમારા પરમગુરુદેવ પૂ.આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. નો પ્રિય પ્રવચનવિષય હતો. એમનો 'ભગવતી સૂત્રનાં પ્રવચનો' ગ્રન્થ છ-છ આવૃત્તિ સાથે અદ્ભુત લોકાદર પામ્યો છે. આ 'ભગવતી સૂત્ર' અંગે આ ગ્રન્થમાં ચિંતનલેખ લખ્યો છે પૂ. ગચ્છાધિપતિ વિદ્વાન આ.શ્રી વિજય રાજયશસૂરિજી મહારાજે. 'ભગવતી સૂત્ર' આગમ પ્રશ્નોત્તર શૈલીમાં છે. એથી એમણે એ લેખ પણ પ્રશ્નોત્તર શૈલીમાં લખ્યો છે અને સરલ ભાષામાં ભગવતી સૂત્ર અંગે કેટલીક માહિતી અને કેટલીક વિશેષતાઓ સરસ પ્રસ્તુત કરી છે. બે બાબતો એ લેખની નિહાળીએ.

(૧) એક શાસ્ત્રીય પદાર્થ બહુ પ્રસિદ્ધ છે કે સંપૂર્ણ સુદીર્ઘાયુષ્ય દરમ્યાન તત્ત્વચિંતનમાં નિમગ્ન અનુત્તર વિમાનના દેવોને જ્યારે તત્ત્વજ્ઞાનસંબંધી કોઇ સંશય-જિજ્ઞાસા જાગે ત્યારે તેઓ અનુત્તરવિમાનમાં રહ્યા રહ્યા ત્યાંથી જ પ્રભુને મનથી પ્રશ્ન પૂછે અને પ્રભુ તે પ્રશ્ન જાણી મનથી જ તેનો

ઉત્તર આપે. આ દેવો કલ્પાતીત-ગમનાગમનાદિ મર્યાદાઓથી રહિત હોય છે. એથી એ આવી રીતે મનથી પ્રશ્ન પૂછે એ યુક્તિસંગત લાગે. પરંતુ આચાર્યશ્રી ભગવતીસૂત્રના પાંચમા શતકના ચતુર્થ ઉદ્દેશમાંની એક નવી વાત એ પ્રસ્તુત કરે છે કે મહાશુક્ર દેવલોકના બે દેવો (કલ્પોપપન્ન હોવાથી) પ્રભુ સમક્ષ પ્રત્યક્ષ આવે છે અને છતાં મનથી પ્રશ્ન પૂછે છે! પભુ પણ એમને મનથી જ ઉત્તર આપે છે...

અહીં પ્રશ્ન એ થાય કે પ્રભુ તો કેવલજ્ઞાની છે. તેથી દેવોના મનની વાત સમજી શકે. પરંતુ દેવો મનઃપર્યવજ્ઞાની નથી, માત્ર અવધિજ્ઞાની છે. તેઓ મનથી જણાવાયેલી વાતને કેવી રીતે ગ્રહી શકે-જાણી શકે? 'પૂજા'કાર ભગવંતે આનો ઉત્તર પૂજામાં આ પંક્તિ દ્વારા આપ્યો છે કે **''નિર્મલ અવધિજ્ઞાને જાણે.''** મતલબ કે તે તે અનુત્તર વિમાનાદિના દેવો નિર્મલ અવધિજ્ઞાન દ્વારા મનોવર્ગણાના પુદ્ગલો પકડી શકે-જાણી શકે છે. એના આકાર દ્વારા પોતાના પ્રશ્નોના ઉત્તરો ગ્રહી શકે છે.

(૨) આચાર્યશ્રી એમના લેખમાં શ્રી ભગવતીસૂત્રગત સોના અને પારાનું ઉદાહરણ આપે છે કે રાસાયણિક પ્રક્રિયાથી સોનું પારામાં ભેળવી દેવામાં આવે તો માત્ર પારો દેખાય, સોનું દેખાય નહિ. અરે! ખૂબી એ થાય કે ન તો પારાનું કદ વધે, ન તો પારાનું વજન વધે : જાણે કે પૂરેપૂરું સોનું ગાયબ જ થઈ ગયું. પછી એ જ સોનું રાસાયણિક પ્રક્રિયા દ્વારા પારામાંથી પુનઃ અલગ પ્રાપ્ત કરી શકાય છે. સંયમના પ્રારંભિક વર્ષોમાં આ પદાર્થ અમે પૂ. ગુરુભગવંતનાં પ્રવચનોમાં પણ સાંભળ્યો હતો. તેઓશ્રી સો તોલા સુવર્ણ પારામાં સમાઈ જવાનું જણાવતા હતા. ત્યારે અમારાં બાલમાનસને આશ્ચર્ય થતું કે આ કેવી ચમત્કાર સમી બાબત છે!

આજે એની સમીક્ષા કરતાં એ વિચાર જાગે છે કે જો પારા અને સુવર્ણ જેવા રૂપી પદાર્થોમાં ય બુદ્ધિ જલ્દી જે સ્વીકારી ન શકે એવું Magic પરિણામ

સર્જાઈ શકે છે તો આત્મા જેવા અરૂપી પદાર્થો માટે અતીન્દ્રિય જ્ઞાનીભગવંતો દ્વારા કરાયેલ **Magic** લાગે તેવી પ્રરૂપણાઓ સ્વીકાર્ય કેમ ન હોઈ શકે? હોઈ જ શકે, જેમ કે આત્મા અચ્છેદ્ય છે-અદાહ્ય છે. અપ્રતિહતગતિયુક્ત છે ઈત્યાદિ પ્રરૂપણાઓ. આત્મા એક જ સરખા આત્મપ્રદેશમય હોવા છતાં એ કીડીના નાનકડા દેહમાં ય પૂરેપૂરો સમાય છે, તો હાથીના વિરાટ દેહમાં ય સમાય છે. પ્રભુશાસનનાં શાસ્ત્રો આવી બાબતોને બુદ્ધિગમ્ય-તર્કગમ્ય બનાવવા એને અનુરૂપ લૌકિક જડબેસલાખ ઉદાહરણોનો સફળ ઉપયોગ કરી જાણે છે. જેમ કે આત્મપ્રદેશોના સંકોચ અને વિસ્તારની પ્રરૂપણાને શ્રી તત્ત્વાર્થ શાસ્ત્રકારે ''**प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत्**'' સૂત્રમાં દીપકનાં ઉદાહરણ દ્વારા અત્યંત સચોટરૂપે સત્ય પુરવાર કરી છે. આ સૂત્ર કહે છે કે દીપક ઘડાની ભીતરમાં મૂક્યો હોય તો એટલા જ ભાગમાં પ્રકાશ પાથરે અને એ જ દીપક વિશાલ ખંડમાં મૂક્યો હોય તો ખંડના વિશાલ વિસ્તારમાં પ્રકાશ પાથરે. એકના એક દીપકના પ્રકાશમાં સંકોચ અને વિસ્તાર ક્ષેત્રનાં કારણે જેમ થાય છે તેમ આત્માના પ્રદેશોનો સંકોચ અને વિસ્તાર એને મળેલ દેહના આધારે થાય છે. ભગવતી સૂત્રનિર્દિષ્ટ પારા-સુવર્ણની પ્રસ્તુતિ હો કે આ દીપકનાં ઉદાહરણની પ્રસ્તુતિ હો : એ એમ સમજાવી જાય છે કે શાસ્ત્રો અપ્રત્યક્ષ અને જલ્દી બુદ્ધિગમ્ય ન બને તેવી કેવલીપ્રરૂપિત બાબતોને આસાનીથી બુદ્ધિગમ્ય બનાવી દે તેવા પ્રત્યક્ષ લૌકિક ઉદાહરણો રજૂ કરવામાં કેવા સુસજ્જ-સક્ષમ છે...

* છ છેદ સૂત્રોમાં જેનું સ્થાન છે એ 'જિતકલ્પ' આગમ અંગે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તુતિ લઈને આ ગ્રન્થમાં આવ્યા છે પૂ. શ્રુતસંશોધક ગચ્છાધિપતિ આ. શ્રી વિજય ધર્મધુરંધરસૂરિજી મહારાજ. પ્રારંભે તેઓ '**पावं छिंदंति०**'આ ભાષ્યગત ગાથા દ્વારા 'પાયચ્છિત્ત' શબ્દનો નિરુક્ત અર્થ કરે છે કે પાય=પાપ અને છિત્ત=છેદે. જે પાપોને છેદી-ભેદીને વિનષ્ટ

કરે તે છે પાયચ્છિત્ત અર્થાત્ પ્રાયશ્ચિત્ત. પ્રાયશ્ચિત્તની પૂર્વભૂમિકામાં હોય છે સાચા હૃદયનો પાપપશ્ચાત્તાપ-પાપએકરાર. એક બહુ જ અર્થસભર વાક્ય અહીં ટાંકવાનું મન થાય કે **"જગતનું એક પણ પાપ એટલું મોટું તો નથી જ કે જે સાચા હૃદયનાં પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્તથી દૂર ન થઇ શકે અને જગતનું એક પણ પાપ એટલું નાનું ય નથી કે જે સાચાં હૃદયનાં પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત વિના દૂર થઇ શકે."**

આચાર્યશ્રી 'જિતકલ્પ' સૂત્રમાં દર્શાવાયેલ આલોચનાદાતા ગીતાર્થગુરુભગવંતોના ગુણોનો ઉલ્લેખ કરે છે. એમાં બે ગુણો બહુ ધ્યાનાકર્ષક છે : (૧) **'अपरिस्रावी.'** આલોચનાદાતા ગુરુ એવા ગંભીર હોય કે એમનાં મુખમાંથી ક્યારે ય આલોચક પુણ્યાત્માનું દુશ્ચરિત્ર કે એનાં દોષ અન્યત્ર અછડતા પણ રજૂ ન થાય. એમનું હૃદય એટલે કે જાણે દોષોને દફનાવી દેતું કબ્રસ્તાન. આવું વ્યક્તિત્વ ધરાવનાર જ આલોચનાદાન કરી શકે. (૨) **'दृढधर्मा.'** આલોચક પુણ્યાત્માની જીવનકથા ચાહે તેવી કાળી કલંકકથાઓથી ભરપૂર હોય તો ય આલોચનાદાતાની ધર્મશ્રદ્ધા મેરુ શી અકંપ રહે. એ સંશયશીલ ન બને કે આ કાળમાં બ્રહ્મચર્યપાલન શક્ય નથી વગેરે. જેમ શ્રદ્ધાનાં સ્તરે એ સંશયશીલતાથી શિથિલ ન બને, તેમ આચારનાં સ્તરે એ સુખશીલતાથી શિથિલ ન બને.

* શાસનપ્રભાવક પૂ. આ.શ્રી રત્નાકરસૂરિજી મ.નો વિષય છે 'અનુયોગદ્વાર'સૂત્ર. ખૂબ વિસ્તૃત અને ઘણા બધા પદાર્થોથી ખચિત આ લેખમાંનું એક ઝલકરૂપ વિશ્લેષણ નિહાળીએ. આ લેખમાં એક સ્થળે શ્રુતજ્ઞાનના સંદર્ભમાં ચાર બાબત દર્શાવાઇ છે : ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા અને અનુયોગ. આમાંની પ્રથમ ત્રણ બાબતો ખૂબ પ્રસિદ્ધ છે. શ્રાવક-શ્રાવિકાનાં ઉપધાન હો કે સાધુ-સાધ્વીજીના યોગ હો : એમાં વારંવાર આ ત્રણ શબ્દો આવે છે અને એને લગતું કાયોત્સર્ગવિધાન મળે છે.

અહીં એ ત્રણે ય ની અને ચોથા અનુયોગની સરલ વ્યાખ્યાઓ કરાઇ છે. ઉદ્દેશ એટલે વિધિપૂર્વક સૂત્રગ્રહણ. ગુરુભગવંત વાચના દ્વારા તે તે સૂત્રનો અને તેના અર્થનો લાભ કરાવે તેને શાસ્ત્રભાષામાં કહેવાય છે ઉદ્દેશ. શ્રુતજ્ઞાનપ્રાપ્તિનું આ પ્રથમ સોપાન છે. પછી આવે સમુદ્દેશ. જે સૂત્ર-અર્થનું અધ્યયન કરાવાયું હોય તેમાં રહી ગયેલ પાઠઅશુદ્ધિને-અર્થવિસંગતિને ગુરુ દૂર કરાવી તે તે શ્રુતને સ્થિરપરિચિત-સુદઢ બનાવે તે છે સમુદ્દેશ. જ્ઞાન સ્થિરપરિચિત-સુસ્પષ્ટ થાય એ ખૂબ અગત્યનું છે. જે ગ્રન્થોના પદાર્થો વારંવાર ઘુંટાઇને ચિત્તપ્રદેશોમાં-બુદ્ધિમાં સ્થિર થઇ ગયા હોય એનું વ્યાખ્યાન-લેખન-અધ્યાપન વ્યક્તિ અધિકારપૂર્વક કરી શકે.

બે ઉદાહરણ આ સંબંધી નિહાળીએ. અમારા પરમગુરુદેવ પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ને દ્રવ્યાનુયોગનો વિષય સ્થિરપરિચિત હતો. અમે નજરે નિહાળ્યું છે કે સામાયિકનાં અધ્યવસાયસ્થાનો કે પાંચમા-છટ્ઠા કર્મગ્રન્થના જટિલ ભાંગાઓ જેવા જે વિષયોની રજૂઆતોમાં અન્યોને મુશ્કેલીઓ આવે તે વિષયો તેઓશ્રી કોઇ પૂર્વતૈયારી વિના વિશદતાથી રજૂ કરે. હમણા જ કહો અને તુર્ત એ વિષયની એમની વાચના શરૂ. સ્વયં પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે પૂ. યુગદિવાકરશ્રીનાં 'ભગવતીસૂત્રના પ્રવચનો' ગ્રન્થ વાંચીને એ ભાવનું લખ્યું છે કે ''છટ્ઠા ગુણસ્થાનકનાં અધ્યવસાય સ્થાનો સંબંધી મારાં મનમાં જે અસ્પષ્ટતાઓ હતી તે આ પ્રવચનો વાંચતા દૂર થઇ ગઇ. એ વિષય એકદમ સ્પષ્ટ થઇ ગયો...'' બીજી વાત બની હતી અમારી. 'ક્ષેત્રસમાસ' ગ્રન્થનો અભ્યાસ એટલો સુસ્પષ્ટ-વિશદ થયો હતો કે વર્ષો બાદ જ્યારે એનાં વિવેચનગ્રન્થનું સંપાદન-સંશોધનકાર્ય આવ્યું ત્યારે એ નવકારપાઠની જેમ સડસડાટ થઇ ગયું. અત્યંત અલ્પ સમય અને કોઇ જ ગૂંચ-સંશય નહિ. આજે ય એ ગ્રન્થનો અભ્યાસ કરાવવાનો આવે તો કોઇ

પૂર્વતૈયારીની જરૂર ન લાગે. બન્નેમાં કારણ એક જ : સ્થિરપરિચિતતા. સમુદ્દેશ આ સ્થિરપરિચિતતા કરાવે છે.

ત્રીજા ક્રમે આવે છે અનુજ્ઞા. જે શ્રુત-આગમ-ગ્રન્થ સૂત્રથી-અર્થથી સ્થિરપરિચિત થઇ ગયા એ વિધિપૂર્વક અન્યોને ભણાવવાનો અધિકાર તે છે અનુજ્ઞા. તે પછીના ક્રમે આવે છે અનુયોગ. અનુ=અનુકૂલ અને યોગ=જોડાણ. અધ્યેતા શિષ્યની બુદ્ધિનું શાસ્ત્રાનુકૂલ અર્થો સાથે જોડાણ-અભિસંધાન કરી આપવું તે છે અનુયોગ...

* પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી વિજય સોમસુંદરસૂરિજી મ. દ્વારા લખાયેલ પરિચયલેખનો વિષય છે 'દશવૈકાલિક' આગમ. જે આગમ પાંચમા આરાના અંત સુધી વિજયવંત રહેવાનું છે તે આ આગમ માટે આચાર્યશ્રી માર્મિક વિધાન કરે છે કે **''સાધુજીવનનો ઉપકારક અને સાધુતાનો ઉદ્ધારક ગ્રન્થ એટલે શ્રી દશવૈકાલિકસૂત્ર આગમ.''** બહુ સાર્થક વાક્યપ્રયોગ છે આ. કારણ કે એમાં પ્રસ્તુત થયેલ વૈવિધ્યસભર આચારમાર્ગની વાતો સાધુજીવન માટે ઉપકારક છે, તો **''इह खलु भो पव्वइओणं उप्पन्नदुक्खेणं संजमे अरइसमावन्नचित्तेणं०''**થી આરંભાતા પ્રથમ ચૂલિકાનાં વચનો પતિતપરિણામી શ્રમણ માટે ઉદ્ધારક છે. પ્રથમ ચૂલિકાના આલાપકમાંની અઢાર બાબતો પતનાભિમુખ શ્રમણને સંયમમર્યાદામાં ટકાવી રાખવા સક્ષમ છે. સ્વયં સૂત્રકારે જ એ અઢાર બાબતો માટે સરસ મજાની ત્રણ ઉપમા આપી છે કે (૧) અશ્વને જેમ લગામ (૨) હસ્તિને જેમ અંકુશ અને (૩) જહાજને જેમ સઢ સુનિયન્ત્રિત રાખે છે તેમ આ અઢાર બાબતો સંયમીને સંયમમર્યાદામાં સુનિયન્ત્રિત રાખી શકે છે... આચાર્યશ્રી આ ગ્રન્થ માટે અન્ય એક સરસ વાક્યપ્રયોગ કરે છે કે આ ગ્રન્થ એટલે ''દ્રવ્યસાધુતાથી ભાવસાધુતાની યાત્રાનો સર્વશ્રેષ્ઠ ભોમિયો.'' દ્રવ્યસાધુતાનો અર્થ છે શ્રમણયોગ્ય બાહ્ય આચારોનું પાલન અને ભાવસાધુતાનો અર્થ છે શ્રમણયોગ્ય આંતર

પરિણતિનું નિર્માણ. શ્રી દશવૈકાલિક ગ્રન્થની ''न चरेज्ज वासे वासंते०.. अणायणे चरंतस्स०...'' વગેરે ગાથાઓ સાધ્વાચારનાં પાલન માટે સાધકને પ્રેરિત કરે છે, તો ''ममत्तभावं न कहिं पि कुज्जा... समसुहदुक्खसहे जे स भिक्खु..'' વગેરે પંક્તિઓ પરિણતિનિર્માણ માટે સાધકને પ્રેરિત કરે છે...

* સુપ્રસિદ્ધ હીંદી સાહિત્યકાર આ. શ્રી વિજય રત્નસેનસૂરિજી મ. 'આચારાંગ' આગમ પર પ્રકાશ પાથરે છે. 'આચારાંગ સૂત્ર'ના મુખ્ય વિષય 'આચાર'ના સંદર્ભમાં તેઓ લખે છે કે ''साधुका पंचाचारमय जीवन ही मौन उपदेश है। आचारपालन के अभावमें धर्मकी सच्ची प्रभावना नही हो सकती है।' બે સરસ સુવાક્યો આ રજૂઆતના સંદર્ભમાં ટાંકવાનું મન થાય છે કે (૧) મણ જેટલા ઉપદેશ કરતા કણ જેટલું આચરણ વધુ અસરકારક છે. અને (૨) શિયાળામાં અગ્નિ વિશેનું સો પેજનું વિવેચન વાંચી જવાથી ઠંડી દૂર થઇ જતી નથી. ઠંડી તો અગ્નિ પાસે જઇ તાપ લેવાથી દૂર થતી હોય છે. પહેલું સુવાક્ય પરકલ્યાણના સંદર્ભમાં આચારનો મહિમા દર્શાવે છે અને બીજું વાક્ય સ્વકલ્યાણના સંદર્ભમાં આચારનો મહિમા દર્શાવે છે.

'લોકવિજય' અધ્યયનનાં 'લોક' શબ્દનું અર્થઘટન કરતાં આચાર્યશ્રી લખે છે કે ''आत्मा से अतिरिक्त माता-पिता-पत्नी-पुत्र-स्नेहीजन आदि लोक है।'' આ લોક પરની મમતાનો ત્યાગ થાય ત્યારે લોકવિજય થયો ગણાય-સાધુજીવન સાર્થક થયુ ગણાય. યાદ આવે અહીં પૂ. મહોપાધ્યાયજીભગવંતનાં કઠોર હિતવચન કે ''चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा.'' ભાવાર્થ કે ચિત્તમાં મમત્વની-કષાયોની ગ્રન્થિઓ ભરપૂર રહી હોય તો બહારની નિર્ગ્રન્થતાનો-બાહ્ય ત્યાગનો કોઈ અર્થ નથી. સ્વજનવર્ગ હોય કે ભક્તવર્ગ : એ સ્વરૂપ 'લોક'નો વિજય પ્રાપ્ત કરવા યાદ રાખવા જેવું છે આ સૂત્ર કે ''લોકમાં રમે એ સંસારી ને શ્લોકમાં રમે

**એ સંયમી...''** આચાર્યશ્રીએ આચારાંગસૂત્રગત ચૌદ માર્મિક બોધવચનો અલગ તારવી એનું સંક્ષિપ્ત વિવરણ કરવા દ્વારા આ આગમપરિચયલેખને વધુ સમૃદ્ધ બનાવ્યો છે...

* વાગડ સમુદાયના આ.શ્રી વિજય કીર્તિચન્દ્રસૂરિજી મ.ના લેખનો વિષય છે 'બૃહત્કલ્પભાષ્ય' આગમ. શ્રુતકેવલી શ્રીમાન ભદ્રબાહુસ્વામીજી પ્રણીત આ આગમમાં કરાયેલ ઉત્સર્ગ-અપવાદ-પ્રાયશ્ચિત્તદાન જેવા ગંભીર વિષયોનાં વર્ણનનાં અનુસંધાનમાં તેઓ લખે છે કે ''ગીતાર્થ એક હોય તો તેમની નિશ્રામાં હજારો વિચરી શકે. પણ એકલા અગીતાર્થોનું ટોળું નકામું ગણાય. આગમના જાણકાર ન હોય તેવા અગીતાર્થનું માર્ગદર્શન ઉત્સર્ગ-અપવાદમાં કામ ન આવે.'' એક જ નુકતેચીની આ વિધાનના સંદર્ભમાં કે **''ઉત્સર્ગની તલવારનો અને અપવાદની ઢાલનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો એની શાસ્ત્રપૂત સમજ ધરાવનાર શ્રમણસૈનિક કર્મ સામેના સંગ્રામમાં વિજયી થયા સિવાય રહેતો નથી...''**

* અનેક હીંદી પુસ્તકોના લેખક આચાર્ય શ્રી જિતરત્નસાગરસૂરિજી મ. 'દેવેન્દ્રસ્તવપયન્ના' આગમના પરિચયમાં દેવલોકની દુનિયાનો સરસ પરિચય કરાવે છે. સમગ્ર લેખ વાંચતા જાણે બૃહત્સંગ્રહણીગ્રન્થ વાંચતા હોઈએ એવો આભાસ થાય. દેવોના આવાસ-દેહવર્ણ-ચિહ્ન વગેરે વિવિધ માહિતી એમાં મળી રહે છે. એક નોંધપાત્ર બાબત એ છે કે આ પયન્નામાં પ્રભુને ૩૨ ઈન્દ્રોથી પૂજિત કહ્યા છે. વસ્તુતઃ પ્રભુસેવા તો ચોસઠે ય ઈન્દ્રો કરે છે. આચાર્યશ્રી ગ્રન્થાધારે એનું સમાધાન આપે છે કે '૬૪ ઈન્દ્રોમાં વિશિષ્ટ ઋદ્ધિસંપન્ન ઈન્દ્રો ૩૨ છે. એ અપેક્ષાએ અહીં ૩૨ ઈન્દ્રોનો ઉલ્લેખ છે.' આ રજૂઆત એ સમજાવી જાય છે કે ઘણી વાર વિવક્ષાભેદે વિધાનભેદ થતા હોય છે. એ સમયે વિવક્ષાને બરાબર સમજવામાં આવે તો વ્યામોહથી અને વિવાદોથી બચી જવાય...

* વિદ્વાન આ. શ્રી વિજય કલ્યાણબોધિસૂરિજી મ. તથા આ.શ્રી વિજય રત્નકીર્તિસૂરિજી મ.ના લેખોનો વિષય છે 'ચઉસરણપયન્ના.' આ આગમનો વિષય જૈન સંઘના આરાધનાર્થી-આત્માર્થી પુણ્યાત્માઓ માટે આજે પણ 'પંચસૂત્ર' અને 'અમૃતવેલની સજ્ઝાય'નાં માધ્યમે ચિરપરિચિત ને સ્થિરપરિચિત છે. કૈંકેટલાય ગુરુભગવંતો થોકબંધ શ્રાવક-શ્રાવિકાઓને 'પંચસૂત્ર'ના પ્રથમ પાપપ્રણિઘાત-ગુણબીજાધાન સૂત્રનો નિત્ય સ્વાધ્યાય કરવાનું જણાવે છે, તો એના સરલ ગુજરાતી ભાવાર્થ સાથેની પુસ્તિકાઓ પણ પ્રકાશિત કરાવે છે. પ્રાકૃતથી અનભિજ્ઞ ગૃહસ્થો સરલતાથી ભાવધારામાં જોડાઈ શકે એ માટે અમે 'અમૃતવેલની સજ્ઝાય'ના પાઠની વિશેષ પ્રેરણા કરીએ છીએ. અમારો અનુભવ એ પણ છે કે ગેય વિષયમાં વ્યક્તિ ભીતરી અનુસંધાન ખૂબ આસાનીથી કરી શકે છે. 'પંચસૂત્ર' હો કે 'અમૃતવેલની સજ્ઝાય': પદાર્થો તો એના આ 'ચઉસરણપયન્ના' આગમના જ છે.

આ. શ્રી કલ્યાણબોધિસૂરિજી એના માટે લેખના પ્રારંભે જણાવે છે કે "શુભ ભાવોની છોળો ઉછાળવામાં, પુણ્યના અનુબંધો દઢ કરવામાં, પાપોની પકડ ઢીલી કરવામાં, વૈરાગ્યના ભાવો શિખરે લઈ જવામાં, સાધનામાં જોમ-જુસ્સો અને જાગૃતિ ઊભી કરવામાં આ પયન્નો બેજોડ છે..." દુષ્કૃતગર્હાનાં વિષયનિરૂપણ સમયે તેઓ શ્રી ભગવતીસૂત્રના પદાર્થનો નિર્દેશ કરે છે કે "સાતે નરકમાં અનેકવાર લઈ જાય એવા કર્મો આ જીવમાં સત્તામાં પડ્યા છે." મન-વચન-કાયાથી સેવાયેલ દુષ્કૃતોનું પરિણામ જો આ છે, તો એ વાત પણ ચોક્કસ છે કે એક પણ વાર સાતમી નર્કે હવે ગયા વિના એ કર્મોનો ખાતમો બોલાવી શકાય છે અને એના અનેક ઉપાયોમાં એક ઉપાય દુષ્કૃતગર્હા છે. પૂજ્ય મહોપાધ્યાયજી ભગવંત 'અમૃતવેલની સજ્ઝાય'માં આ દુષ્કૃતગર્હાનો સાર આ પંક્તિમાં સરલ રીતે

દર્શાવે છે કે ''પાપ જે એહવા સેવિયા, નિંદિયે તેહ ત્રિહું કાળ રે.'' યાદ રહે કે પાપો-પાપવાસનાઓના નાશ માટે ''મિચ્છા મિ દુક્કડં'' જેવો કોઈ શ્રેષ્ઠ મન્ત્ર નથી.

આ. શ્રી રત્નકીર્તિસૂરિજી એક સરસ નિર્દેશ આ આગમના નામસંબંધી કરે છે કે ''જેમ આ ગ્રન્થ 'ચઉસરણપયન્ના' નામે છે તેમ ગ્રન્થકારે આ ગ્રન્થનો કુશલાનુબંધીઅધ્યયન તરીકે પણ ઉલ્લેખ કર્યો છે. **XXX**પહેલું નામ આ ગ્રન્થમાં આવતા વિષયનો નિર્દેશ કરે છે અને બીજું નામ ગ્રન્થમાં પ્રતિપાદિત ભાવોનું સેવન કરવાથી આત્માને જે સુફળ-ઉત્તમ પરિણામની પ્રાપ્તિ થાય તેનો નિર્દેશ કરે છે.'' બહુ સરસ નિરીક્ષણ છે આ. યાદ આવે અહીં તત્ત્વાર્થશાસ્ત્રની સંબંધકારિકાનો એક પદાર્થ. ત્યાં જણાવાયું છે કે સાધનાપ્રભાવે કર્મક્લેશનો સર્વથા અભાવ થાય તે આ માનવજીવનનો પરમાર્થ છે. એની પ્રાપ્તિ ન થાય તો ય કુશલાનુબંધ તો થવો જ જોઈએ. તો પણ માનવજીવન સાર્થક ગણાય. એ કારિકા આ છે કે :-

परमार्थाऽलाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म।।

આચાર્યશ્રીના લેખમાં એક ધ્યાનાકર્ષક બાબત એ છે કે ગ્રન્થકારે એ આગમસૂત્રના પ્રારંભે ત્રણ મંગલ કર્યા છે : (૧) ષડાવશ્યકની વાત (૨) ચૌદ સ્વપ્નનું સ્મરણ (૩) પ્રભુમહાવીરદેવને નમસ્કાર. આમાં પ્રથમ અને ત્રીજું મંગલ સહજ સમજાય તેવું છે. પરંતુ ચૌદ સ્વપ્નસ્મરણ મંગલરૂપે કરાય એ જૂજ નિહાળવા મળતી બાબત છે...

* વિદ્વાન આચાર્ય શ્રી વિજય હંસકીર્તિસૂરિજીનો 'વ્યવહારસૂત્ર' આગમ પરનો પરિચયલેખ વિદ્વત્તાપૂર્ણ તો છે જ, ઉપરાંત અનેકવિધ સરસ પદાર્થોથી ખચિત છે. અલબત્ત, આ સમીક્ષામાં બધા લેખોને સ્થાન

આપવાનું હોવાથી માત્ર ઝલકરૂપ બાબતોની જ સમીક્ષા કરાય છે. એ ઝલકરૂપ બાબતો જોઈએઃ પ્રારંભે 'છેદસૂત્ર'ની મહત્તા ભાષ્યગત ગાથા દ્વારા દર્શાવતા તેઓ આ ભાવની વાત લખે છે કે 'પૂર્વગત પદાર્થો બાદ કરીએ તો, બાકીના તમામ શાસ્ત્રોના પદાર્થો કરતા છેદસૂત્રના પદાર્થો બળવાન છે. કારણ કે સ્ખલિતચારિત્રી જીવોની શુદ્ધિ આ છેદસૂત્રના પદાર્થો દ્વારા થાય છે.' છેદસૂત્રઆગમોને અપાયેલ મહત્તા આપણને એ અંગુલિનિર્દેશ કરે છે કે આલોચના દ્વારા આત્મશુદ્ધિ આરાધનાર્થી માટે સર્વાધિક અગત્યની બાબત છે. યાદ રહે કે **આલોચના વિના આત્મશુદ્ધિ નથી અને આત્મશુદ્ધિ વિના આત્મસિદ્ધિ નથી...** એક સ્થળે તેઓ લોકોત્તર ભાવવ્યવહારી અર્થાત્ ઉત્તમ આલોચનાદાતાના અને લોકોત્તર ભાવવ્યવહર્તવ્ય અર્થાત્ ઉત્તમ આલોચના લેનારના ગુણો આગમાધારે દર્શાવે છે. એમાં આલોચકનો એક ગુણ છે પાપભીરુતા અને બીજો ગુણ છે અકુટિલતા અર્થાત્ સરલતા. આ બન્ને ગુણો ઉત્તમ આલોચના માટે બહુ મહત્ત્વના છે. જો સરલતા ન હોય અને પાપ પ્રત્યેનો ડંખ ન હોય-ડર ન હોય તો વ્યક્તિ દોષોની કબુલાત નહિ, બલ્કે વકીલાત કરે. ખબર છે પેલી રમૂજ કથા?

મુલ્લાજી વિદ્વાન અને કુરાનેશરીફના પૂરા જાણકાર હોવા છતાં દારુના વ્યસની હતા. એક વાર એ રંગે હાથ દારુ પીતા પકડાઇ ગયા. એમણે તો ત્યારે શરમ છોડીને દારુનાં સમર્થનનો દાવ રમતા કહી દીધું કે ''કુરાનમાં જ દારુ પીવાનું લખ્યું છે. આ કાંઇ દોષ નથી.'' એમના અનુયાયીઓને નવાઇ લાગી. એમણે મુલ્લાજીને કુરાનમાંથી એવી પંક્તિ બતાવવા કહ્યું. બેશરમ મુલ્લાજીએ કુરાનમાંથી એક પંક્તિ દર્શાવી. અનુયાયીઓ કહે : ''અરે! આમાં તો લખ્યું છે કે ''દારુ પીવો એ બુરાઇ છે.'' મુલ્લાજીએ ઠંડે કલેજે ઉત્તર આપ્યોઃ ''સાંભળો, હું હજુ 'દારુ પીવો' એટલા શબ્દો સુધી જ પહોંચ્યો છું. આગળનો અભ્યાસ મારે બાકી છે!'' જ્યાં કુટિલતા અને

પાપનિષ્ઠુરતા હોય ત્યાં હાલત આવી હોય. એથી જ વ્યવહારસૂત્રભાષ્યમાં આલોચકના પૂર્વોક્ત ગુણો દર્શાવાયા છે.

આચાર્યશ્રી અન્ય પણ સરસ વાતો આલોચના અંગે જણાવે છે કે (૧) આલોચનામાં પરિસ્થિતિ સાથે મનઃસ્થિતિનું પણ નિરૂપણ કરવું અત્યંત આવશ્યક છે (૨) મુહૂર્તમાત્ર પણ સશલ્ય રહેવું તે સંયમી માટે ઉચિત નથી...

* વિદ્વાન આ. શ્રી વિજય હૃદયવલ્લભસૂરિજી મ.ના આગમપરિચય-લેખનો વિષય છે 'કલ્પાવતંસિકા' આગમ. ધર્મકથાનુયોગરૂપ આ આગમમાં જે દશ કથાનક છે તેમાંના પદ્મઅનગારના કથાનકને તેઓ યથાવકાશ વર્ણવી બાકીના કથાનકની માત્ર નામ-વિગતનો નિર્દેશ કરે છે. પદ્મઅનગારના કથાનકમાં બે બાબતો ધ્યાનાકર્ષક છે. એમાં પ્રથમ છે ધર્મજાગરિકા. ઉત્તરરાત્રિના નિરવ એકાંતમાં પદ્મઅનગાર જે આત્મહિતલક્ષી ચિંતન કરે છે એનાથી જ એમનાં ચિત્તમાં અનશનના ઉત્કટ વૈરાગ્યભીના ભાવો વિકસ્વર થયા છે. આ વાત ચિંતનનો મહિમા દર્શાવે છે. યાદ આવે અહીં પેલું one liner સુવાક્ય કે ''મૃતકને બાળે એ ચિતા, જીવંતને બાળે એ ચિંતા. અને કર્મોને બાળે તે ચિંતન...'' બીજી બાબત છે પાદપોપગમનઅનશન. સાંપ્રત પ્રભુશાસનમાં કાળ-બળ વગેરે કારણે મરણાંત અનશનની અનુજ્ઞા નથી. પરંતુ જ્યારે અનશનની અનુજ્ઞા હતી ત્યારે ભક્તપરિજ્ઞા-ઇંગિની અને પાદપોપગમનઃ આ ત્રણ પ્રકારના અનશન પ્રચલિત હતા. ત્રણે ય માં સૌથી ઉત્કૃષ્ટ અને અતિ કઠિન અનશન પાદપોપગમન હતું. આ અનશનના મુખ્ય ત્રણ નિયમો છે : (૧) ચારે ય આહારનો મરણપર્યંત સંપૂર્ણ ત્યાગ (૨) પોતાના દ્વારા કે અન્યો દ્વારા શરીરપરિકર્મનો-શરીરશુશ્રૂષાનો સંપૂર્ણ ત્યાગ અને (૩) મરણપર્યંત ડાબાપડખે જ સ્થિર રહેવાનું. 'વૃક્ષ' શબ્દનો પર્યાયી શબ્દ છે પાદપ. પાદપની જેમ

એક જ અવસ્થામાં સ્થિર રહેવાનું હોવાથી એ સ્થિતિને નામ અપાયું છે પાદપોપગમન અનશન...

* * *

સાંપ્રત શ્રમણસંઘના સર્વાધિક સંયમ-શ્રુત-વયપર્યાયના ધારક સંઘસ્થવિર પૂ. ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મશતાબ્દીના સમયથી એમના આશ્રિત વૃંદ દ્વારા આરંભાયેલી વૈવિધ્યસભર સાહિત્યયાત્રાનું એક ઉજ્જવલ પાસું એ છે કે એમાં અલગ અલગ અનેક સમુદાયોના વિદ્વાન મહાત્માઓની જ્ઞાનસંપદા મુક્તપણે વેરાયેલી છે. એ સાહિત્યયાત્રાનું એક સર્વોચ્ચ-ઉત્તુંગ શિખર છે આ આગમસંબંધી ચિંતનાત્મક-પરિચયાત્મક ગ્રન્થશ્રેણિ. આ ગ્રન્થશ્રેણિનાં માધ્યમે અગણિત આરાધનાર્થી આત્માઓ આગમો પ્રતિ અહોભાવમંડિત બને અને પ્રજ્ઞાસંપન્ન મહાત્માઓની અભ્યાસરુચિ આગમો તરફ વળે એ જ મંગલ મનઃકામના.

• • •

૪

# આગમોદ્ધારકનાં અજવાળાં

'બહુશ્રુત સૂરિપુરંદર આગમોદ્ધારક પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ.'

નિકટના ભૂતકાળમાં થઇ ગયેલ પ્રભુશાસનના ટોચ કક્ષાના મહાપુરુષોમાં આ વ્યક્તિત્વ એવું હતું કે જેમના માટે નિઃશંક કહી શકાય કે તેઓ પ્રાવચનિક-પ્રવચનપ્રભાવક મહાપુરુષ હતા. ના, સરેરાશ વ્યક્તિઓ 'પ્રવચનપ્રભાવક' શબ્દનું જે સામાન્ય અર્થઘટન કરે છે તે અહીં અભિપ્રેત નથી. શાસ્ત્રો 'પ્રવચનપ્રભાવક' શબ્દનું જે વિશિષ્ટ અર્થઘટન કરે છે તે અહીં અભિપ્રેત છે. જરા સમજીએ આ વાત.

પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય'માં શાસનના આઠ પ્રભાવકોના નિરૂપણસમયે પ્રથમ પ્રભાવક દર્શાવે છે પ્રાવચનિક અર્થાત્ પ્રવચનપ્રભાવક. તેઓશ્રીએ ત્યાં આ 'પ્રવચનપ્રભાવક'ની વ્યાખ્યા કરી છે કે "વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ". એટલે કે વર્તમાનમાં ઉપલબ્ધ શ્રુતના જે પારદશ્વા હોય તેને કહેવાય પ્રાવચનિક. પૂજ્યપાદ સાગરજીમહારાજ આ વિશિષ્ટ અર્થમાં પ્રવચનપ્રભાવક હતા. પૂજ્યશ્રીએ રચેલ બસો ચાલીશ સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થો, પૂજ્યશ્રીની વિરલ આગમવાચનાઓ, પૂજ્યશ્રીએ એકલે હાથે કરેલ આગમોના ઉદ્ધારનું શકવર્તી મહાન કાર્ય, ચતુર્વિધ શ્રી સંઘના જિજ્ઞાસુઓની સેંકડો-હજારો શંકાઓનું સમાધાન કરતાં પૂજ્યશ્રીના 'સાગરસમાધાન' ગ્રન્થો અને અનેક શાસ્ત્રોનાં દોહનરૂપ પૂજ્યશ્રીનાં પ્રવચનગ્રન્થો : આ બધું પૂજ્યશ્રી શાસ્ત્રીય અર્થસંદર્ભના 'પ્રવચનપ્રભાવક' હોવાની સાખ પૂરે છે.

હમણાં એક સંસ્કૃત સુભાષિતશ્લોકમાં પદાર્થ વાંચ્યો કે વિદ્યાપ્રાપ્તિનાં અભ્યંતર કારણો પાંચ છે. પૂ. સાગરજીમહારાજમાં એ પાંચે ય કારણો ખૂબ

જામે જ છે. પરંતુ એમાંનાં બે કારણો વાંચતાવેંત તેઓશ્રીના બે અદ્‌ભુત જીવનપ્રસંગો અનાયાસે તુર્ત સ્મરણમાં ઉપસ્થિત થઇ ગયા. સુભાષિતે દર્શાવેલ પાંચ પૈકીના એ બે કારણોમાં એક હતું બુદ્ધિ. પૂજ્યશ્રીનો બૌદ્ધિક ક્ષયોપશમ કેવો ચમત્કૃતિસભર હતો એ ઉપરોક્ત ગ્રન્થો વગેરેમાં ઠેર ઠેર પ્રતિબિંબિત થાય છે. પરંતુ અમને જે પ્રસંગ સ્મૃતિમાં ઝબક્યો તે એમની પ્રત્યુત્પન્નમતિનો હતો અને તે પણ પ્રારંભિક વર્ષોનો. ઘટના એ આમ બની હતી :

અમદાવાદના એક ઉપાશ્રયે પર્યુષણામહાપર્વ પછીના દિવસમાં અલગ અલગ મુનિવરો એકત્ર થયા હતા. સામૂહિક ગોચરીમાંડલીમાં અન્ય દ્રવ્યો સહુને યથાસંભવ અપાયા. પરંતુ મોસંબીના રસની નાનકડી તરપણી એમ ને એમ પડી રહી. રસ ખૂબ અલ્પ હતો અને મુનિભગવંતો ઘણા હતા. એ સહુ પરસ્પર સૌહાર્દભાવે વિચારતા હતા કે અલ્પ દ્રવ્ય છે. માટે જેમને ખપ હોય તે વાપરે. પરંતુ પરિણામ એ આવ્યું કે કોઈ રસ લેવા જ તૈયાર ન થયું. એક મુનિવરે ગમ્મતમાં કહ્યું : '' હવે આ રસ એ જ વહેંચે કે જે સહુને રસ પહોંચાડી શકે અને મહાત્મા 'ના' કહે ત્યાં સુધી આપે.'' પૂ. સાગરજી મહારાજે આ પડકાર ઝીલી લેતાં કહ્યું : ''હું એ રીતે કરીશ. પણ શરત એ કે હું જણાવું તેમાં જ રસ લેવો.'' પ્રસ્તાવ રજૂ કરનાર મુનિવરને ખાતરી હતી કે નાનામાં નાની પાત્રીમાં રસ લેવાનું કહે તો ય આ રસ સહુને પહોંચવાનો નથી. એમનાં અને સહુનાં આશ્ચર્ય વચ્ચે પૂ. સાગરજીમહારાજે સહુને હાથમાં-હથેળીમાં રસ લેવાનું કહી ના ન કહે ત્યાં સુધી રસ વહેંચવા માંડ્યો. રસ નીચે ન ઢળે માટે સહુ ફરજિયાત ના કહેવા માંડ્યા. તમામ મુનિભગવંતોને રસ વહેંચ્યા પછી ય એમની તરપણીમાં રસ બચ્યો! આ હતો પૂજ્યશ્રીનો પ્રત્યુત્પન્નમતિસંબંધી બૌદ્ધિક ક્ષયોપશમ.

એક સંસ્કૃત શ્લોક મસ્ત રજૂઆત કરે છે કે :-

बाला अपि रवेः पादाः, पतन्त्युपरि भूभृताम्।
तेजसा सह जातानां, वयः कुत्रोपयुज्यते?

ભાવાર્થ કે તાજા ઉદય પામેલ બાલ સૂર્યના કિરણો હજુ તો જન્મ્યા જ હોવા છતાં સામી દિશાના ઉત્તુંગ પર્વતોની ટોચ પર પથરાઈ જાય છે. આ એમ પુરવાર કરે છે કે તેજસ્વી વ્યક્તિત્વોને નાની વયનું પરિબળ ક્યાં ય નડતું નથી! પૂ. સાગરજી મહારાજનો ઉપરોક્ત પ્રસંગ આ સુભાષિતને તાદૃશ કરે તેવો છે.

વિદ્યાપ્રાપ્તિના પાંચ પૈકીનું બીજું અભ્યંતર કારણ પેલા શ્લોકમાં દર્શાવાયું છે ઉત્સાહ. આ ઉત્સાહનાં કારણે જ ક્ષણે ક્ષણના સદુપયોગપૂર્વક જ્ઞાનોપાસનાસંબંધી પ્રબળ પુરુષાર્થ થતો હોય છે. પૂ. સાગરજી મ.નો જ્ઞાનોપાસનાસંબંધી ઉત્સાહ-પુરુષાર્થ-લગન કેવી ગજબનાક હતી તેનું સ-રસ દર્શન થાય છે અધ્યાત્મયોગી પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના એક વાર્તાલાપમાં. એમાં તેઓએ આ ભાવની વાત કરી છે કે "પૂ. સાગરજીમહારાજ પાટણમાં હતા ત્યારે હું (પં.શ્રી ભદ્રંકરવિ.મ.) રોજ બપોરે એમનાં સાન્નિધ્યમાં આરાધનાદિ માટે બેસતો. મનમાં એમના માટે તીવ્ર બહુમાનભાવ એવો હતો કે એક વાર પણ એમણે મને દીક્ષા લેવાનું કહ્યું હોત તો હું એમની પાસે દીક્ષા સ્વીકારત. પરંતુ તેઓ એક ક્ષણ ગુમાવ્યા વિના સતત શાસ્ત્રસંશોધનાદિમાં મગ્ન રહેતા. એથી એક પણ વાર મને બેસાડીને દીક્ષા માટે કાંઈ કહ્યું નહિ. મને સંકોચ હતો. એથી હું સામેથી દીક્ષાના ભાવ વ્યક્ત ન કરી શક્યો." યાદ આવે અહીં શ્રી દશવૈકાલિક આગમની આ પંક્તિ કે "रओ सुयसमाहिओ." તેઓ સાચે જ શ્રુતસમાધિમાં નિરત હતા...

આવા અનન્ય શ્રુતસમાધિરત આ કાળના મૂર્ધન્ય શ્રુતધર મહાપુરુષ પૂ. સાગરજી મ.ના પ્રવચનોનો પ્રકાશ આ પુસ્તકનાં પાને પાને પથરાયો

છે. આજની પ્રવચનશૈલી કરતાં આ પ્રવચનશૈલી નિરાળી અને નજરાણાં સમી લાગે તેમ છે. કેમ કે આજની પ્રવચનશૈલી ક્યાંક હાસ્યરસપ્રધાન છે, તો ક્યાંક વૈરાગ્યોપદેશ સુધી સીમિત છે. જ્યારે પૂજ્યશ્રીની પ્રવચનશૈલી એવી છે જે શ્રોતાને તત્ત્વનો બોધ કરાવે, અન્યાન્ય મતોમાં ક્યાં ખામી છે એનો સ્પષ્ટ ખ્યાલ કરાવે અને વીતરાગધર્મની ઉત્તમ આરાધના તરફ લક્ષ્યશુદ્ધિપૂર્વક પ્રેરિત કરે. એમાં તેઓશ્રીની શાસ્ત્રપરિકર્મિતમતિની સાથે તેજસ્વી તર્કશક્તિના ઝબકાર પણ ઠેર ઠેર નિહાળવા મળે છે. આપણે એની બે-ત્રણ ઝલકો નિહાળીએ :

* સૂક્ષ્મ એકેન્દ્રિયમાંથી બાદર એકેન્દ્રિયમાં અને ક્રમશઃ પંચેન્દ્રિયપણા સુધી ભવિતવ્યતાના જોરે અવાય છે. તેથી નિયતિવાદીઓ દલીલ કરે છે કે એ જ રીતે મોક્ષ પણ ભવિતવ્યતા જ મેળવી આપશે. પૂજ્યશ્રી આનો ઉત્તર તર્ક અને શાસ્ત્ર, ઉભય દ્વારા આવો સરસ આપે છે કે ‘‘માતાનું ધાવણ નાના બચ્ચાઓને જ મળે. પરંતુ વય વધ્યા પછી માતાનું ધાવણ તેને મળે નહિ અને શોભે પણ નહિ. તેમ ભવિતવ્યતા અહીં સુધી લઇ આવે. પરંતુ સ્વર્ગ અને મોક્ષ તો તેનાં કારણોથી જ મળે છે. સૂક્ષ્મમાંથી બાદરમાં આવવાનાં કોઈ કારણો નથી બતાવ્યા. અહીં તો (પંચેન્દ્રિયપણામાં) મનુષ્યમાંથી દેવમાં જવાનાં-નરકમાં જવાનાં કારણો દર્શાવ્યા છે. માટે અહીં માત્ર ભવિતવ્યતાથી કામ ન ચાલે. નાનો બાળક ના ચાવે, પણ મોટા થયા પછી તો ચાવવું જ પડે. તેમ ત્યાં (સૂક્ષ્મ એકેન્દ્રિયાદિમાં) ભવિતવ્યતાથી કામ થઇ ગયું. અહીંયા (પંચેન્દ્રિયપણામાં) તો પુરુષાર્થ કરવો જ પડે. ગોશાળાના મતમાં અને મહાવીરપ્રભુના મતમાં આ તો ફરક છે. તે હંમેશા નિયતિવાદને માને છે. જ્યારે ભગવાન પુરુષાર્થને પ્રાધાન્ય આપે છે. (પ્રવચન-૩૪.)

* ચૌદ ગુણસ્થાનકોમાં પ્રથમ ગુણસ્થાનક મિથ્યાત્વી જીવોનું છે. પૂજ્યશ્રી પહેલા પ્રશ્ન ઉઠાવે છે કે ‘‘અહીં એક પ્રશ્ન થાય કે મિથ્યાત્વ

છતાં ગુણસ્થાનક કઇ રીતે હોઇ શકે? મિથ્યાત્વ કહો તો ગુણસ્થાનક ના કહી શકાય અને ગુણસ્થાનક કહો તો મિથ્યાત્વ ના કહી શકાય. અન્યથા 'મને જન્મ આપનારી માતા વાંઝણી છે' એના જેવી આ વાત કહેવાય.'' પછી તેઓશ્રી આનો જે ઉત્તર આપે છે એમાં તર્કનો ચમકાર અને સ્વંયસ્ફૂર્ત પ્રતિભા ઝળકે છે. ગુણસ્થાનક્રમારોહના શ્લોક કરતાં અલગ ભાત ઉપસાવતો આ ઉત્તર હૃદયને સ્પર્શી જાય તેવો છે. તેઓ ફરમાવે છે કે ''ના, આ વાત તેના જેવી ના કહેવાય. પાણી અને અગ્નિ, બન્ને વિરુદ્ધ પદાર્થ છે. છતાં ગરમ પાણીમાં બન્ને સાથે રહે છે. તેમાં ગરમ છે તે અગ્નિ છે, અન્ય છે તે પાણી છે. તેમ જે મિથ્યાત્વીમાં પણ નમ્રતા હોય, અનાગ્રહ હોય તે તો ગુણો જ કહેવાશે. તેથી મિથ્યાત્વ છતાં ગુણઠાણું તો કહેવાય જ.'' (પ્રવચન-૩૫)

* જૈન ગણાતો અમૂક મત મૂર્તિનો નિષેધ કરે છે, તો હિંસાનાં નામે શ્રાવકને પણ પૂજાનો નિષેધ કરે છે. પૂજ્યશ્રી એનો મજબૂત પ્રત્યુત્તર આપે છે કે ''તેઓને દીક્ષાના વરઘોડામાં હિંસા નથી લાગતી, સાધુની પાલખીમાં હિંસા નથી લાગતી, સ્વયંના સામૈયામાં હિંસા નથી લાગતી, સાધર્મિકવાત્સલ્યમાં હિંસા નથી લાગતી. માત્ર તીર્થંકરની પૂજામાં જ હિંસા નડે છે. કારણ કે ઝવેરાત અને પથ્થરના તોલ કયા કાંટે થાય તેનું તેમને ભાન નથી. (પ્રવચન-૩૨)

અને... હવે નિહાળીએ બે-ત્રણ પ્રેરણાદાયી One liner વાક્યો :

* અન્ય લોકો કહે છે કે ''કર્યો એટલો ધર્મ, ન કર્યું તેનું કાંઇ નહિ.'' જૈન દર્શન કહે છે કે ''કર્યો એટલો ધર્મ, ન કર્યો એટલો અધર્મ.'' (પ્રવચન-૩૨)

* માર્ગ બતાવે તે દેવ, માર્ગ પર ચાલે તે ગુરુ અને માર્ગ તે ધર્મ. (પ્રવચન-૩૨)

* દુનિયાદારીનો મનુષ્ય જીવનને જેટલું ચાહે તેના કરતાં સમકિતી કેવલજ્ઞાનને (સંસારક્ષયને) અનંતગણું ચાહે છે. (પ્રવચન-૩૪).

પૂજ્ય સાગરજી મહારાજનાં પ્રવચનોની આ માત્ર ઝલકો છે-આસ્વાદ છે. એને સંપૂર્ણ માણવા હોય તો આ પુસ્તકનું સ્થિરતાપૂર્વક અવગાહન કરવું જોઈએ.

એક નોંધપાત્ર બાબત એ છે કે કેટલીક વાર પ્રવચનગ્રન્થો વક્તા સ્વયં લખતા હોય છે. જેમ કે અમારા પરમગુરુદેવ પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે સ્વયં આલેખેલ 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' ગ્રન્થ. આ પ્રકારના ગ્રન્થોમાં બોલનાર અને લખનાર બન્ને એક હોવાથી એમાં વક્તાના ભાવો યથાતથ ઝિલાય. જ્યારે પૂજ્ય સાગરજીમહારાજના પ્રવચનગ્રન્થોમાં આવું નથી. તેઓશ્રીએ સ્વયં એક પણ પ્રવચનગ્રન્થ લખ્યો નથી. એમનાં પ્રવચનોનું જુદા જુદા મહાત્માઓએ કરેલ અવતરણ પ્રવચનગ્રન્થરૂપે પ્રકાશિત થયું છે. એથી શક્ય છે કે એમના ભાવો યથાતથ તેમાં ક્યાંક ન પણ ઝિલાયા હોય. એથી કોઈ બાબત બરાબર ન સમજાય તો ''સાગરજી મ. આમ કહે છે?'' એમ ન વિચારાય, બલ્કે ઉપરોક્ત દૃષ્ટિબિંદુથી વિચારાય.

આ પ્રવચનોનું પુનઃ સંપાદન કર્યું છે પૂ. સાગરજીમહારાજના સમુદાયવર્તિની શ્રુતોપાસિકા સા.શ્રી દિવ્યદર્શનાશ્રીજીએ. પ્રવચનોની જૂની ભાષા મઠારીને રજૂ કરવાનું કાર્ય તેઓએ બખૂબીથી કર્યું છે કે તેમાં પૂ. સાગરજી મ.નો ભાવ બરાબર ધ્વનિત થાય. આ રીતે એક-બે નહિ, સો પ્રવચનો સંપાદિત કરવાનો વિરાટ જ્ઞાનયજ્ઞ તેઓએ આદર્યો છે. આ ઉપરાંત સાગરસમુદાયના વર્તમાન ગચ્છનાયક શતાયુષી પૂ. ગચ્છાધિપતિ આચાર્યપ્રવર શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મશતાબ્દી નિમિત્તે અઢળક આયોજનોના પ્રેરક-માર્ગદર્શક બનવાની

સફળ જવાબદારી એમણે અદા કરી તે અલગ. સાધ્વીજી શ્રુતભક્તિ-ગુરુભક્તિનાં ક્ષેત્રોમાં ઉત્તરોત્તર વિકાસ સાધે એ શુભાશિષ સાથે પ્રવચનોના આ સંપુટને અમે સાર્થકપણે કહીશું **'આગમોદ્ધારકનાં અજવાળાં.'** આ અજવાળાંના સથવારે સહુ આત્માર્થી પ્રવાસીઓ પરમપદ તરફની સફર સફળપણે સર કરે એ જ મંગલ મનઃકામના.

• • •

૫

# ‘પંચસૂત્ર’નું પરમૈશ્વર્ય: આગમોદ્ધારકનાં અજવાળાં...

સંસારની સમસ્યાઓથી ત્રાસી ગયેલ-નાસીપાસ થઇ ગયેલ એક યુવાને આખરે જ્યોતિષીનાં શરણે જઇ એને પૂછ્યું : ''ગમે તેટલી જહેમત કરું છું તો ય જીવનમાં સમસ્યાનો કોઈ અંત નથી, ઘરમાં જરા પણ શાંતિ નથી. આમ ને આમ ક્યાં સુધી ચાલ્યા કરશે? હેરાન-પરેશાન થઇ ગયો છું હવે તો હું.''

જ્યોતિષીએ કુંડલી જોઇ યુવાનને કહ્યુંઃ ''ભાઇ! હાલમાં તને શનિની સાડાસાતીનો યોગ છે. એટલે તકલીફ વધતી હોય એમ લાગશે. લગભગ અઢી વર્ષથી તારી આ હાલત હશે, ખરું ને?''

યુવાને દુઃખમિશ્રિત ફીકું હાસ્ય ફરકાવતાં દાઢમાં કહ્યું : ''હા, હા. અઢી વર્ષથી મારી પરેશાની પારાવાર વધી ગઇ છે. કેમ કે અઢી વર્ષ પૂર્વે મારાં લગ્ન થયાં છે! ખરું પૂછો તો મારી સમસ્યાઓ વકરી જવાનાં મૂળમાં પત્નીનો પિત્તળ સ્વભાવ જ છે. નાની પણ નિષ્ફલતામાં એ મારા પર તૂટી પડ્યા વિના રહેતી નથી. પણ તમે સાડાસાતીનું બોલ્યા એનો અર્થ એ જ ને કે કુલ સાડાસાત વર્ષે મારી સમસ્યાઓ ગાયબ થઇ જશે. એમાં અઢી વર્ષ પસાર થઇ ગયા. એટલે હવે પાંચ જ રહ્યા. તો શું પાંચ વર્ષ પછી મારી પત્નીનો સ્વભાવ સુધરી જશે? એનાં કારણે સર્જાતી સમસ્યાઓ સુલઝાઇ જશે?''

જ્યોતિષીએ હસીને ખુલાસો કર્યો : ''ભલા જુવાન, સમજફર્ક થાય છે તને. પાંચ વર્ષ પછી સાડાસાતીનો અંત આવશે. એનો અર્થ એ નથી કે તારી પત્નીનો સ્વભાવ સુધરી જશે. એનો અર્થ એટલો જ છે કે એનો સ્વભાવ તો એવો ને એવો જ રહેશે. ફક્ત તું એનાથી ટેવાઇ જઇશ. એવો ટેવાઇ જઇશ કે પછી તને બધું કોઠે પડી જશે. સમસ્યાઓ છે એવી ફરિયાદો કરવાનું મન નહિ થાય!''

આ રમૂજી કટાક્ષકથા સંસાર સંક્લેશગ્રસ્ત હોવાની વાસ્તવિકતાનો નિર્દેશ હળવી શૈલીમાં કરી જાય છે. ક્યાંક સ્વભાવનાં સંક્લેશ છે, તો

ક્યાંક અભાવના સંક્લેશ છે; ક્યાંક નિષ્ફળતાના સંક્લેશ છે, તો ક્યાંક સફલતાના પણ સંક્લેશ છે; ક્યાંક આફતોમાં સંક્લેશ છે, તો ક્યાંક રાહતોમાં ય (મનઃકલ્પિત ફરિયાદોરૂપે) સંક્લેશ છે. સાંપ્રત જિનશાસનમાં સંક્લેશમુક્ત બનવા માટેનો, બાહ્ય સ્તરે સંક્લેશમય સ્થિતિ હોય તો ય ભીતરથી સંક્લેશમુક્ત બનવા માટેનો, એક રામબાણ ઉપાય ખૂબ પ્રચલિત છે-વ્યાપક છે અને તે છે પરમપવિત્ર પંચસૂત્રમહાગ્રન્થનાં પ્રથમસૂત્રનું સ્વાધ્યાયસ્મરણ. શું શ્રમણભગવંતો કે શું શ્રમણીભગવંતો, શું શ્રાવકવર્ગ કે શું શ્રાવિકાવર્ગઃ આરાધનાના અર્થી-મનઃસમાધિના અભિલાષી પુણ્યાત્માઓ પંચસૂત્રના આ પ્રથમ સૂત્રનો નિત્ય સ્વાધ્યાય એના સરલ-સંક્ષિપ્ત ગુર્જર ભાવાનુવાદ સહિત કરતા વર્તમાનમાં વિશેષપણે નિહાળાય છે. કારણ એ જ કે ચિત્તની સંક્લેશમુક્તિ અને તથાભવ્યતત્વનો પરિપાક. સ્વયં ગ્રન્થકારે મૂળ સૂત્રમાં આ પંક્તિ લખી છે કે ''**भुज्जो भुज्जो संकिलेसे तिकालमसंकिलेसे**'' મતલબ કે સંક્લેશ થયો હોય ત્યારે વારંવાર આ પ્રથમ સૂત્રનો સ્વાધ્યાય-ચિંતન એકાગ્રભાવે થવું જોઇએ અને સંક્લેશ ન થયો હોય તો ય નિત્ય ત્રણ વાર એકાગ્રપણે આ સૂત્રનું પઠન-સ્મરણ-ચિંતન થવું જોઇએ. સ્વયં ગ્રન્થકાર પરમર્ષિનાં આ વચનો જ એ સમજાવી જાય છે કે આ ગ્રન્થ ચિત્તસમાધિ માટે-આત્મકલ્યાણ કાજે કેવા પ્રબળ-સબળ આલંબનરૂપ છે.

ચિત્તાકર્ષક અને કર્ણપ્રિય ગદ્ય ભાષામાં રચાયેલ આ ગ્રન્થ પાંચ સૂત્રોમાં-પાંચ વિભાગોમાં રચાયો હોવાથી એનું ‘પંચસૂત્ર’ નામ સંપૂર્ણ સાન્વર્થ-સાર્થક છે. એનાં પ્રથમ સૂત્રનું નામ છે ‘પાપપ્રણિઘાતગુણબીજાધાન સૂત્ર.’ આ સૂત્રમાં અરિહંત-સિદ્ધ-સાધુ-ધર્મસ્વરૂપ ચતુષ્કનો શરણસ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનનું હૃદયસ્પર્શી વિવરણ છે. બીજા સૂત્રનું નામ છે ‘સાધુધર્મપરિભાવના સૂત્ર.’ એમાં સંસારની અસારતાદિનાં દર્શનપૂર્વક ‘સંયમ કબહી મિલે’ની અભિલાષાનું સરસ-ક્રમબદ્ધ નિરૂપણ છે. ત્રીજા સૂત્રનું નામ છે ‘પ્રવ્રજ્યાગ્રહણવિધિ સૂત્ર’. આ સૂત્રમાં પ્રથમ, માતા-પિતાદિને સાથે લઇ અથવા એમની સંમતિપૂર્વક સંયમસ્વીકારનું

અત્યંત વિવેકપૂર્ણ વિધાન છે અને એ કોઈ રીતે શક્ય જ ન બને તો 'અસ્થાનસ્થિત ગ્લાનના ઔષધાર્થે ત્યાગ'ના દૃષ્ટાન્તથી એમનો પરિહાર કરી સંયમસ્વીકારનું ય નિરૂપણ છે.

ચોથા સૂત્રનું નામ છે 'પ્રવ્રજ્યાપરિપાલના સૂત્ર.' આ સૂત્રમાં અત્યંત દુર્લભ સંયમધર્મની પ્રાપ્તિ બાદ, 'વ્યાધિસુક્રિયા'ના દૃષ્ટાન્તથી એનું શ્રેષ્ઠ પાલન કરવાનો અદ્ભુત ઉપદેશ છે. પાંચમા અને અંતિમ સૂત્રનું નામ છે 'પ્રવ્રજ્યાફલ સૂત્ર.' 'दीक्षा मोक्षार्थमाख्याता' વગેરે વિવિધ વચનો અને ''चरन्ति परमपदं गच्छन्ति जीवा अनेन तच्चरणम्'' વગેરે વ્યાખ્યાઓ એ સમજાવી જાય છે કે પ્રવ્રજ્યાનું અંતિમ શ્રેષ્ઠ ફળ મોક્ષપદની પ્રાપ્તિ છે. આ મોક્ષનું સ્વરૂપ, એની આત્યંતિક-અનંત સુખમયતા વગેરેનું મજાનું નિરૂપણ એ પાંચમા સૂત્રમાં છે. એમ કહી શકાય કે 'પંચસૂત્ર'માં ગ્રન્થકાર પરમર્ષિએ આત્માનાં પ્રારંભિક ઉત્થાનથી આરંભીને આત્મવિકાસની પરમ-ચરમ અવસ્થારૂપ પરમપદની પ્રાપ્તિ સુધીનો એક સુરેખ-સુસ્પષ્ટ નકશો આલેખ્યો છે. એથી આ ગ્રન્થ વિશેષ પઠનીય-અભ્યસનીય-મનનીય અને માનનીય છે.

પરમ ગીતાર્થ ગ્રન્થકાર પરમર્ષિની શાસ્ત્રરચનાપ્રૌઢિ અને આહ્લાદક પ્રસ્તુતિ આ ગ્રન્થના વાક્યે વાક્યે દૃષ્ટિગોચર થાય છે. આપણે એની અલપઝલપ ઝલકો નિહાળીએ :

* પ્રથમ સૂત્રમાં ચતુઃશરણસ્વીકાર અધિકાર પ્રસંગે ગ્રન્થકારે શ્રી અરિહંતપરમાત્મા માટે વિશેષણો પ્રયોજ્યા છે કે ''परमतिलोगनाहा अणुत्तरपुन्नसंभारा खीणरागदोसमोहा अचिंतचिंतामणी भवजलहिपोआ एगंतसरणा.'' ભાવાર્થ કે એ શ્રી અરિહંતભગવંતો ત્રૈલોક્યના પરમનાથ, અનુત્તર અર્થાત્ સર્વોચ્ચ પુણ્યના સ્વામી, રાગ-દ્વેષ-અજ્ઞાનથી સર્વથા રહિત, કલ્પનાતીત ફલદાયક અલૌકિક ચિંતામણિરત્ન સમા, સંસારસમુદ્રના પાર માટે મહાન જહાજ સમા અને એકાંતે શરણ કરવા યોગ્ય છે... તો શ્રી સિદ્ધભગવંતો માટે પણ આવી આહ્લાદક સર્વથા સમુચિત વિશેષણપ્રસ્તુતિ

બાદ, શ્રમણભગવંતો માટે ગ્રન્થકારશ્રી આ મસ્ત વિશેષણહારમાળા રજૂ કરે છે કે ''पसंतगंभीरासया सावज्जजोगविरया पंचविहायारजाणगा परोवयारनिरया पउमाइनिदंसणा झाणज्झयणसंगया विसुज्झमाणभावा.'' મતલબ કે તે શ્રમણભગવંતો પ્રશાંત-ગંભીર ચિત્તમય, સર્વ સાવદ્ય યોગોથી વિરક્ત, આરાધનાર્થે પંચવિધ  આચારોના વિશદ જ્ઞાતા, નિર્લેપ બની રહેતા પદ્મપત્રો આદિની ઉપમાને યોગ્ય, ધ્યાન-અધ્યયનમાં રત અને ભાવધારાની વિશુદ્ધિમાં રમતા હોય છે. કેવા અર્થપૂર્ણ અને ભાવોત્પાદક વિશેષણો છે! શ્રમણનાં આ વિશેષણોનો સ્વાધ્યાય-ચિંતન કરતાં કરતાં જાતનું અન્વેષણ-આત્મનિરીક્ષણ કરવાનું સહજ મન થઇ જાય કે ક્યાં આપણી અવસ્થા અને ક્યાં ગ્રન્થકારે દર્શાવેલ અદ્ભુત શ્રમણાવસ્થા?

* બીજા સૂત્રમાં 'ધર્મજાગરિકા'ના અધિકાર પ્રસંગે મૃત્યુ અંગે આ રસપ્રદ વિશેષણો ગ્રન્થકારશ્રીએ પ્રસ્તુત કર્યા છે કે ''भीसणो मच्चू सव्वाभावकारी अविन्नायागमणो अणिवारणिज्जो पुणो पुणोऽनुबंधी.'' ભાવાર્થ કે મૃત્યુ અતિ ભીષણ છે, તન-ધન-સ્વજનાદિ સર્વનો અભાવ કરનાર છે, એ ક્યારે-કઇ ક્ષણે આવી પડશે એનો કોઇ પાકો ખ્યાલ નથી આવતો, કોઇ પણ ઉપાયે એ નિવારી શકાતું નથી અને મોક્ષ ન થાય ત્યાં સુધી એનો અનુબંધ-પરંપરા ચાલ્યા કરે છે.

પ્રૌઢ શબ્દાવલિની આ માત્ર ઝલક છે. આ ઉપરાંત પણ 'णमो इमस्स धम्मस्स०'अविक्खा अणाणंदे० ઇત્યાદિ અનેક શબ્દરચનાવલિઓ એવી છે કે જે હૈયું ઝકઝોરી દે, ભીતરને સંવેગરસથી તર-બ-તર કરે.

* ત્રીજા સૂત્રમાં ગ્રન્થકારશ્રીએ અસ્થાનસ્થિત ગ્લાનના ત્યાગનું ઉદાહરણ આપ્યું છે. આ ઉદાહરણ દ્વારા તેઓશ્રી એમ સમજાવે છે કે જેમ જંગલમાં ગયેલ સ્વજન-પરિચિતને ત્યાં એકાએક કોઇ મહાતંક-ભયાનક રોગ ભરડો લઇ લે અને એ ત્યાંથી હલી શકે એમ ન હોય તો ઔષધ લાવવા માટે તે સમય પૂરતો તેમનો ત્યાગ કરવો અર્થાત્ ત્યાંથી વિદાય થઇ જવું ઉચિત છે, તેમ કર્મના આતંકગ્રસ્ત માતા-પિતાદિ સંસારજંગલમાંથી બહાર

આવી શકે તેમ ન હોય તો તેમને સમ્યક્ત્વૌષધિ પ્રાપ્ત કરાવવા કાજે તેમનો ત્યાગ કરીને પણ મુમુક્ષુએ સંસારજંગલમાંથી વિદાય થઇ સંયમી બની જવું સર્વથા ઉચિત છે. આ સમગ્ર પદાર્થનિરૂપણમાં ગ્રન્થકારશ્રીએ દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક ઉભયમાં બરાબર શબ્દશઃ સરખામણી કરતી જે મજબૂત રજૂઆત કરી છે એ અહોભાવ પ્રગટાવી દે એવી છે. જેમ કે દૃષ્ટાંતમાં '**संभवओसहे महायंके सिआ**' ફરમાવ્યું, તો દાર્ષ્ટાન્તિકમાં '**संभवंतसम्मत्ताइ ओसहे मरणाइविवागे कम्मायंके सिआ**' ફરમાવ્યું; દૃષ્ટાંતમાં '**न भवंति एए नियमओ ओसहमंतरेण**' જણાવ્યું, તો દાર્ષ્ટાન્તિકમાં '**विणस्संति एए अव्वस्सं सम्मत्ताइओसहविरहेण**' જણાવ્યું.

* આ જ રીતે ચતુર્થ સૂત્રમાં ગ્રન્થકારશ્રીએ વ્યાધિસુક્રિયાનું ઉદાહરણ આપ્યું છે. આ ઉદાહરણ દ્વારા ગ્રન્થકારશ્રી એમ ફરમાવે છે કે જેમ વ્યાધિગ્રસ્ત વ્યક્તિ સુવૈદ્યના માર્ગદર્શનાનુસાર કડવાં ઔષધ-તુચ્છ પથ્ય ભોજન-યથેચ્છાચારનિયન્ત્રણ દ્વારા રોગમુક્ત બને ને એ પ્રક્રિયા દરમ્યાન અકળાવાનાં સ્થાને વૈદ્યનો ઉપકાર માને, તેમ કર્મવ્યાધિગ્રસ્ત મુમુક્ષુ સંયમી પુણ્યાત્મા સદ્ગુરુના માર્ગદર્શનાનુસાર કષ્ટમય આચાર-અસાર નિરસ નિર્દોષ ભોજન-પ્રમાદાચારનિયન્ત્રણ દ્વારા ક્રમશઃ કર્મરોગમુક્ત બનતો જાય અને એ કષ્ટમય પ્રક્રિયા દરમ્યાન અકળાવાનાં સ્થાને સદ્ગુરુનો પરમોપકાર માને. આ પદાર્થનિરૂપણમાં પણ ગ્રન્થકારશ્રીએ દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકમાં શબ્દશઃ ઘણી સરખામણી કરી છે. જેમ કે દૃષ્ટાંતમાં ''**केइ महावाहिगहिए अणुहूअतव्वेअणे विण्णाया सरूवेण निव्विण्णे तत्तओ सुविज्जवयणेण सम्मं तमवगच्छिअ जहाविहाणओ पवण्णे सुकिरिअं**'' ફરમાવ્યું, તો દાર્ષ્ટાન્તિકમાં ''**कम्मवाहिगहिए अणुहूअजम्माइवेअणे विण्णाया दुक्खरूवेण निव्विण्णे तत्तओ तओ सुगुरुवयणेण अणुट्ठाणाइणा तमवगच्छिअ पुव्वुत्तविहाणओ पवण्णे सुकिरिअं पव्वज्जं**'' ફરમાવ્યું; દૃષ્ટાંતમાં તેઓશ્રીએ ''**सिराखाराइजोगेवि वाहिसमारुग्गविण्णाणेण इट्ठनिप्फित्तीओ अणाकुलभावणाए किरिओवगेण अपीडिए अव्वहिए सुहलेस्साए पवड्ढइ विज्जं च बहुमन्नइ**''

જણાવ્યું, તો દાર્ષ્ટાન્તિકમાં ''परिसहोवसग्गभावे वि तत्तसंवेअणाए कुसलासयवुड्ढीथिरासयत्तेण धम्मोवगाओ सया थिमिए तेउल्लेसाए पवड्ढइ गुरुं च बहुमन्नइ'' જણાવ્યું.

આ અને આવી આવી અનેક વિશિષ્ટતાઓ ગ્રન્થ અને ગ્રન્થકારશ્રી પ્રત્યે અંતરમાં અનુપમ અહોભાવના પૂર પ્રસરાવી દે એમ છે...

આ પંચસૂત્રગ્રન્થના કર્તાનો સ્પષ્ટ નામોલ્લેખ મળતો ન હોવાથી એને ચિરન્તનાચાર્યરચિત ગ્રન્થ તરીકે મહદંશે ઓળખાવાય છે. પરંતુ કેટલા ય વિદ્વાનો અત્યંત દઢપણે એમ માને છે કે આની રચનાશૈલી તેમજ સૂરિપુરંદર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની પંચસૂત્રટીકાની અન્ત્ય પ્રશસ્તિના શબ્દોમાંથી મળતો સંકેત વગેરે જોતાં પંચસૂત્રગ્રન્થ શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની જ અદ્ભુત કૃતિ છે...

'પંચસૂત્ર' પર પૂજ્યપ્રવર ચૌદસો ચુમ્માલીશ ગ્રન્થસર્જક વિદ્વત્શિરોમણિ આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. રચિત ટીકા છે જે આજે પણ ઉપલબ્ધ છે. પરંતુ તે ટીકા વર્તમાનકાલીન મંદબુદ્ધિ જીવો માટે દુર્ગમ જણાવાથી આ કાળના મહાન આગમજ્યોતિર્ધર આગમવાચનાદાતા બહુશ્રુત પ્રાવચનિક પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે 'પંચસૂત્ર'ના પ્રથમ સૂત્ર પર 'વાર્તિક'ની અને શેષ ચાર સૂત્ર પર 'તર્કાવતાર' વિવરણની રચના કરવાની અભિલાષા કરી હતી. સ્વયં પૂજ્ય સાગરજી મહારાજે પ્રથમ સૂત્રના વાર્તિકની પ્રશસ્તિમાં આનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે :-

दृब्धा यस्य च वृत्तिराप्तभणिति-प्रौद्भूतबोधैः किल,
सूरीशैर्हरिभद्रनामसुभगै-र्जैनागमैकोद्धुरैः।
सा विज्ञावलिवेद्यतत्त्वसुभगा यैदंयुगीनैर्जने-,
स्तादृग्बुद्धिवियोगतोऽवगमितुं नैव क्षमा संविदे।।

આ કારણ ઉપરાંત અન્ય મુખ્ય કારણરૂપે જણાય છે પૂજ્ય સાગરજી મહારાજની 'પંચસૂત્ર'ગ્રન્થ પર વિશિષ્ટ ભક્તિ. આ વિશિષ્ટ ભક્તિનાં

કારણે જ તેઓશ્રીએ વિ.સં. ૧૯૮૩માં પંચસૂત્રનાં પાંચે ય સૂત્રોની સંસ્કૃતછાયારૂપે, પ્રશસ્તિ સહિત ૨૦૧ શ્લોકની પદ્યકૃતિ રચી હતી. આગળ જતાં આ ભક્તિવશ તેઓશ્રી વાર્તિક રચવા પ્રેરાયા હોય એમ અનુમાન સહજ કરી શકાય. અહોભાવ પ્રગટાવે તેવી એક નોંધપાત્ર બાબત એ છે કે પૂજ્ય સાગરજી મહારાજે આ વાર્તિકની રચના આયુષ્યના અંતિમ પડાવ તરફ હતા ત્યારે કરી હતી. વાર્તિકની પ્રશસ્તિમાં તેઓશ્રીએ વિ.સં. ૨૦૦૫નું વર્ષ લખ્યું છે અને વિ.સં. ૨૦૦૬માં તેઓશ્રી કાલધર્મ પામ્યા હતા. પંચોતેર વર્ષની વયે જ્યારે શારીરિક-માનસિક શક્તિ દિન-પ્રતિદિન ક્ષીણ થતી જાય ત્યારે આવી ગંભીર શાસ્ત્રપદાર્થમય સંસ્કૃતરચના કરવી એ ખરેખર નમસ્કરણીય-અહોભાવપ્રેરક ઘટના ગણાય. અલબત્ત, એ અલગ વાત છે કે આયુષ્યના અંતિમ પડાવ તરફના સમયમાં આ સર્જન શરૂ થયું હતું એથી એ બીજા સૂત્રના પંચ અણુવ્રતના અધિકાર પછી અપૂર્ણ રહી ગયું. પરંતુ એમ ચોક્કસ માની શકાય કે આ વાર્તિક પૂજ્ય સાગરજીમહારાજના સંસ્કૃત ગ્રન્થસર્જનોનું જ નહિ, સાંપ્રત જિનશાસનનું પણ અણમોલ આભૂષણ છે.

આ વિવરણમાં પૂર્વાચાર્યોક્ત ગ્રન્થોનું સ્મરણ કરાવે તેવી પ્રૌઢ ભાષાસમૃદ્ધિ છે, તો શ્રી ભગવતીસૂત્ર-નંદિસૂત્ર-આચારાંગ-ઉત્તરાધ્યયન-દશવૈકાલિક આદિ આગમોના અને વિશેષાવશ્યક-ષોડશક-યોગબિંદુ-તત્ત્વાર્થસૂત્રભાષ્ય-પ્રશમરતિ-યોગશાસ્ત્ર વગેરે પ્રકરણગ્રન્થોના પાઠો-ઉલ્લેખો છે; અનેક તાત્ત્વિક તાર્કિક ચર્ચાઓ છે, તો અનેક શાસ્ત્રોનાં દોહનરૂપ પદાર્થનિરૂપણ છે જે પૂજ્ય સાગરજી મહારાજની પ્રખર પ્રજ્ઞા-પ્રતિભાનો મજાનો પરિચય કરાવે તેમ છે. આપણે એ પ્રથમસૂત્રસંબંધી વાર્તિકના કેટલાંક ઝલકરૂપ વિવરણો નિહાળીએ :

* મૂળ ગ્રન્થના પ્રારંભે શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર કરતા ગ્રન્થકારશ્રીએ એમના ચાર અતિશયોનો નિર્દેશ '**वीअरागाणं सव्वण्णूणं देविंदपूइयाणं जहटिठयवत्थुवाईणं**' આ વિશેષણોથી કર્યો છે. આ વિશેષણો પૈકીના '**देविंदपूइयाणं**' વિશેષણનું વિવરણ કરતા વાર્તિકકાર

પૂજ્યશ્રીએ લખ્યું છે કે ''सा जिननाम्न उदयादेव'' એટલે કે આ દેવેન્દ્રપૂજિતતા શ્રી તીર્થંકરનામકર્મના ઉદયથી છે. સામાન્યપણે પ્રસિદ્ધિ એ છે કે શ્રી તીર્થંકરનામકર્મનો ઉદય પ્રભુની અગ્લાનભાવની ધર્મદેશનારૂપ છે. તો એમાં દેવેન્દ્રપૂજિતતા ય આવે ખરી? આવી શંકા જિજ્ઞાસુને ન થાય એટલે પૂજ્યશ્રીએ તરત 'આવશ્યકનિર્યુક્તિ'નો શાસ્ત્રપાઠ આપ્યો કે ''धम्मदेसणाइहिं.'' ત્યાં આવશ્યક નિર્યુક્તિમાં મૂળ ગાથાપંક્તિમાં આ છે કે ''तं च कहं वेइज्ज? अगिलाए धम्मदेसणाइहिं'' અર્થાત્ ''તે તીર્થંકરનામકર્મ કઈ રીતે વેદાય છે? અગ્લાન ધર્મદેશના વગેરેરૂપે વેદાય છે.'' આમાં જે 'વગેરે' શબ્દ છે તેનાથી શાસ્ત્રકારોએ અનેક સ્થળે દેવેન્દ્રપૂજિતતાદિનું ગ્રહણ કર્યું હોવાનું પૂજ્યશ્રી સ્પષ્ટીકરણ કરે છે...

* ભાષાકીય વ્યવહારોમાં કેટલાક શબ્દો આપણને સમાનાર્થી લાગતા હોય છે : જેમ કે નમન અને વંદન, પ્રવચન અને વ્યાખ્યાન વગેરે. પરંતુ એ શબ્દોમાં પણ થોડો થોડો અર્થભેદ હોઈ શકે છે. પ્રસ્તુત પંચસૂત્રગ્રન્થમાં પ્રારંભે એક ક્રિયાપદપ્રયોગ છે કે 'आइक्खंति' અર્થાત્ (શ્રી અરિહંત ભગવંતો) 'કહે છે.' આ કહેવું એટલે કે 'આખ્યાન કરવું' અને 'ભાષણ કરવું' બન્ને શબ્દો આપણને સમાન લાગે. એથી 'आइक्खंति' નાં સ્થાને 'भासंति'લખ્યું હોત તો સરલ લાગત એવો વિચાર ઉદ્ભવી શકે. વાર્તિકકાર પૂજ્યશ્રી સ્પષ્ટતા કરે છે કે આ આદિધાર્મિકસંબંધી અધિકાર હોવાથી અહીં કરાયેલ આખ્યાન શબ્દપ્રયોગ જ યોગ્ય છે, ભાષણ વગેરે નહિ. પછી તેઓશ્રી આખ્યાન-ભાષણ વગેરે છ ભેદોને શ્રી દશવૈકાલિકસૂત્રના પ્રથમાધ્યયનનાં ઉદાહરણોપૂર્વક આ રીતે સરસ સમજાવે છે કે (૧) 'ધર્મ મંગલ છે' આને કહેવાય આખ્યાન (૨) તે ભાવધર્મરૂપ હોવાથી ઉત્કૃષ્ટ મંગલ હોવાનું કહેવાયું તે છે ભાષણ (૩) એ ધર્મના અહિંસા-સંયમ-તપરૂપ ભેદ કહ્યા તે છે પ્રરૂપણા (૪) દેવો પણ ધર્મીને નમસ્કાર કરતા હોવાનું જણાવાયું તે છે પ્રજ્ઞાપના (૫) આવા ધર્મીરૂપે સાધુનો નિર્દેશ 'जे लोए संति साहुणो' પદથી કરાયો તે છે દર્શન અને (૬) 'तेण वुच्चंति साहुणो' કહી વાતનો વિરામ કરાયો તે છે ઉપદર્શન. તેમાં આખ્યાન પ્રાથમિક બાબત

હોવાથી ગ્રન્થકારે 'आइक्खंति' નો સમુચિત શબ્દપ્રયોગ કર્યો હોવાનું વિવરણ વાર્તિકકારે ઉપરોક્ત રીતે કર્યું છે...

✱ ગ્રન્થકારે, દુઃખરૂપ-દુઃખફલક-દુઃખાનુબંધક સંસારનો વિચ્છેદ શુદ્ધ ધર્મથી થાય છે આ વાત જણાવવા 'एयस्स णं वोच्छित्ती...०' પંક્તિ લખી છે. આમાંના 'एयस्स' પદનાં વિવરણમાં વાર્તિકકારે 'एयस्स' નો એક અર્થ 'દુઃખસ્વરૂપાદિ સંસારનો'તો કર્યો જ છે. ઉપરાંત બીજો વિશિષ્ટ અર્થ 'કર્મસંયોગનો' કર્યો છે. કેમ કે સંસારનો પણ હેતુ કર્મસંયોગ છે અને આ શબ્દનો ઉલ્લેખ પૂર્વપાઠમાં હોવાથી 'एयस्स' નો સંબંધ ત્યાં થઇ શકે છે. આ અર્થઘટનમાં તેઓશ્રી સરસ ઉદાહરણ આપે છે કે જેમ પ્રકાશની ઉત્પત્તિ અને નાશ સ્વયં થતો નથી પરંતુ દીપક આદિ દ્વારા થાય છે. (દીપક આદિ પ્રગટે તો પ્રકાશ થાય અને એ બુઝાય તો પ્રકાશનો નાશ થાય) તેમ સંસારની ઉત્પત્તિ તથા નાશ સ્વયં થતો નથી, પણ કર્મસંયોગની ઉત્પત્તિ અને નાશથી સંસારની ઉત્પત્તિ તથા નાશ થાય છે. માટે 'एयस्स' થી કર્મસંયોગ લઇ એના વિચ્છેદથી સંસાર વિચ્છેદ સમજવો...

✱ મૂળ ગ્રન્થકારે પંચસૂત્રમાં શ્રી અરિહંત પરમાત્મા માટે એક વિશેષણ આપ્યું છે 'अचिंतचिंतामणी'. અરિહંત પ્રભુ રાગ-દ્વેષથી રહિત હોવાથી આશ્રિતના શત્રુઓનો ક્ષય કરતા નથી કે આશ્રિત પર સંતુષ્ટ-પ્રસન્ન થઇ જતા નથી. 'આવું કાંઇ ન કરતા પ્રભુનું શરણ સ્વીકારવાથી શો લાભ?' એવો અનર્થકારી વિચાર કોઇ ન કરે એ માટે આ अचित्तचिंतामणी' વિશેષણ હોવાનું ફરમાવી વાર્તિકકાર આ મજાની પંક્તિઓ દ્વારા ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર આપે છે કે :-

''चिन्तामण्यादय आराधकविराधकेष्वरक्तद्विष्टाः सन्त आराधकानामिष्टसिद्धयादिनेष्टार्थसाधकत्वं विराधकानां च दारिद्र्यापत्त्यादिनाऽनिष्टापादानद्वाराऽनिष्टोत्पादका भवन्ति, भगवन्तोऽर्हन्तः क्षीणरागद्वेषमोहा अपि तद्गुणज्ञानबहुमानाऽदरादिनाऽराधकानामानन्तर्येण प्राप्यत्वाभिमतभ्युदयं पारम्पर्येण साध्यत्वेन बहुमानितं निःश्रेयसं

सम्पादयन्ति तदाज्ञाऽनङ्गीकाराऽश्रवप्रवृत्त्यादिभिर्विराधकानां चाऽनन्तसंसारवृद्धि-दुर्लभबोधित्वादिनानिष्टभरं सम्पादयन्ति.'' ભાવાર્થકે ચિંતામણિરત્નાદિ પોતાની વિધિસર આરાધના કરનારને વાંછિત પ્રાપ્તિ કરાવવારૂપે ઈષ્ટસાધક બને છે અને પોતાની અવજ્ઞા-વિરાધના કરનારને દરિદ્રતાપ્રાપ્તિ આદિ કરાવવારૂપે અનિષ્ટકારક બને છે તેમ શ્રી અરિહંતભગવંતો દ્વારા ય થાય છે. તે અરિહંતો ભલે રાગ-દ્વેષ-મોહનો ક્ષય કરનાર હોય, પરંતુ તેમના ગુણોના જ્ઞાનપૂર્વક તેમનું બહુમાન-આદરાદિ કરનાર આરાધકોને તેઓ અનંતરપણે પ્રાપ્ય ઈષ્ટ અભ્યુદય અને પરંપરપણે સાધ્ય પરમપદ પ્રાપ્ત કરાવે છે. એ જ મુજબ જિનાજ્ઞાઅસ્વીકાર-આશ્રવપ્રવૃત્તિ આદિ દ્વારા તેમની વિરાધના કરનારને તેઓ અનંત સંસારવૃદ્ધિ-દુર્લભબોધિતા વગેરે અનિષ્ટની પ્રાપ્તિ કરાવનાર બને છે. શ્રી અરિહંતપ્રભુ સ્વયં ભલે કોઈને શિરપાવ યા શિક્ષા આપવામાં તત્પર ન હોય-વીતરાગભાવમાં સ્થિર હોય. પરંતુ તેમની ભક્તિ-અભકિતનાં ફળ શું હોય તે જણાવીને વાર્તિકકારે 'अचिंतचिंतामणी' વિશેષણનું વિવરણ કર્યું છે...

* હવે ઉપરોક્ત પદાર્થનાં અનુસંધાનમાં, એક સરસ સ્પષ્ટતા કરતું વાર્તિકકારનું અન્ય વિવરણ જોઈએ. 'अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं' આ મૂળ સૂત્રપંક્તિના વાર્તિકમાં પૂજ્યશ્રી જણાવે છે કેઃ- ननु च यथा सद्गत्यादिनिमित्तत्वाद् भगवतां तत्तद्दातृत्वं कथ्यते, तथा दुर्गत्यादिदातृत्वात्तद्दातृता कथं न कथ्यते? इति चेत् सत्यं, सूर्यादीनां प्रकाशकरत्वाद् यथा दिनकरत्वादि कथ्यते अवटपातादि तु न तत्कृतमिति गीयते, तथा भगवतामति शिवादिकारणतया शासनस्य प्रणयनादिना शिवादिदातृत्वं कथ्यते परं दुष्टाध्यवसायजन्याया दुर्गतेस्तु प्रमादादिहेतुत्वात् तत्र च परमात्मनां सर्वथा सर्वदा निषेधकत्वेन प्रतिकूलत्वादंशेनाऽपि नास्त्येव कारणता दुर्गत्यादेः तेन एकान्तहितकरा एवार्हन्तो भगवन्तः''

ભાવાર્થ કે જો પરમાત્મા સદ્ગતિ આદિમાં નિમિત્ત બનવાથી સદ્ગતિ આદિના દાતાર કહેવાય છે તો (પૂર્વોક્ત કથન મુજબ) પ્રભુ દુર્ગતિ આદિના

દાતાર પણ થતા હોવાથી તેમને દુર્ગતિના દાતાર કેમ કહેવાતા નથી? આવી જો દલીલ કરાય તો એ દલીલ ભલે સાચી જણાતી હોય, પરંતુ વાસ્તવિકપણે એ સત્ય નથી. જેમ કે સૂર્ય પ્રકાશ કરનાર હોવાથી એને 'દિનકર' આદિ શબ્દોથી ઓળખાવાય છે. પણ ધારો કે એ પ્રકાશમાં કોઈ વ્યક્તિ ચાલતા ચાલતાં સ્વપ્રમાદાદિથી કૂવામાં પડી જાય તો સૂર્યની ઓળખ 'કૂવામાં પાડનાર' તરીકે થતી નથી. એ જ રીતે શ્રી અરિહંતભગવંતના વિષયમાં વિચારવું કે તેઓ મોક્ષાદિનાં કારણરૂપ શાસનસ્થાપના કરનાર હોવાથી મોક્ષાદિનાં દાતારરૂપે કહેવાય છે. પરંતુ દુષ્ટ અધ્યવસાયજન્ય દુર્ગતિના હેતુઓ પ્રમાદાદિ હોવાથી અને પરમાત્મા એના સંપૂર્ણ નિષેધકર્તા હોવાથી, કોઈ પોતાના પ્રમાદાદિથી દુર્ગતિ પામે તો પ્રભુ એમાં કોઈ રીતે કારણરૂપ નથી-જવાબદાર નથી. અરિહંત ભગવંતો તો એકાંત કલ્યાણકારી છે...

કેવી હૃદયંગમ તર્કસભર રજૂઆતો છે આ '**अचिंतचिंतामणी**' અને '**अणुमोएमि सव्वेसिं अरिहंताणं अणुट्ठाणं**'ના વાર્તિકમાં...

* પંચસૂત્રના ચતુઃશરણાધિકારમાં શ્રી જિનધર્મ માટે વિશેષણ પ્રયોજાયું છે '**कम्मवणविहावसू.**' આ ઉપમાને અત્યંત સુયોગ્યરૂપે સરખાવતાં વાર્તિકકાર પૂજ્યશ્રી આ શબ્દો લખે છે કે ''**वनस्पतौ हि साधारणं छिन्नमपि पुनरङ्कुरयति शरीरं परं दग्धं तु साधारणं प्रत्येकं वा यत्किमपि शरीरं भवतु न प्ररोहति, तथाऽत्रापि शामितं कर्म पुनरुद्भवति, न तु क्षीणमिति। अपुनरुद्भवतया क्षयस्य साधनं समूलो नाशः स च वनस्पतेरग्निनैव सम्पाद्यते, कर्मणां काष्ठरूपाणामपि नाशः केवलिप्रज्ञप्तधर्मरूपाग्नेरेवेति सुष्ठूक्तं कर्मवनविभावसुरिति**'' મતલબ કે વનસ્પતિમાં એક 'સાધારણ' નામે વિભાગ એવો છે કે જે છેદાઈ જાય તો ય પુનઃ અંકુરિત થાય છે-ઊગે છે. પરંતુ જો વનસ્પતિને બાળી નાંખવામાં આવે તો પછી તે વનસ્પતિ સાધારણ યા પ્રત્યેક કોઈ પણ વિભાગની હોય તો ય ઊગી શકતી નથી. તે જ રીતે કર્મ પણ ઉપશાંત હોય તો પુનઃ અંકુરિત થાય છે. પણ જો ક્ષીણ હોય તો તે પુનઃ અંકુરિત થતું નથી. 'પુનઃ ઉદ્ભવ ન થાય એ રીતે ક્ષયની સિદ્ધિ કરવી તેને કહેવાય સમૂલ નાશ.'

વનસ્પતિનો આવો નાશ ફક્ત અગ્નિ દ્વારા જ થાય છે. કાષ્ઠોપમારૂપ કર્મોનો આવો નાશ કેવલિપ્રજ્ઞપ્ત  ધર્મરૂપ અગ્નિથી જ થાય છે. માટે અહીં એ ધર્મ માટે પ્રયોજાયેલ ‘કર્મવન બાળવામાં અગ્નિ’ વિશેષણ એકદમ સાર્થક છે...

કેટલી સચોટ સરખામણી છે આ. હજુ તો એ પદનાં વિવરણમાં કર્મરૂપવન અને ધર્મરૂપ અગ્નિની સરખામણી અનેકશઃ આગળ ચાલે છે. આપણે માત્ર એનો અંશ અહીં ટાંક્યો છે...

* પંચસૂત્રના સુકૃતાનુમોદનાધિકારના પ્રારંભે વાર્તિકકાર પૂજ્યશ્રીએ એક સરસ ચર્ચા છેડી છે. આપણે ત્યાં ‘પૂજા’ની એક પંક્તિ ખૂબ પ્રસિદ્ધ છે કે ‘‘કરણ-કરાવણ ને અનુમોદન, સરીખા ફળ નીપજાયો.’’ કોઈ આળસુ-પ્રમાદી વ્યક્તિ આ પંક્તિની આડશ લઈ એમ કહે કે ‘‘મારે પૂજા-સામાયિક-તપ વગેરે અનુષ્ઠાનો કરવા નથી. હું ફક્ત અનુમોદના કરીશ. એનું ફળ પણ કરણ જેટલું જ મળે છે ને.’’ તો આવી વ્યક્તિને ખ્યાલ આપવા વાર્તિકમાં પૂજ્યશ્રી આમ લખે છે કે ‘‘कर्तृ–कारका–ऽनुमोदकानां श्री बलभद्रमुनि–रथकार–मृगदृष्टान्तेन या समानफलताऽम्नायते जैने शासने सा कर्तृताऽद्दीनां यथोत्तरं शक्तेरभावे ज्ञेया, सद्भावे तु शक्तेः प्रमादादिभिरनाचरणे सुकृतानां नैव कारकाऽनुमोदकत्वेन समानफलवत्ता’’. ભાવાર્થ કે શ્રી બલભદ્રમુનિ-રથકાર-મૃગનાં દષ્ટાંત દ્વારા ક્રમશઃ કર્તા-કારક-અનુમોદકને એક સમાન ફળ પ્રાપ્ત થવાની જે વાત શ્રી જિનશાસનમાં મનાય છે તે યથોત્તરપણે કરણાદિની શક્તિ ન હોય ત્યારે સમજવી. કરણની  શક્તિ હોય અને તેમ છતાં પ્રમાદાદિ કારણે અનુષ્ઠાનાદિનું આચરણ ન કરાય તો તે સુકૃતોનાં માત્ર કરાવણ-અનુમોદન કરવામાં સમાન ફળપ્રાપ્તિ નથી હોતી...

આવાં આવાં અનેક વિવરણો અને વિદ્વત્તાપૂર્ણ ચર્ચાઓ આ વાર્તિકમાં તેના કર્તા પૂજ્યપાદ સાગરજી મહારાજે કરી છે જે એમના વિશદ શાસ્ત્રબોધની-પ્રકાંડ પ્રજ્ઞાની દ્યોતક છે. આગમોદ્ધારક એ પૂજ્યશ્રીની શ્રુતભક્તિ માત્ર સાહિત્યસર્જન-સંસ્કૃતટીકાદિ સર્જનરૂપે જ

વિકસ્વર થઇ નથી, બલ્કે (૧) અધ્યયન (૨) અધ્યાપન (૩) સામૂહિક વિશિષ્ટ આગમવાચનાઓ (૪) તત્ત્વગર્ભ પ્રવચનો (૫) પ્રવચનગ્રન્થો (૬) આગમિક શ્રુતપ્રકાશન (૭) પ્રકરણાદિ ગ્રન્થપ્રકાશન (૮) 'સાગર સમાધાન' પ્રશ્નોત્તર ગ્રન્થો (૯) 'સિદ્ધચક્ર' માસિક સંપુટ (૧૦) અનેક સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થોનું સર્જન અને (૧૦) સમગ્ર જૈન સંઘમાં સુપ્રસિદ્ધ આગમમંદિરોનાં સર્જનાદિ વિવિધરૂપે અને વિશિષ્ટ સ્વરૂપે વિકસ્વર થઇ છે. તે પૈકી એમનાં અધ્યાપનકૌશલ્યની તથા શાસ્ત્રીય શંકાઓનાં સમાધાનકૌશલ્યની સાક્ષી આપતા એકેક પ્રસંગનો અહીં ઉલ્લેખ કરીશું:

અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ મહાન શાસનજ્યોતિર્ધર સમર્થ સંઘનાયક યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રી દીક્ષાના ચૌદમા વર્ષે વિ.સં. ૧૯૯૦ના ગ્રીષ્મકાલમાં સ્વગુરુદેવો સાથે અમદાવાદ વિરાજતા હતા. એમનો સંયમપર્યાય ભલે ત્યારે ચૌદ વર્ષનો હતો. કિંતુ તેઓ વ્યાકરણ-ન્યાય-છંદ-સાહિત્ય-પ્રકરણાદિ શાસ્ત્રો-કર્મગ્રન્થો-કર્મપ્રકૃતિ વગેરે પર સુંદર બોધ ધરાવતા હતા. એ જ વર્ષે તેઓએ નવતત્ત્વપ્રકરણ પર છ હજાર શ્લોકપ્રમાણ નૂતન સંસ્કૃત સુમંગલાટીકાનું સર્જન-પ્રકાશન પણ કર્યું હતું. જ્ઞાનક્ષેત્રે તેઓ આ કક્ષાએ પહોંચ્યા હોવા છતાં હજુ વધુ ને વધુ અધ્યયનની એમની જિજ્ઞાસા તીવ્ર હતી. એવામાં એ વર્ષે પ્રથમ મુનિસંમેલન પ્રસંગે પૂજ્યપાદ સાગરજી મહારાજની પધરામણી થઇ. પૂજ્ય સાગરજીમહારાજ જેવા જંગમ શ્રુતતીર્થનો લાભ લેવા અમારા પરમગુરુદેવ અર્થાત્ તત્કાલીન પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મવિજયજી મ. લાલાયિત થઇ ગયા. એમણે પોતાના પૂજ્ય ગુરુવર્યોની અનુજ્ઞા લઇ પૂજ્ય સાગરજી મહારાજને વાચના માટે વિજ્ઞપ્તિ કરી. પૂજ્ય સાગરજી મહારાજ તત્કાલીન શ્રી જિનશાસનના એક ધુરંધર મહાપુરુષ હોવાના નાતે શ્રમણસંમેલનની અનેકવિધ કાર્યવાહીમાં વ્યસ્ત હતા. છતાં પૂ. ધર્મવિજયજી મ. જેવા મેધાવી-પરમવિનયી મુનિવર માટે એમણે અધ્યાપનરુચિથી પ્રેરાઇ વાચનાનો સમય નિયત કર્યો.

મોટી સમસ્યા એ હતી કે પૂજ્ય સાગરજી મહારાજ તથા પૂ. ધર્મવિજયજી મહારાજનાં સ્થિરતાસ્થાનો ત્રણ માઇલ દૂર હતા. પૂ. ધર્મવિજયજી મ.

પોતાના વડીલ ગુરુદેવોની સેવા-ભક્તિ છોડી પૂજ્ય સાગરજી મ. હતા ત્યાં સ્થિરતા કરી શકે એમ ન હતા, તો બીજી તરફ એ પૂ. સાગરજી મ. પાસે શ્રુતાભ્યાસની તક પણ છોડી શકે તેમ ન હતા. આથી તેઓશ્રી ભરઉનાળે પ્રતિદિન જવા-આવવાનો છ માઇલનો વિહાર કરી પૂ. સાગરજી મ. પાસે અધ્યયન કરતા. એક શ્રુતસંપદાસંપન્ન મેધાવી મુનિવર આટલું નિત્યનું કષ્ટ સહીને ય પૂ. સાગરજી મ. પાસે શ્રુતાભ્યાસ કરવાનો આગ્રહ રાખે તે એ દર્શાવવા સક્ષમ છે કે પૂ. સાગરજી મ. કેવા ઉત્તમ વિદ્યાદાતા ગુરુ હતા. અમારી ગુરુપરંપરાના મુકુટમણિ એ પૂજ્યશ્રીએ પાલિતાણામાં પણ પૂ. સાગરજી મ. પાસે શ્રુતાભ્યાસ કર્યો હતો. પૂ. સાગરજી મ. અમારા એ પરમગુરુદેવની વિનયશીલતામંડિત મેધાવિતા-ગ્રહણશક્તિથી એવા પ્રભાવિત હતા કે તેઓ સ્વયં શિષ્યપર્ષદા સમક્ષ એમ બોલ્યાનું નોંધાયું છે કે ''આજ પર્યંત મારી પાસે ઘણા સાધુ વગેરે ભણ્યા. પણ ધર્મવિજયજીએ તે સૌમાં સર્વશ્રેષ્ઠ ગ્રહણ કર્યું છે.''

માત્ર શ્રુતાભ્યાસરૂપે જ નહિ, વિવિધ વિષયોની શંકાઓનાં સમાધાનોરૂપે પણ અમારા પરમગુરુદેવશ્રી પૂજ્ય સાગરજી મ. પાસેથી જ્ઞાનસંપદા પામ્યા છે. અમારા તારક ગુરુદેવ પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે અમને એવાં પત્રો આપ્યાં છે કે જેમાં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીએ શાસ્ત્રીય પ્રશ્નો પૂછ્યા હોય અને તેના હાંસિયામાં અતિ સંક્ષિપ્ત ઉત્તરો લખી પૂ. સાગરજી મહારાજે પત્રો પરત પાઠવ્યા હોય. આ રીતે એક જ પત્રમાં એ બન્ને મહાપુરુષોના હસ્તાક્ષરો હોય તેવો પત્ર અમે ગુરુદેવના જીવનચરિત્ર મહાગ્રન્થ 'યુગદિવાકર'માં પ્રગટ પણ કર્યો છે...

આવા સર્વતોમુખીપ્રતિભાસંપન્ન પૂજ્ય સાગરજી મહારાજે રચેલ આ પંચસૂત્ર વાર્તિકનું ગુર્જર ભાષાંતર કર્યું છે તેઓશ્રીના સન્તાનીય પૂ. શાસનપ્રભાવક આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન જ્ઞાનાદિગુણાલંકૃત આ. શ્રી વિવેકચન્દ્રસાગરસૂરિજી મહારાજે. અલબત્ત, અમારે એમના પરિચયમાં આવવાનો ખાસ કોઇ પ્રસંગ નથી આવ્યો. પણ એ

ખ્યાલ છે કે તેઓ એક ઉચ્ચ સંયમી-સન્નિષ્ઠ આરાધક અને વર્ધમાનતપની સો-સો ઓળી કરનાર તપસ્વી સૂરિવર છે. તેઓ શ્રુતભક્તિ ઉપરાંત પોતાની સુવિહિત ગુરુપરંપરા પ્રત્યે વિશિષ્ટ બહુમાન-ભક્તિ ધરાવનાર પણ છે. એથી જ સ્વગુરુપરંપરાના શિરોમણિ પૂજ્ય સાગરજી મહારાજ રચિત અને પોતાના પરમગુરુદેવ પૂ. આગમવિશારદ નમસ્કારમહામન્ત્રઆરાધક પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી ગણિવર સંપાદિત આ પંચસૂત્ર વાર્તિકનો ગુર્જર ભાવાનુવાદ એમણે કર્યો છે જે પ્રથમ સૂત્રપર્યંતનું છે.

આ ભાવાનુવાદગ્રન્થનાં વાચન-મનનથી તત્ત્વજિજ્ઞાસુ વર્ગ પોતાની તત્ત્વજિજ્ઞાસા સંતૃપ્ત કરે, ગ્રન્થગત વિવિધ વિષયોના બોધમાં નિર્મલતા પામે અને આરાધનામાર્ગે આગળ વધી ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા પામે એ જ આંતરઅભિલાષા સાથે આ વાર્તિક અંગે તેનાં પૂર્વપ્રકાશનમાં અન્યત્ર લખાયેલ શ્લોક ટાંકીને વિરમીશું કે :-

सङ्घेन पठ्यमानोऽसौ, ग्रन्थराजः सवार्तिकः।
प्रकाशतां चिरं विश्वे, यावदिन्दुनभोमणी।।

ભાવાર્થ કે શ્રી સંઘમાં પઠન-પાઠન કરાતો આ પંચસૂત્ર વાર્તિક ગ્રન્થ, જયાં સુધી આકાશમાં સૂર્ય-ચન્દ્ર પ્રકાશતા રહે ત્યાં સુધી વિશ્વમાં પ્રકાશમાન રહે...

• • •

# ૬

# 'તર્કાવતાર'નાં તેજકિરણો.. આગમોદ્ધારકનાં વચનકિરણો...

પિતાના મૃત્યુ બાદ સત્તાનશીન થયેલ નાનકડા-તરુણ રાજામાં કૌવત કેટલું છે એ માપવા માટે બાજુના પ્રદેશના પ્રતિસ્પર્ધી મુસ્લિમ બાદશાહે નૂતન રાજાને પોતાને ત્યાં મુલાકાતનું આમન્ત્રણ આપ્યું. સાવધાન રાજમાતા આ આમન્ત્રણનું રહસ્ય સમજી ગઇ કે આમાં પાણી માપવાની મુરાદ છે. કિંતુ એ દ્વિધાગ્રસ્ત થઇ ગઇ કે જો ન જવાય તો પડકાર ઝીલવાની તૈયારી ન હોવાનું પુરવાર થાય અને જો ગયા બાદ મજબૂત છાપ ન ઉપસાવાય તો બાદશાહને ભાવિ આક્રમણનો તખતો ગોઠવવાનું મન થાય. દીર્ઘ વિચારણાના અંતે રાજમાતાએ તરુણ રાજવીને બાદશાહની મુલાકાતે મોકલવાનો નિર્ણય કર્યો. પરંતુ એ પૂર્વે એણે પુત્રને જાતજાતની સલાહ-સૂચના આપી કે 'આ પરિસ્થિતિમાં આમ કરજે અને અન્ય પરિસ્થિતિમાં તેમ કરજે.'

શાંત ચિત્તે બધી સૂચના સાંભળ્યા બાદ પુત્રે માતાને પૂછ્યું : ''ધારી લે કે તેં જણાવ્યું એમાંની કોઇ જ બાબત ન પુછાય અને કોઇ નવી જ-કલ્પના બહારની બાબત પુછાય તો મારે શું કરવાનું?'' માતાએ જરા થંભીને કહ્યું : ''એ સમયે તને જે યોગ્ય લાગે એ પ્રમાણે વર્તવું.'' પુત્રે સ્વસ્થભાવે કહ્યું : ''બસ, તો તું ઝાઝી ચિંતા ન કર. હું મારી સ્ફુરણાનુસાર વર્તીશ અને એમાં તારી આશિષ મારી સાથે હશે.''

નિયત સમય પ્રમાણે તરુણ રાજા બાદશાહની રાજધાનીમાં પહોંચ્યો. ભરી રાજસભા વચ્ચે પ્રથમ જ મુલાકાતમાં બાદશાહે અણધાર્યું કદમ ભર્યું. એણે તરુણ રાજાના બન્ને હાથ પકડી લેતા કહ્યું : ''હવે તમારા બન્ને હાથ પર મારો કબજો છે. બોલો, તમે શું કરશો?'' જરા ય ભય વિના હસતા હસતા તરુણ રાજાએ જડબેસલાખ ઉત્તર આપ્યો કે ''બાદશાહ! આપ મુસ્લિમ છો. એથી અમારી હિંદુ પરંપરાથી અજાણ હશો. અમારી હિંદુ પરંપરામાં એ પદ્ધતિ છે કે કન્યાનો માત્ર એક હાથ જે પુરુષ પકડે એને કન્યાની આજીવન સર્વ જવાબદારી સંભાળવાની રહે. આપે મારા એક નહિ, બબ્બે હાથ પકડ્યા છે. એટલે મારી જ નહિ , મારા રાજ્યની પણ સર્વ

જવાબદારી તમારે સંભાળવાની આવશે. કહો, હવે મારે કાંઇ કરવાની જરૂર જ ક્યાં છે?'' બાદશાહને સમજાઇ ગયું કે આ 'નાનો પણ રાઈનો દાણો' છે. એનું રાજ્ય હડપ કરવાના બાદશાહના મનસૂબા પર પાણી ફરી વળ્યું...

કોઇ જ સૂચના-શિખામણ કે વાચન વિના સ્વયંસ્ફૂર્તપણે તરુણ રાજાએ જે આ જોરદાર-ઝમકદાર પ્રત્યુત્તર આપ્યો એ 'પ્રતિભા'નો પ્રભાવ હતો. પ્રતિભા પ્રજ્ઞાનો એક એવો પ્રકાર છે કે જેમાં નવા નવા ઉન્મેષ-ઝબકાર સ્વયંસ્ફૂર્ત થતા રહે. એથી જ આ વ્યાખ્યા લખાઇ છે કે ''**પ્રજ્ઞા નવનવોન્મેષ–શાલિની પ્રતિભા મતા**'' પ્રજ્ઞાના વિવિધ સ્વરૂપ પૈકી બે સ્વરૂપ છે સ્મૃતિ અને પ્રતિભા. માત્ર એક વારના શ્રવણમાત્રથી કાયમ શ્લોક વગેરે યાદ રાખનાર યક્ષાસાધ્વીજી સ્મૃતિશક્તિનું પ્રતીક છે, તો અનેક સ્વયંસ્ફૂર્ત ઉત્તરો દ્વારા રાજા સિદ્ધરાજની વિદ્વત્સભાને આંજી દેનાર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કે ઉપરોક્ત દૃષ્ટાંતમાંનો તરુણ રાજા પ્રતિભાશક્તિનું પ્રતીક છે.

જિજ્ઞાસુ અને તત્ત્વરુચિ વાચકવર્ગના કરકમલોમાં આ જે ગ્રન્થ શોભી રહ્યો છે તે 'પંચસૂત્રતર્કાવતાર'માં સ્મૃતિ અને પ્રતિભા, બન્ને ઝળહળાટ ફેલાવી રહ્યા છે. એ ઝળહળાટ છે પૂજ્યપાદ બહુશ્રુત ગીતાર્થશિરોમણિ આગમોદ્ધારક સાગરાનંદસૂરીશ્વરજી મ.ની પ્રજ્ઞાનો. અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ યુગદિવાકર પરમગુરુદેવ આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજે પોતાના 'લઘુક્ષેત્રસમાસ' નામે વિવેચનગ્રન્થમાં જેમના માટે 'પ્રત્યૂષાભિસ્મરણીય' જેવો માનભર્યો વિશેષણપ્રયોગ કર્યો છે તે આ પૂજ્યપાદ સાગરાનંદસૂરીશ્વરજી મ.ની પ્રતિભાની-સ્મૃતિની વિશેષ ઝલકો નિહાળતાં પૂર્વે મૂળ 'પંચસૂત્ર'ગ્રન્થાદિની સંક્ષિપ્ત માહિતી પર પણ દૃષ્ટિપાત કરી લઇએ :

સાંપ્રત જૈન શાસનના શ્રુતાકાશમાં ચમકતા તેજસિતારા સમો ગ્રન્થ એટલે 'પંચસૂત્ર'. એનું પ્રથમ સૂત્ર તથાભવ્યત્વના પરિપાક માટેનું સબળ

સાધન છે, તો બીજાથી પાંચમા સુધીનાં સૂત્રો સંસારથી સિદ્ધિ સુધીની સફરનો સબળ નકશો છે. એના પ્રથમ સૂત્રનો સાનુવાદ પાઠ આરાધનાર્થી પુણ્યાત્માઓ નિત્ય કરી શકે એ માટે એના વિવિધ સચિત્ર પુસ્તકો ઉપલબ્ધ છે, તો પાંચે ય સૂત્રોના ભાવાનુવાદગ્રન્થો-વિવરણગ્રન્થો-સચિત્ર ગ્રન્થો પણ ઉપલબ્ધ છે. આ તમામમાં સાંપ્રતકાલીન શ્રેષ્ઠ સર્જન હોય તે તે છે 'પંચસૂત્રવાર્તિક' અને 'પંચસૂત્રતર્કાવતાર'. પ્રૌઢ સંસ્કૃત ભાષાનિબદ્ધ અને અનેકવિધ પદાર્થનિરૂપણસભર આ બન્ને ગ્રન્થો પૈકી 'પંચસૂત્રવાર્તિક' પ્રથમ સૂત્રનાં સંપૂર્ણ વિવરણસ્વરૂપ છે, જ્યારે 'પંચસૂત્ર તર્કાવતાર' બાકીના ચાર સૂત્રનાં વિવરણરૂપ છે. બન્નેના કર્તા છે પૂજ્યપાદ સાગરજી મહારાજ. અલબત્ત, આયુષ્યપૂર્ણાહુતિના પૂર્વવર્ષે-જીવનની આથમતી સંધ્યાએ તેઓશ્રીએ આ સર્જનો આરંભ્યા હોવાથી 'તર્કાવતાર' માત્ર બીજા સૂત્રનાં પાંચ અણુવ્રત સુધી જ વિસ્તર્યો છે. તે પછી એ અધૂરો રહ્યો છે. કિંતુ આ ગ્રન્થ અધૂરો છતાં ય મધુરો છે. એટલા માટે કે એનું સર્જન આ યુગના જંગમ શ્રુતતીર્થ સમા અને વિશિષ્ટ પ્રતિભાસંપન્ન મહાપુરુષની અધિકૃત કલમ દ્વારા થયું છે. આપણે આ ગ્રન્થમાં ઝળહળતી પૂજ્યપાદ સાગરજી મહારાજની પ્રતિભાશક્તિનાં-સ્મૃતિશક્તિનાં દર્શન કરીએ :

* દ્વિતીય સૂત્રના પંચ અણુવ્રતનિરૂપણમાં ચતુર્થ અણુવ્રત માટે પાઠ છે ''**थूलगमेहुणविरमणं**''. આ ચતુર્થ અણુવ્રત ગૃહસ્થસંબંધી છે અને તેમાં સ્વસ્ત્રીસંતોષ - પરસ્ત્રીત્યાગ કરાતો હોય છે. (સ્ત્રીઓ માટે આ જ વાત પુરુષના સંદર્ભમાં સમજવી.) આ મર્યાદા પર પૂજ્યશ્રીએ જોરદાર તર્ક કરીને પ્રશ્ન ઉઠાવ્યો છે અને પછી એનો એથી ય સવાયો પ્રત્યુત્તર આપીને એનું નિરાકરણ કર્યું છે. પ્રશ્ન આમ ઉઠાવાયો છે કે ''**ननु स्वदाराणां परदाराणां चाभिगमने कः प्रतिविशेषः? येन तुर्येऽणुव्रते परदारगमनं प्रतिबध्यते स्वदारसन्तोषशब्देन स्वकलत्राभिगमनं च नियम्यते, उभयाऽत्रापि नवलक्षपञ्चेन्द्रियगर्भजाऽसङ्ख्यसम्मूर्च्छनजमनुष्यविराधनाभावादिति चेत्?**'' ભાવાર્થ કે :- સ્વદારગમન કે પરદારગમનમાં શું વિશેષતા છે?

જેથી પરસ્ત્રીગમનનો નિષેધ કરાય છે અને 'સ્વદારસંતોષ' શબ્દથી સ્વસ્ત્રીગમનનું નિયમન કરાય છે. સ્વસ્ત્રી-પરસ્ત્રી ઉભય સાથેનાં ગમનમાં નવ લાખ પંચેન્દ્રિય ગર્ભજ મનુષ્યની હિંસા અને અસંખ્ય સંમૂર્છિમ મનુષ્યોની વિરાધના તો સમાન જ છે ને ?... આ તર્કનો પ્રતિતર્ક તેઓશ્રી આ શબ્દોમાં પ્રસ્તુત કરે છે કે :- ''सत्यम्, नास्त्युभयत्रापि तादात्विकविराधनायाम (यां?) विशेष:, परं जैने हि शासने न केवला हिंसैव द्रव्यतो जायमाना कर्मतारतम्यहेतु: किन्त्वध्यवसायस्थानानि, तानि च परदाराऽभिगमनरतस्य तादृशान्यधमाऽधमानि भवन्ति येन श्रीमहानिशीथाऽदिसूत्रेषु परदाराभिगमकारिणां अधमाधमपुरुषतया गणना कृता, क्लिष्टतरकर्मबन्धकारकतया च स तत्र वर्णित:। XX किञ्च परदाराभिगमरतो हि तेषां रक्षापरायणानां तदाश्रितानां तत्सम्बन्द्धानां च घातमन्विच्छन् कथङ्कारं स क्लिष्टतराध्यवसायवान्न स्यात्?''

ભાવાર્થ કે એ વાત સત્ય છે કે બન્નેમાં તે સંબંધી જીવવિરાધના સમાન જ છે. પરંતુ જૈન શાસનમાં માત્ર દ્રવ્યહિંસા જ કર્મની તરતમતાનો હેતુ નથી ગણાઈ, બલ્કે અધ્યવસાયસ્થાનોને કર્મતરતમતાના મુખ્ય હેતુ ગણાયા છે. પરસ્ત્રીગમનમાં રત વ્યક્તિનાં અધ્યવસાયસ્થાનો અધમાધમ-અતિ ક્લિષ્ટ હોય છે. જેથી મહાનિશીથાદિ શાસ્ત્રોમાં તેઓને અધમાધમપુરુષરૂપે ગણાવવા સાથે અત્યંત ક્લિષ્ટ કર્મબંધકારક તરીકે વર્ણવાયા છે. **XX** વળી તે પરસ્ત્રીગમનરત વ્યક્તિ તે તે સ્ત્રીના રક્ષક માતા-પિતાદિને તેના પરિવારજનોને અને તેના સંબંધીઓને પોતાની ઈષ્ટપ્રાપ્તિમાં નડતરરૂપ સમજી તેમનો ઘાત પણ ઇચ્છે. આવી ઇચ્છા ધરનાર તે વ્યક્તિ ક્લિષ્ટતર અધ્યવસાયયુક્ત કઇ રીતે ન હોઈ શકે? હોય જ...

આ પ્રસ્તુતિ ખૂબ સરસ અને સ્પષ્ટરૂપે સમજાવી જાય છે કે દ્રવ્ય હિંસા સમાન હોવા છતાં અધ્યવસાયની અતિ ક્લિષ્ટતાનાં કારણે પરસ્ત્રીગમનનો નિષેધ કરાય છે. ઉપરાંત આવાં મજબૂત યથાર્થ અન્ય તર્કો કરવાનો દિશાનિર્દેશ પણ કરે છે...

* હજુ આ જ વિષયમાં એક નવો પ્રશ્ન તેઓશ્રી રજૂ કરે છે કે ''नन्वेवं चतुर्थेऽणुव्रते स्वदारगमनस्य नियमनात् तुर्याऽणुव्रतस्य चाऽगारधर्मत्वाद् विधिना स्वदारेष्वभिगमो धर्मतामापद्यमानः कथं निवारणीयः?'' ભાવાર્થ કે ચતુર્થ અણુવ્રતમાં સ્વસ્ત્રીગમનનું નિયમન કરેલ છે અને અણુવ્રત તો ગૃહસ્થધર્મરૂપ હોવાથી વિધિપૂર્વક સ્વસ્ત્રીગમન સ્વયં ધર્મરૂપ બની જાય. આ સમસ્યા કઈ રીતે નિવારવી?... આનો સૂક્ષ્મબુદ્ધિભર્યો ઉત્તર તેઓશ્રી આપે છે કે ''सत्यम्, तुर्यं अणुव्रतमगारधर्मः, परं तत्र नाऽभिगमनस्याऽणुव्रतत्वं येन तथाविधमपि मैथुनं धर्मतामापद्येत, किन्तु तुर्ये हि अणुव्रते स्वदारैः सन्तोषः क्रियते तथा च तत्सन्तोषस्य परकलत्रपरिग्रहविरमणस्य धर्मत्वमणुव्रतेऽत्रेति।'' ભાવાર્થ કેઃ- ચતુર્થ અણુવ્રત ગૃહસ્થધર્મ છે એ વાત સત્ય છે. પરંતુ એમાં સ્ત્રીસંબંધ અણુવ્રતપણું નથી કે જેથી મૈથુનસેવન ધર્મરૂપ બની જાય. વસ્તુતઃ તે વ્રતમાં જે સ્વસ્ત્રીસંતોષનું નિયમન છે એનાથી પરસ્ત્રીત્યાગ થાય છે. આ પરસ્ત્રીત્યાગ જ આ અણુવ્રતમાં ધર્મરૂપ છે... સાર એ થયો કે આમાં પણ તે ગૃહસ્થ વ્યક્તિ મૈથુનને તો દુષ્ટ પ્રવૃત્તિ જ સમજે છે. એનામાં એ ધર્મબુદ્ધિ કલ્પે જ નહિ.

* હવે આનાં અનુસંધાનમાં ઉલ્લેખ કરીએ આ 'તર્કાવતાર'માં ટાંકેલ એક શાસ્ત્રવચન. જેઓ મહાવ્રત સ્વીકારવા અસમર્થ છે તેવા મહાનુભાવ રાજાદિએ દેશવિરતિના સ્વીકારસમયે પોતાની કામભોગાદિની આસક્તિ આ શબ્દોમાં જણાવી હોવાનું શાસ્ત્રવચન પૂજ્યશ્રી ટાંકે છે કે ''अहण्णं अहण्णे अकयपुण्णे रज्जे जाव अंतेउरे माणुस्सएसु य कामभोगेसु मुच्छिए जाव अज्झोववण्णे णो संचाएमि जाव पव्वइत्तए''. ભાવાર્થ કે :- ''અધન્ય-અકૃતપુણ્ય હું અંતઃપુરથી લઈને મનુષ્યસંબંધી સર્વ કામભોગોમાં મૂર્છિત-ગાઢ અધ્યવસાયયુક્ત હોવાથી પ્રવ્રજ્યા-સર્વવિરતિ માટે સંચરતો નથી...'' આ વચનનાં પરિપ્રેક્ષ્યમાં પૂર્વોક્ત સ્વસ્ત્રીગમનની ધર્મતાની ચર્ચા વિચારીએ તો એ બિલકુલ સ્પષ્ટ થઈ જાય કે ગૃહસ્થ શ્રાવક મૈથુનને

ધર્મ ગણે જ નહિ. એ એમ સમજે છે કે 'કામાસક્તિવશ હું સર્વવિરતિ સ્વીકારી શકતો નથી. માટે આ પ્રવૃત્તિ કરું છું.' ત્યાં એની ઉપાદેયતા બુદ્ધિ ન હોય.

'તર્કાવતાર'ના આ ત્રણ પાઠો પૈકી પ્રથમ બેમાં પૂ. સાગરજી મ.ની સ્વયંસ્ફુર્ત પ્રતિભા ઝળકે છે, તો ત્રીજામાં એમની શાસ્ત્રવચનસંબંધી સ્મૃતિ ઝળકે છે.

હજુ એક-બે ઝલકો આ 'તર્કાવતાર'ની નિહાળીએ :

* બીજા સૂત્રમાં એક વિશેષણ છે 'पयइसुंदरत्तं'. મતલબ કે પ્રભુશાસને દર્શાવિલ આ પાંચ અણુવ્રતાદિ પ્રકૃતિસુંદર છે. આ વિશ્વમાં સુંદરતા અનેક પ્રકારની છે. ક્યાંક સ્નેહજન્ય-ઔચિંત્યજન્ય-ભક્તિજન્ય વ્યવહારોની સુંદરતા છે, તો ક્યાંક સ્વરૂપજન્ય સુંદરતા છે. અણુવ્રતોની સુંદરતા આવી નહિ, બલ્કે પ્રકૃતિગત એટલે કે સ્વભાવથી જ સુંદર છે. આ સુંદરતાનું દિગ્દર્શન કરાવતા 'તર્કાવતાર'કાર લખે છે કે :- "प्राक् तावद् विहायाऽर्हतान् न कोऽप्यन्यः दर्शनाश्रितः पृथिव्यादीन् षट्कायानेव जीवतया जानाति। अन्ये तु लोकोक्तिप्रधानास्त्रसकायमेव जीवं वदन्ति, वदन्ति च तत एव 'चलमाना जीवा' इति। ततश्चाऽनन्ताः पृथ्व्यादय एकेन्द्रियास्तैर्ज्ञाता एव न, कुतस्तर्हि तेषामुपदेशनं? अत एवोच्यते आवश्यकादावणुव्रताद्यधिकार उपक्रम एव 'इत्थ उ समणोवासगधम्मे' इत्यादि, उच्यते च 'णियमेण उ छक्काये' इत्यादि। XX षड्जीवनिकायानां दयायाः सम्भवः पालना उपाय इत्यादयोऽप्यार्हत एव दर्शने, अन्यत्र तथाविधाया हिंसाया दयायाश्च सम्भवाद्यभावात् सुख-दुःखाद्यतिशयादि-तत्फलदर्शकदृष्टान्ताऽभावाच्च!" ભાવાર્થ કે "શ્રી અરિહંત પરમાત્મા સિવાયના અન્ય કોઇ મતાશ્રિતોએ પૃથ્વી આદિ ષટ્કાયને જીવરૂપે જાણ્યા જ નથી, લોકવચનપ્રધાન તેઓ તો માત્ર ત્રસકાયને જીવરૂપ કહે છે. તેથી જ તેઓ વ્યાખ્યા કરે છે "જે હાલતા-ચાલતા હોય તે જીવ." પૃથ્વી આદિ

અનંત એકેન્દ્રિય જીવોને તેઓ જાણતા જ નથી, તો પછી તે જીવોની રક્ષાદિનો ઉપદેશ તેમનામાં હોય જ ક્યાંથી? જ્યારે આર્હત્દર્શનમાં તેનું પરિપૂર્ણ જ્ઞાન છે. તેથી જ આવશ્યક સૂત્રાદિમાં અણુવ્રતાદિ અધિકારમાં 'આ પ્રમાણે શ્રમણોપાસક ધર્મમાં૦' આવા ઉપક્રમપૂર્વક 'નિયમતઃ છકાય અંગે૦' વગેરે વચનો જણાવાયા છે. XX ષડ્જીવનિકાયની દયાનો સંભવ-પાલન-ઉપાય વગેરે બાબતો શ્રી આર્હત દર્શનમાં જ છે. અન્ય દર્શનોમાં તો નથી તેવા પ્રકારની હિંસાના અને દયાના સંભવ આદિ, કે નથી તેના અતિશય નુકસાન-લાભરૂપ દુઃખ-સુખદર્શક દૃષ્ટાંતો...'' આ દલીલો દ્વારા પૂજ્યશ્રીએ જૈન દર્શનના અણુવ્રતાદિની પ્રકૃતિસુંદરતા ખૂબ હૃદયંગમ રીતે દર્શાવી છે.

અહીં ઉલ્લેખ કરવાનું મન થાય છે અમારા પરમતારક ગુરુદેવ પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.નો પ્રવચનાંશ. તેઓશ્રી વારંવાર પ્રવચનોમાં કહેતા કે ''ખ્રીસ્તીઓની દયા માનવ સુધી વિસ્તરી છે, વૈદિકોની દયા બહુ બહુ તો દેખીતી (ત્રસ) જીવસૃષ્ટિ સુધી વિસ્તરી છે, જ્યારે જૈનોની દયા એથી ય આગળ સ્થાવર જીવો સુધી વિસ્તરી છે. વિજ્ઞાને હવે આ યુગમાં વનસ્પતિમાં જીવત્વ સ્વીકાર્યું. જ્યારે જૈન દર્શને તો પરાપૂર્વથી શાસ્ત્રોમાં ફરમાવ્યું છે કે વનસ્પતિ સહિત તમામ સ્થાવરોમાં જીવ છે અને તેની રક્ષા કરવી જોઈએ...''

* અણુવ્રતો અંગે મૂળ 'પંચસૂત્ર'માં એક વિશેષણ છે 'दुरणुचरत्तं.' મતલબ કે તેનું પાલન દુષ્કર છે. અહીં પ્રશ્ન એ થાય કે 'વસ્તુતઃ તો મહાવ્રતોનું પાલન દુષ્કર છે. કેમ કે એમાં વિહાર-લોચ-અસ્નાન વગેરે અનેક દુષ્કર પ્રવૃત્તિઓ છે. એની અપેક્ષાએ અણુવ્રતધારી ગૃહસ્થને તો આવી કોઈ દુષ્કરતા હોતી નથી. તો પછી અણુવ્રતપાલન દુષ્કર છે એમ કહેવાય?' પૂ. સાગરજી મ. આના પ્રત્યુત્તરમાં એક મજાની પ્રસ્તુતિ કરે છે કે ''समुद्रमग्नानां मकरादिभयेभ्योऽवनं यथा दुष्करं तथैव विषयारम्भपरिग्रहमग्नानामपि त्यागपरिणामेन देशविरतेर्धरणं दुष्करतरं,

**ततो योग्यमुक्तमणुव्रतादीनां दुरनुचरत्वं भावनीयमिति।''** મતલબ કે :- જે વ્યક્તિ સમુદ્રમાં પડી ગઈ છે એને મગરમચ્છ વગેરેથી સ્વરક્ષણ કરવું જેમ દુષ્કર છે એમ જે ગૃહસ્થ સંસારરૂપ સાગરમાં વિષયો-આરંભપ્રવૃત્તિઓ-પરિગ્રહાદિથી ઘેરાઈને રહ્યો છે એને ત્યાગપરિણતિ દ્વારા દેશવિરતિનું-અણુવ્રતોનું રક્ષણ પણ દુષ્કર છે. તેથી પંચસૂત્રકારે યોગ્ય જ કહ્યું છે. અણુવ્રતોની દુષ્કરતા ચિંતવવી...

આ વિવરણમાં અપાયેલ સમુદ્રમાં પડી ગયેલ વ્યક્તિની ઉપમા આપણને એક અલગ Angle આ આપે છે કે જેમને સ્ત્રી-સંપત્તિ આદિ નિમિત્તોનો સર્વથા અભાવ છે તે સંસારત્યાગી સંયમીઓને તે અપેક્ષાએ મહાવ્રતપાલન આસાન છે. પરંતુ જેઓએ રાત-દિવસ આ સર્વ નિમિત્તો વચ્ચે રહેવાનું છે એ ગૃહસ્થને આ અપેક્ષાએ અણુવ્રતપાલન મુશ્કેલ છેઃ જાણે કે કાજળની કોટડીમાં રહી કાજળથી અલિપ્ત રહેવાની સાધના કરવાની ન હોય!

આવી આવી અનેક પ્રતિભાસંપન્ન પ્રસ્તુતિઓ આ ગ્રન્થમાંથી આપણને ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત તેરાપંથી માન્યતાનો સચોટ નિરાસ મળે છે, તો અણુવ્રતનો સ્વીકાર ઈત્વરિક નહિ યાવત્કથિક હોય એવી શાસ્ત્રીય શૈલીનો ખ્યાલ પણ મળે છે...

'પંચસૂત્ર વાર્તિક'ની જેમ આ 'પંચસૂત્ર તર્કાવતાર'નો ગુર્જર ભાવાનુવાદ કર્યો છે પૂ. સાગરજી મ.ની શિષ્યપરંપરાના પૂ. શાસનપ્રભાવક આ.ભ.શ્રી અશોકસાગરસૂરિજી મ.ના શિષ્યરત્ન શ્રુતજ્ઞાનરસિક વર્ધમાનતપની સો ઓળીના આરાધક તપસ્વીરત્ન આ. શ્રી વિવેકચન્દ્રસાગરસૂરિજી મહારાજે. આ વિ.સં. ૨૦૭૪ના પ્રારંભે તેઓની પ્રેમાળ લાગણીથી અમારે 'પંચસૂત્ર વાર્તિક'ના ગુર્જર ભાવાનુવાદગ્રન્થની પ્રસ્તાવના લખવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો. એ પછી પાંચ માસના અલ્પ સમય બાદ આ 'પંચસૂત્રતર્કાવતાર'ના ગુર્જર ભાવાનુવાદગ્રન્થ પર પ્રસ્તાવના લખવાનો

પ્રસંગ ઉપસ્થિત થયો છે. આમાં તેઓની અમારા પ્રત્યેની સદ્‌ભાવના જ નિમિત્ત ભાસે છે. બાકી વ્યક્તિગત એમનો પરિચય અમારે અત્યલ્પ છે. તેઓએ શ્રુતભક્તિ ઉપરાંત ગુરુભક્તિથી પ્રેરાઈને આ કાર્ય કર્યું છે. તેઓ શ્રુતભક્તિ-ગુરુભક્તિ અને તપશ્ચર્યાના ક્ષેત્રે ખૂબ ખૂબ વિકાસ સાધે એવી અભિલાષા સાથે જિજ્ઞાસુ-તત્ત્વરુચિ વાચકવર્ગ આ ગ્રન્થના વાચન-મનન-ચિંતન દ્વારા પરમપદ પ્રતિ પ્રગતિ કરે એ જ મંગલ મનઃકામના.

• • •

# ૭

# જગતની Supreme Court : કર્મ

Court ! દુનિયાના દરેક દેશોમાં યાવત્ રાજ્યોમાં અસ્તિત્વ ધરાવતી Court (ન્યાયાલય)નું કાર્યક્ષેત્ર એટલું પ્રબળ અને સબળ હોય છે કે એ ભલભલા ચમરબંધી ગુનેગારોને પણ કાયદાના દોરે-જોરે સખત સજા કરી દઈને  સીધાદોર કરી દે છે. એટલે જ સજાના ડરથી ય કંઈ કેટલાય માનવો ગુનાખોરી કરતા અટકી જાય છે.

પણ... સબૂર! આ દુન્યવી Courtને ય ટક્કર મારે તેવી એક સનાતન Court સમગ્ર સૃષ્ટિમાં પથરાયેલી છે. એનું નામ છે કર્મ. આ કર્મની Court એવી પ્રચંડ શક્તિશાલી છે કે એના સકંજામાં સપડાયેલ જીવના એ ક્ષણવારમાં બૂરા હાલ-હવાલ કરી શકે છે. દુન્યવી Court કરતા આ કર્મની Courtની પ્રથમ વિશેષતા એ છે કે દુન્યવી Court માત્ર તે જ ગુનાની શિક્ષા-સજા કરી શકે છે કે જેના કોઈ અકાટ્ય પુરાવા-સાક્ષી વગેરે હોય. જેના કોઈ તેવા પુરાવા આદિ ન હોય તેવા ગુનાની સજા કરવાની એની હેસિયત નથી. જ્યારે કર્મની Court તો એવી અપ્રતિમ છે કે જીવ એકાંતમાં ગુનો કરે કે પુરાવા વિનાનો ગુનો કરે તો ય એને તેની એ પ્રવૃત્તિના અંજામરૂપે અચૂક સજા-શિક્ષા આપી શકે!

દુન્યવી Courtની બીજી મર્યાદા એ છે કે ત્યાં લાંચ-રૂશ્વત વગેરે દ્વારા પણ ગુનાની સજામાંથી છટકી શકાય છે. જ્યારે આ કર્મની Courtમાં કોઈ જ લાગવગ કે લાંચ ચાલી શકતી નથી. અહીં તો ભલભલા નરેન્દ્રો ને દેવેન્દ્રો પણ સજામાંથી બાકાત રહી શકતા નથી. ન ત્યાં એમની શક્તિ અસર કરે, કે ન ત્યાં એમનો પ્રભાવ અસર કરે.

દુન્યવી Courtની ત્રીજી મર્યાદા એ છે કે તે સજાનો ક્યારેક પૂરેપૂરો અમલ કરાવી શકતી નથી. ઉદાહરણરૂપે, એક વ્યક્તિને જુદા જુદા ભયાનક ગુનાઓની સજારૂપે દરેક ગુનાદીઠ ૫૦-૫૦ વર્ષની સજા થઇ હોય તો એની

કુલ સજા ૫૦૦ વર્ષની થાય. ગુનેગારને પૂરી જિંદગી કેદમાં રખાય તો ય આ સજાનો અમલ શક્ય જ નથી. જ્યારે કર્મની Courtને આ મર્યાદા કદી નડતી નથી. એ એવી જબરજસ્ત Court છે કે એ એક નહિ, અનેક જન્મોપર્યંત પણ સજાનો અમલ કરાવી તેનો પૂરેપૂરો ભોગવટો કરાવી શકે છે...

આ તો માત્ર ઝલકરૂપ ત્રણેક બાબતોનો નિર્દેશ છે. આવી આવી તો કૈંક બાબતો છે કે જેમાં દુન્યવી Court કરતાં આ કર્મની Court વધુ સક્ષમ અને સમર્થ પુરવાર થાય. એટલે જ દુન્યવી Courtના કાયદા-કાનૂન કરતા ય આ કર્મની Courtના સિદ્ધાંતો-નિયમો પર વિશેષ લક્ષ્ય આપવું આવશ્યક છે.

જૈનદર્શનમાં એ કર્મસિદ્ધાંતને સમજાવતું અઢળક નિરૂપણ છે જેને આપણે 'કર્મસાહિત્ય' શબ્દથી ઓળખી શકીએ. કર્મગ્રન્થો-કર્મપ્રકૃતિ-પંચસંગ્રહ વગેરે ગ્રન્થો આ કર્મસાહિત્યના વિભાગમાં ગણાય. તે પૈકી કર્મગ્રન્થો પ્રત્યેક કર્મસાહિત્યના જિજ્ઞાસુઓ માટે પ્રથમ સોપાનની ભૂમિકા અદા કરે તેમ છે. બીજા શબ્દોમાં કહીએ અગાધ સમુદ્રતુલ્ય કર્મસાહિત્યમાં પ્રવેશવા કર્મગ્રન્થો નાવતુલ્ય છે. આ કર્મગ્રન્થો પણ બે રીતના છે : પ્રાચીન અને નવ્ય. વર્તમાનમાં જૈન સંઘમાં તે પૈકીના નવ્ય કર્મગ્રન્થોનું અધ્યયન-અધ્યાપન પ્રચૂર પ્રમાણમાં પ્રવર્તે છે કે જેમાંના એકથી પાંચ કર્મગ્રન્થો પૂજ્ય પ્રવર આચાર્યદેવ શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ દ્વારા વિરચિત છે. આ કર્મગ્રન્થો કર્મોના મુખ્ય ભેદો, પેટા પ્રકૃતિઓ, તે તે કર્મોની જીવ પર થતી સારી યા નરસી અસરો, તે તે કર્મના બંધહેતુઓ, તે તે ગુણસ્થાનકે કર્મોની બંધ-ઉદય-ઉદીરણા-સત્તા, જીવસ્થાનકોમાં વિવિધ માર્ગણાઓની પ્રરૂપણા, કર્મોની ધ્રુવબંધી-અધ્રુવબંધી આદિ પ્રકૃતિઓ, સ્થિતિબંધ-રસબંધ આદિ અનેકવિધ વિષયોની એવી પદ્ધતિસરની પ્રરૂપણા કરે છે કે જે જિજ્ઞાસુઓને સુસ્પષ્ટપણે બોધ કરાવી શકે.

એ કર્મગ્રન્થો પ્રાકૃત ભાષામાં ને ગાથાબદ્ધ શૈલીમાં હોવાથી તેમજ તેની સ્વોપજ્ઞ ટીકાઓ સંસ્કૃતમાં હોવાથી, મહેસાણા પાઠશાળાદિ દ્વારા ગાથાર્થ-શબ્દાર્થ ને જરૂરી સમજણ સાથેના કર્મગ્રન્થોના પાઠ્યપુસ્તકો ગુર્જરભાષામાં પ્રકાશિત થયા છે જેના પ્રચુર લાભ અભ્યાસુ વર્ગ દ્વારા નિયમિત લેવાય છે. પ્રથમ 'કર્મવિપાક' કર્મગ્રન્થનું આ પ્રસ્તુત પુસ્તક પણ આ જ શૈલીનું પાઠ્યપુસ્તક છે. પરંતુ એમાં ઠેર ઠેર તે તે વિષયોનો બોધ વધુ સંગીન થાય તેવી સરસ-સરલ વિવેચના છે જે આ પુસ્તકને અભ્યાસુવર્ગમા આદરણીય બનાવશે તે નિઃશંક છે.

પંડિતજી શ્રી રસિકભાઈએ અભ્યાસુ વર્ગને અધ્યયન કરાવતી વેળાએ જે રજૂઆતો કરી છે લગભગ એનું શબ્દસ્વરૂપ આ વિવેચના છે અને એને શબ્દસ્વરૂપ આપનાર છે અમારા સમુદાયના સા. શ્રી સ્નેહલતાશ્રીજી-યશોધર્માશ્રીજીના શિષ્યા અભ્યાસરત સા. શ્રી જિનયશાશ્રીજી. તેઓએ ખૂબ ખંત અને અથાગ ઉત્સાહપૂર્વક એ રજૂઆતોને કલમ દ્વારા કંડારીને આ વિવેચના આલેખી તો છે જ. સાથોસાથ કેટલાય સ્થાને પોતાના ક્ષયોપશમ, વાંચન આદિનો ઉપયોગ કરીને એ વિવેચનાને નવી સમૃદ્ધિ પણ બક્ષી છે. આપણે એમણે બક્ષેલી એ સમૃદ્ધિની કેટલીક ઝલકો નિહાળીએ :

* પ્રથમ ગાથાના વિવેચનમાં 'કર્મનું સ્વરૂપ' આ શીર્ષક સાથે, વર્તમાન જગતની દૃષ્ટિએ કર્મ-જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ કર્મ-કર્મવિષયક પ્રશ્નોત્તરી વગેરે વિવિધ બાબતો તેમણે પોતાના ક્ષયોપશમ-વાંચન આદિ દ્વારા પ્રરૂપી છે જે ખૂબ બોધક અને રસપ્રદ છે...

* ગાથા ૪ થી ૯માં પાંચજ્ઞાનનું નિરૂપણ છે. તેમાં કેટલાય સ્થળે તેમણે સુંદર પુરવણી કરી છે. ઉદાહરણરૂપે, અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનની ઔત્પાતિકી બુદ્ધિ આદિ ચાર ભેદના ચાર સરસ દૃષ્ટાંતો સાધ્વીજીએ

'લોકપ્રકાશ' ગ્રન્થમાં જે વાંચેલ તે અહીં એ ચાર ભેદના નિરૂપણપ્રસંગે ઉચિત રીતે ઉપયોગમાં લેવાયેલ છે. આવા અન્ય પણ ઉમેરણો આ પાંચજ્ઞાનનિરૂપણમાં છે.

* ગાથા નં.૧૩ થી જે મોહનીયકર્મનું નિરૂપણ ગ્રન્થકાર મહર્ષિ દ્વારા થયું છે તેનાં વિવેચનમાં પણ સાધ્વીજીએ પોતાની ક્ષમતાનો ઉપયોગ કરીને અભ્યાસુ વર્ગને સરલતાપૂર્વક વિશેષ વિષયબોધ કરાવ્યો છે. ગાથા નં. ૧૬ના અંતે દર્શાવાયેલ આત્મિક વિકાસક્રમ (ઔપશમિક સમ્યક્ત્વ સુધીનો), ગાથા નં.૧૭ માં દર્શાવાયેલ ૪ કષાયોના ૬૪ અવાંતર ભેદ, ચારિત્રમોહનીય કર્મનું સ્વરૂપદર્શન વગેરેને આનાં ઉદાહરણ ગણી શકાય.

* ગાથા નં. ૫૪ થી આઠે ય કર્મના બંધના હેતુઓની જે પ્રરૂપણા ગ્રન્થકાર ભગવંત દ્વારા થઇ છે તેનું વિવેચનમાં વિશેષ વિભાગીકરણ અહીં નિહાળવા મળે છે. જે પ્રત્યનીકપણું ઉપઘાત આદિ કર્મબંધહેતુનું વિવેચન જોતાં સમજાય છે. આવું વિભાગીકરણ ગ્રન્થકાર મહર્ષિની સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકામાં મળે છે. તેને સાધ્વીજીએ અહીં અભ્યાસુવર્ગ સમક્ષ ધરવાનો અનુમોદનીય પ્રયાસ કર્યો છે.

એક વિશેષ વાત. વિવેચનનું શબ્દાંકન અને સંવર્ધન કરનાર સા. શ્રી. જિનયશાશ્રીજી અભ્યાસની સાથે સાથે શ્રદ્ધાના ક્ષેત્રે આગેકદમ કરી ચૂક્યા છે. એની પ્રતીતિ કરાવે તેવી એક ઘટના એ છે કે આ લેખનમાં મોહનીયકર્મનાં નિરૂપણનો અધિકાર આવ્યા બાદ કોઇ વિષમ સંયોગે તેમને એવો અહેસાસ થવા માંડયો કે હવે આગળનું લેખન મારાથી શક્ય નહિ બને. એક તબક્કે એમણે તેનો પુરુષાર્થ પણ થંભાવી દીધો. કેટલોક સમય વીત્યા બાદ છેવટે શત્રુંજયતીર્થાધિનાયક પરમકૃપાળુ પરમાત્મા શ્રી આદીશ્વરદાદાની સમક્ષ એમણે શ્રદ્ધાભીની પ્રાર્થના કરી કે ''પ્રભુ! આ કાર્ય મારી ગુંજાયેશનું

પરિણામ નહિ હોય, તારી કૃપાનું જ પરિણામ હશે.'' અને તે પછી તેઓ આ વિવેચનનું પૂર્ણ શબ્દાંકન કરવા ભાગ્યશાલી બની શક્યા.

એમને અમારાં અગણિત અંતર-આશિષ છે કે તેઓ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રના ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને આવાં આવાં અન્ય પણ અભ્યાસોપયોગી કાર્યો કરવા ખુશનસીબ બને.

અંતે, આ સરલ અને સરસ ગ્રન્થરત્નનાં પઠન-પાઠન દ્વારા સહુ જીવો અષ્ટવિધ કર્મથી મુક્ત થઇને સુખનિધાન સમા, શાશ્વત સિદ્ધસ્થાનમાં સુપ્રતિષ્ઠિત થવાના પંથે પ્રસ્થાન કરે એ જ અંતર-અભિલાષા.

• • •

૮

# કર્મનાં મર્મ

France‌નો ભાગ્યવિધાતા ગણાયેલ નેપોલીયન બોનાપાર્ટ! પુણ્યકર્મના પ્રચંડ ઉદયે એને એવી કલ્પનાતીત સફળતા અપાવી કે ગરીબ વિધવા 'મા'નો એ નિરાધાર બાળક વિશ્વવિખ્યાત સેનાની બનવા સાથે Franceનો સમ્રાટ બની ગયો. આ સફળતાએ એનામાં એવો ઉન્માદ જગાવ્યો કે Franceની જગપ્રસિદ્ધ આલ્પ્સ પર્વતમાળા તરફ અંગુલિનિર્દેશ કરીને એ ગર્વભેર કહેતો કે ''હું જ્યારે હુકમ કરીશ ત્યારે આ આલ્પ્સ પર્વતમાળાએ પણ ખસી જઇને મને માર્ગ આપવો પડશે!''

પણ... ભૂપતિને ય ભીખારી અને દેવેન્દ્રોને ય દાસ બનાવી દેનાર કરમને ક્યાં કોઈની શરમ નડે છે, ભલા? કર્મસત્તાએ કરવટ બદલી અને અજેય સેનાપતિ ગણાતો નેપોલીયન 'વોટરલૂ'ના યુદ્ધમાં પરાજિત થઈને જીવતો પકડાયો. એને યુદ્ધકેદી બનાવાયો અને સેંટ હેલીના ટાપુ પર લઈ જવાતો હતો ત્યારે એ જ માર્ગ પર સામેથી એક શ્રમજીવી સ્ત્રી માથે ભારો લઈને આવી રહી હતી. માર્ગ ખૂબ સાંકડો હતો, એથી બેમાંથી એકે બાજુ પર થવું જ પડે એમ હતું. નેપોલીયને પેલી સ્ત્રીને બાજુ પર થવા કહ્યું ત્યાં તો પેલી સ્ત્રીએ રોકડું પરખાવ્યું : ''ભાર મારા માથે છે, તું તો સાવ હળવોફુલ છે. માટે તું ખસી જા, હું નહિ ખસું.'' અને... ખરેખર આલ્પ્સ પર્વતમાળાને એક ઈશારે ખસેડી દેવાની વાતો કરનાર એક સમયના એ સમર્થ સમ્રાટને સ્વયં ખસી જવું પડ્યું! એ એક શ્રમજીવી સ્ત્રીને ય ન ખસેડી શક્યો!

આ હૃદયસ્પર્શી સત્ય ઘટના પૂજ્યપાદ ન્યા. ન્યા. સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરકૃત 'જ્ઞાનસાર'ના પેલા શ્લોકને લગભગ અક્ષરશઃ સત્ય ઠેરવે તેમ છે કે :-

**येषां भूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**
**तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षाऽपि नाऽप्यते ।।**

ભાવાર્થ : જેમની આંખના એક ઈશારામાત્રથી ભલભલા પર્વતોનો ચ ભૂક્કો થઇ જાય એવા મહાસમર્થ રાજાઓને કર્મની અવળી થપ્પડ પડે ત્યારે ભીખ પણ મળી શકતી નથી.

આ શ્લોક કે નેપોલીયનની સત્ય ઘટના એ વાત સુપેરે સમજાવી જાય એમ છે કે કર્મ આ સૃષ્ટિની પ્રબળ-સબળ મહાસત્તા છે. એ સુભૂમ ચક્રવર્તી સમા સત્તાધીશને ક્ષણમાં સમુદ્રશરણ બનાવીને સાતમી નરકે પહોંચાડી શકે છે, તો પરાક્રમની પ્રતિમા સમા પાંડવાને રાન-રાન રખડાવી શકે છે; એ સ્ફટિક શા સૌંદર્યના સ્વામી સનત્કુમારચક્રવર્તીને કાચી ક્ષણમાં કાતિલ રોગગ્રસ્ત બનાવી શકે છે, તો રામચન્દ્રજીને રાજ્યારોહણનાં મુહૂર્તે જ વનવાસ અપાવી શકે છે; એ સાધનાની ઉત્તુંગ સફર કરી રહેલ ચૌદપૂર્વધર મહર્ષિને ઠેઠ નિગોદમાં પટકી શકે છે, તો ઉપશમશ્રેણિએ આરૂઢ અનગારને ઠેઠ પહેલે ગુણસ્થાનકે પટકી શકે છે.

અરે! આ કર્મસત્તાની તાકાત એટલી પ્રચંડ છે કે આત્મસત્તાને વાસ્તવિક રીતે સૃષ્ટિના **Supreme Power** રૂપે ઘોષિત કરતાં શાસ્ત્રકારોને પણ અમૂક ચોક્કસ સંદર્ભમાં લખવું પડ્યું છે કે "**कत्थइ बलियं कम्मं, कत्थइ बलियो आया**" મતલબ કે ક્યારેક કર્મસત્તા બળવાન બને છે, તો ક્યારેક આત્મસત્તા બળવાન બને છે. રહસ્યાર્થ આ શાસ્ત્રવચનનો એ છે કે જે જીવો અભવ્ય-જાતિભવ્ય-દુર્ભવ્ય છે તેમના સંદર્ભે આત્મસત્તા નહિ બલ્કે કર્મસત્તા બળવાન છે, આ સિવાયના જે જીવો એક થી છ યા સાત ગુણસ્થાનકવર્તી છે તેમજ તેથી ઉપરના ગુણસ્થાનોએ ઉપશમશ્રેણિ તરફની ભૂમિકાવાળા છે તેમના અંગે ક્યારેક કર્મસત્તા બળવાન છે ને ક્યારેક આત્મસત્તા બળવાન છે, અને ક્ષપકશ્રેણિની ભૂમિકા તરફ જતા જીવોની અપેક્ષાએ સાતમાંથી ઉપરના તમામ ગુણસ્થાનકે માત્ર આત્મસત્તા જ બળવાન છે. ફક્ત પોતાના જ નહિ, સમસ્ત વિશ્વના તમામે તમામ જીવોના ઘનઘાતી કર્મોને નષ્ટ-ભ્રષ્ટ કરી દેવાની અલૌકિક તાકાત જે ક્ષપકશ્રેણિગત એક આત્મામાં છે એ

આત્માને અને એના જેવા ક્રોડો-અબજો-અસંખ્ય યાવત્ અનંત આત્માઓને પૂર્વકાલમાં જે કચડી શકે છે-દબાવી શકે છે-પીડી શકે છે તે કર્મસત્તા કેવી પ્રચંડ તાકાત છે એ પૂર્વોક્ત શાસ્ત્રવચનથી યથાર્થ સમજાય છે.

જે અજ્ઞાની જીવો છે- સમ્યક્ સમજથી વંચિત આત્માઓ છે તે (અશુભ) કર્મના ઉદયમાં નાસીપાસ થાય છે-ડરી જાય છે. ઉદાહરણરૂપે આશાતાવેદનીયનો ઉદય થાય ને કેન્સર-ટી.બી. જેવા રોગો ઘેરી વળે ત્યારે અજ્ઞાની જીવો નાસીપાસ થઇ જાય-ડરી જાય. પરંતુ જે જ્ઞાની જીવો છે-સમ્યક્ સમજથી વાસિત જીવો છે એ તે ઉદયથી ન ડરે, બલ્કે એને સનત્કુમાર મુનિવરાદિની જેમ કર્મનિર્જરાનું સાધન લેખીને સહજતાથી સ્વીકારે. જ્ઞાની જીવો કર્મના ઉદયથી નહિ, કર્મના બંધથી ડરે ને ચેતીને ચાલે. એટલે જ ટકોર કરાઇ છે પેલી પૂજા પંક્તિમાં કે ''બંધ સમયે ચિત્ત ચેતીએ રે, ઉદયે શો સંતાપ?''

શું છે આ કર્મનો બંધ? શું છે આ કર્મનો ઉદય? શું છે કર્મની ઉદીરણા અને સત્તા? એની વ્યવસ્થિત વ્યાખ્યા અને કયા ગુણસ્થાનકે કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા હોય યા ન હોય તેનું સુગ્રથિત નિરૂપણ છે દ્વિતીય કર્મસ્તવનામે કર્મગ્રન્થમાં. ગ્રન્થકાર પરમર્ષિ પૂજ્યપ્રવર શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ કે જેઓએ સ્વોપજ્ઞ ટીકાસહિત પાંચેય કર્મગ્રન્થો-ચૈત્યવન્દનાદિભાષ્યત્રય-ધર્મરત્નવૃત્તિ-શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ-સિદ્ધ પંચાશિકાસૂત્રવૃત્તિ આદિ અનેક વિદ્વદ્ભોગ્ય પ્રૌઢ ગ્રન્થસર્જનો કર્યા છે તેમણે ઉપરોક્ત વિષયોને એવાં કૌશલ્યથી ગૂંથ્યા છે કે જેમાં સત્તાગત અને ઉદયપ્રાપ્ત તમામ કર્મોને ઉદીરણાદિ વિવિધ કરણાદિ દ્વારા ખપાવીને સર્વથા બંધમુક્ત થયેલ શ્રમણ ભગવાન શ્રી મહાવીરપ્રભુની પણ સ્તુતિ થાય. ''तह थुणिमो वीरजिणं'' અને ''देविंदवंदिअं नमह तं वीरं'' વગેરે આ કર્મગ્રન્થની પંક્તિઓ એની દ્યોતક છે. એટલે જ એ દ્વિતીય કર્મગ્રન્થનું સાન્વર્થ નામ કર્મસ્તવ છે... ત્રીજા કર્મગ્રન્થમાં બાસઠ માર્ગણાસ્થાનોના

આધારે કયા ગુણસ્થાનકે કેટલી કર્મપ્રકૃતિનું બંધસ્વામિત્વ હોય તેનું નિરૂપણ છે. માટે તેનું બંધસ્વામિત્વ નામ પણ સાન્વર્થ છે.

જૈન કર્મસાહિત્યમાં સંસ્કૃત કર્મગ્રન્થો પણ છે અને પ્રાચીન પ્રાકૃત કર્મગ્રન્થો પણ છે. તેની અપેક્ષાએ પૂજ્યપ્રવર શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.ના આ બન્ને સહિત પાંચે ય કર્મગ્રન્થો અર્વાચીન હોવાથી નવ્ય કર્મગ્રન્થો તરીકે ગણાય છે. વર્તમાનમાં આ નવ્ય કર્મગ્રન્થોનો આધાર અભ્યાસીવર્ગમાં વિશેષ પ્રચલિત છે. એના યથાર્થ બોધ માટે ગ્રન્થકારે સ્વયં એના પર સંસ્કૃત ટીકાઓ રચી છે, પૂજ્ય શ્રીમાન જીવવિજયજી મહારાજે 'ટબા' રચ્યા છે, તો મહેસાણા પાઠશાળા વગેરેએ વિદ્યાર્થીઓ સુગમતાથી સમજી શકે તેવા વિવેચન સાથેનાં ગુજરાતી પુસ્તકો પ્રગટ કર્યાં છે. આ જ રીતે અહીં- આ પુસ્તકમાં પાંચ પૈકીના કર્મસ્તવ અને બંધસ્વામિત્વ નામે દ્વિતીય- તૃતીય કર્મગ્રન્થનું વિદ્યાર્થીભોગ્ય સરળ શૈલીમાં રસાળ વિવેચન છે. પંડિત શ્રી રસિકભાઈએ અધ્યાપન સમયે કરેલ મૌખિક વિવેચનને લિપિબદ્ધ કરીને અને એમાં વિવિધ વિસ્તરણ કરીને એને આ પુસ્તકરૂપ આપ્યું છે અમારા સમુદાયના સાધ્વીજી શ્રી સ્નેહલતા-યશોધર્માશ્રીજીના વિનયશીલ અને અભ્યાસશીલ શિષ્યા સાધ્વીજી શ્રી જિનયશાશ્રીજીએ.

સા. શ્રી જિનયશાશ્રીજી કર્મસાહિત્ય તરફ વિશેષ અભિરૂચિ ધરાવે છે. એટલે આ કર્મગ્રન્થોનો અર્થાભ્યાસ કર્યા બાદ અનેક જિજ્ઞાસુ-ખપી આત્માઓને એનું સુંદર અધ્યયન પણ કરાવે છે. ગુરુકૃપા અને સતત પુરુષાર્થનાં કારણે ખીલેલ ક્ષયોપશમનો વિનિયોગ એમણે આ વિવેચનમાં પણ કર્યો છે. એનાં કારણે બીજા-ત્રીજા કર્મગ્રન્થનાં વિવેચનોનાં અન્ય પુસ્તકોમાં જે વાતો નથી નિહાળવા મળતી યા અલ્પ નિહાળવા મળે છે તેવી વાતો અહીં - આ પુસ્તકમાં વિશદ રીતે નિહાળવા મળે છે. આપણે એની કેટલીક ઝલકો નિહાળીએ :

* "मिच्छे सासणमीसे०" આ ચૌદ ગુણસ્થાનોનો નામનિર્દેશ કરતી, દ્વિતીય કર્મગ્રન્થની દ્વિતીય ગાથામાં ચૌદે ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપવર્ણન લગભગ દરેક વિવેચનપુસ્તકોમાં નિહાળવા તો મળે છે. પરંતુ અહીં-આ પુસ્તકમાં લગભગ ઓગણપચાશ પેજમાં એકેક ગુણસ્થાનોનું જે સરળ - ઝીણવટભર્યું વિવેચન છે એ ખૂબ સુંદર છે. એમાં લોકપ્રકાશ ઉપશમનાકરણ જેવા ગ્રન્થોની વાતો ય સારરૂપે-સાખરૂપે આવરી લેવાઇ છે.

* દ્વિતીય કર્મગ્રન્થના બંધાધિકાર અને ઉદયાધિકારમાં તે તે ગુણસ્થાનકે જે બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ ગ્રન્થકારે કહ્યા છે, અબંધ અને અનુદય ગ્રન્થકારે દર્શાવ્યા છે, તેનાં વિવેચનમાં અહીં - આ પુસ્તકમાં બંધવિચ્છેદાદિ કારણો પણ યુક્તિપુરસ્સર જણાવાયા છે.

* દ્વિતીય કર્મગ્રન્થની ચોવીશમી ગાથામાં ઉદીરણાધિકારમાં, ઉદય અને ઉદીરણાના તફાવત અંગે આ પુસ્તકમાં જે નવ બાબતો અલગ તારવીને પ્રસ્તુત કરાઇ છે એ અભ્યાસ કરનાર વર્ગને જલ્દી સમજાઇ જાય તે રીતની છે.

* દ્વિતીય કર્મગ્રન્થના સત્તાધિકારના અંતે, ગાથાનિર્દિષ્ટ સત્તાસ્થાનોને સારરૂપે રજૂ કરતાં ચોવીશ મુદ્દાઓ અને તે પછી તુર્ત સત્તાસ્થાનોની વિશેષ વિગતરૂપે જે તેંતાળીશ-તેંતાળીશ બાબતો સાધ્વીજીએ પ્રસ્તુત કરી છે તે એમનાં વિશદ અધ્યયન-વાચન-શ્રવણ-ચિંતનની દ્યોતક છે.

* દ્વિતીય કર્મગ્રન્થના અંતે, ગુણસ્થાનાશ્રયી બંધ-ઉદય-ઉદીરણા-સત્તાદર્શક યન્ત્ર જે રજૂ કરાયું છે એ વિદ્યાર્થીઓ માટે ગાગરમાં સાગર સમું છે.

અને... હવે તૃતીય બંધસ્વામિત્વગ્રન્થ અંગે અમારો એક મહત્ત્વનો નિર્દેશ.

તૃતિય કર્મગ્રન્થમાં કોઇ કોઇ સ્થાનો એવાં છે કે જેને સંગત કરવા બહુ મુશ્કેલ છે. આ પુસ્તકમાં પણ, અન્ય પુસ્તકોની જેમ, એ સ્થાનોને અસંગત જણાવતા નિર્દેશો છે. પરંતુ આમાંનું એક સ્થાન એવું છે કે જેને સેંકડો વર્ષોથી અસંગત જેવું જણાવાતું હોવા છતાં, અમારી ગુરુપરંપરાના શિરતાજ કર્મશાસ્ત્રનિપુણમતિ દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા પૂજ્યપાદ યુગદિવાકર આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે શાસ્ત્રાનુકુળ ચિંતન દ્વારા એને સંગત કરી બતાવવાનો પ્રણમ્ય પ્રયાસ કર્યો છે. અમારા માટે ગૌરવની વાત એ છે કે તે કાર્ય એમણે માત્ર તેર-ચૌદ વર્ષના શ્રમણપર્યાય સમયે પ્રવર્તકપદાવસ્થામાં કર્યું છે! જો કે, અમને કોઈને આ વાતનો ખ્યાલ ન હતો. પરંતુ પૂજ્ય યુગદિવાકરશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે, અમારા ગુરુદેવ પૂજ્યપાદ વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ આ. ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે આપેલ પૂજ્યશ્રી સંબંધી સાહિત્યના આધારે, સાતસો Pagesના વિરાટકાય જીવનચરિત્ર 'યુગદિવાકર' મહાગ્રન્થનું કાર્ય અમે આરંભ્યું ત્યારે એમાંથી મળેલ તૃતીય કર્મગ્રન્થની સોળમી ગાથાસંબંધી પ્રશ્નોત્તરથી આ સમગ્ર બીના અમારાં ધ્યાનમાં આવી. એ સમગ્ર બાબત આમ છે :

''**अणचउवीसाइ विणा०**'' આ સોળમી ગાથામાં ગ્રન્થકારશ્રીએ ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં ચતુર્થગુણસ્થાનકે જે પંચોતેર પ્રકૃતિનો બંધ કહ્યો છે તે સંગત થતો જણાતો નથી. સૈકાઓ પૂર્વે, કર્મગ્રન્થના બાલાવબોધકાર પૂજ્ય શ્રીમાન જયસોમસૂરિજી મહારાજે મનુષ્યદ્વિક-ઔદારિકદ્વિક-વજ્રઋષભનારાચસંહનનરૂપ પાંચ પ્રકૃતિઓ બંધબેસતી ન હોવાથી બાદ કરીને ત્યાં સિત્તેરનો બંધ સંગત થતો હોવાનું જણાવ્યું છે, તો સ્તબક્કાર પૂજ્ય શ્રીમાન જીવવિજયજી મહારાજે પણ એમના ટબામાં ''એ પાંચ પ્રકૃતિ એહને બંધે કેમ ઘટે? એ ગ્રન્થકારે કોણ જાણે શા અભિપ્રાયે આણ્યું હશે? તે પંડિતે વિચારવું'' આમ લખીને સિત્તેર પ્રકૃતિ સંગત ગણી

છે. વર્તમાનમાં ગુજરાતી વિવેચનોમાં અને આ પુસ્તકની પ્રથમાવૃત્તિમાં પણ પંચોતેરનો ગાથોક્ત ઉલ્લેખ કર્યા બાદ, એ નહિ પણ સિત્તેરનો બંધ સંગત હોવાનું જણાવાયું છે. આજના આ અભ્યાસીઓની જેમ, ભાવનગરના સદ્‌ગત અભ્યાસી વિદ્વાન શ્રાવક શ્રી કુંવરજી આણંદજીને પણ 'અહીં પંચોતેરનો બંધ ગણવો કે ગાથાની વાત ખોટી ગણીને સિત્તેરનો બંધ ગણવો' એ સંશય હતો. એથી એમણે વિ.સં. ૧૯૯૦ આસપાસના એક પત્રમાં પૂજ્ય યુગદિવાકર પરમગુરુદેવશ્રી (ત્યારે પૂ. પ્રવર્તક શ્રી ધર્મવિજયજી મ.)ને પત્ર દ્વારા આ પ્રશ્ન પૂછેલ. પૂજ્યશ્રીએ એના ઉત્તરરૂપે લખેલ વિસ્તૃત પત્રમાંનો મુખ્ય ઉત્તરરૂપ વિભાગ અક્ષરશઃ આ પ્રમાણે છે કે :-

''પરંતુ ટીકામાં જેમ ૭૫ એવા ચોક્‌ખા શબ્દો લખ્યા છે, તે પ્રમાણે સંસ્કૃત કર્મગ્રન્થમાં પણ ૭૫ ચોક્‌ખો શબ્દ લખ્યો છે. પ્રાચીન કર્મગ્રન્થની ટીકામાં ગોવિંદાચાર્યે પણ ૭૫નો બંધ હોય તેમ સ્પષ્ટ જણાવ્યું છે. આમ દરેકનો અભિપ્રાય ૭૫નો હોવા છતાં ૭૦નો બંધ કહેવો તે કરતાં ૭૫ના બંધને કોઈ પણ યુક્તિથી બંધબેસતો કરવો એ જ વ્યાજબી લાગે છે. હવે તે ૭૫નો બંધ સંગત કરવા માટે એ પ્રમાણે વિચાર કરવો ઠીક જણાય છે :

જેઓને વૈક્રિયલબ્ધિ હોય એવા મનુષ્યો જ્યારે વૈક્રિયશરીર રચે ત્યારે પ્રારંભકાળમાં અથવા વિસર્જનકાળમાં કોઈક આચાર્યભગવંતો ઔદારિકમિશ્રકાયયોગ પણ માને છે. ઐદારિકનું મિશ્રણ વૈક્રિયની સાથે છે એટલે ઔદારિક નિમિત્તે દેવદ્વિક વિગેરે જે બંધાય છે તે તો બંધાય. પણ વૈક્રિયની મિશ્રતા હોવાથી સાથે સાથે ઔદારિકદ્વિક-મનુષ્યદ્વિક અને વજ્રઋષભ એ પાંચ પણ બાંધે. સમકિતવંત મનુષ્ય સામાન્યતઃ ભલે ઔદારિકદ્વિક વગેરે પાંચનો બંધ ન કરે. પણ આ પ્રમાણે વૈક્રિયની મિશ્રતા હોવાથી વૈક્રિયયોગનિમિત્તક એ પાંચ બંધાતી હોય તો તેમાં કશો વિરોધ આવતો નથી. એટલે ૭૫નો બંધ બરાબર આવશે.

જ્યારે આ પ્રમાણે ઔદારિકમિશ્રમાં પાંચ પ્રકૃતિઓ બંધાય છે તો તિર્યંચ અને મનુષ્યમાર્ગણામાં પણ ચોથે ગુણસ્થાનકે ૭૫ કહેવી જોઇએ એવી શંકા થાય એ સહજ છે. પરંતુ આ પ્રસંગ કાદાચિત્ક હોવાથી ગ્રન્થકાર મહારાજાએ તિર્યંચ અને મનુષ્યમાર્ગણામાં તેની વિવક્ષા ન કરી હોય તે બનવા જોગ છે. જ્યારે અહીં ઔદારિકમિશ્રમાર્ગણા વિચારવાની હોવાથી જ્યાં જ્યાં ઔદારિકમિશ્રપણું ઘટી શકતું હોય ત્યાં ત્યાં કેટલી પ્રકૃતિ બંધાય તે વિચાર કરતા ૭૫ કહી હોય તો તેમાં જરા પણ વિરોધ આવવાનો સંભવ નથી...''

એક નોંધપાત્ર બાબત આ ચર્ચાસંદર્ભમાં એ પણ છે કે ગ્રન્થકારશ્રીએ ઔદારિકમિશ્રકાયયોગે પંચોતેર પ્રકૃતિનો બંધ ગણાવીને પછી તરત કાર્મણકાયયોગમાં પણ એ જ સંખ્યાના પ્રકૃતિબંધની ભલામણ કરી છે. ત્યાં-કાર્મણકાયયોગમાં પંચોતેર પ્રકૃતિનો બંધ જ સંગત હોવાનું નિર્વિવાદ છે. હવે જો ઔદારિકમિશ્રકાયયોગમાં પંચોતેરને બદલે સિત્તેરની સંગતતા સ્વીકારીએ તો એની જ ભલામણ કાર્મણકાયયોગમાં કરાઇ હોવાથી ત્યાં પણ સિત્તેરની આપત્તિ આવી પડે. એટલે એમ ન કરતાં, પૂજ્ય યુગદિવાકર પરમગુરુદેવશ્રીએ આ મૂળ ગાથા-એની સ્વોપજ્ઞ ટીકા-સંસ્કૃત કર્મગ્રન્થ-પ્રાચીન કર્મગ્રન્થ ટીકા : આ તમામ અભિપ્રાયને સાચવવા ઉપરોક્ત જે સમન્વય કર્યો છે તે ઉચિત લેખાય તેવો છે. અસ્તુ.

આ પુસ્તકનાં માધ્યમે સા. શ્રી જિનયશાશ્રીજીએ કર્મગ્રન્થોના વિદ્યાર્થી વર્ગને અને શ્રી સંઘ-શાસનના તત્ત્વરસિક વર્ગને તો નજરાણું ધર્યું જ છે, સાથોસાથ અમારા સમુદાયના યશની પણ વૃદ્ધિ કરી છે. તેમને અમારા અંતરના આશીર્વાદ છે કે તેઓ પોતાના ક્ષયોપશમનો વધુ ને વધુ સુંદર વિનિયોગ આવાં કર્મસાહિત્યવિષયક ગ્રન્થોમાં કરે, એના પ્રભાવે માત્ર જ્ઞાનક્ષેત્રે જ નહિ રત્નત્રયીનાં ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધીને વહેલી તકે કર્મમુક્ત થવા સાથે પરમપદને પ્રાપ્ત કરે.

આ વિવેચન ગ્રન્થનાં માધ્યમે વિદ્યાર્થીઓ-વાચકો-કર્મસાહિત્યરસિકો પણ કર્મના બંધ-ઉદય-ઉદીરણા-સત્તાનું સમ્યગ્ અવગાહન કરીને એનાં અંતિમ ફળરૂપે સર્વસંવરભાવ અર્થાત્ મુક્તિપદ પ્રાપ્ત કરે એ જ અંતરઅભિલાષા...

• • •

૯

# શાસનશણગાર સૂરીશ્વર

પ્રકાશ પાથરવાનું કાર્ય Bulb-Tubelight પણ કરે છે અને દીપક પણ કરે છે. આમ છતાં લગભગ બધા જ ઘરોમાં Bulbનો-Tubelightનો જ વપરાશ રહે છે, દીપકનો ખાસ નહિ. મુખ્ય કારણ એમાં એ હોય છે કે Bulb દ્વારા પ્રકાશ પાથરવામાં કોઈ ઝાઝી મહેનત નથી હોતી. Switch દબાવો અને તુર્ત પ્રકાશ ફેલાઈ જાય. જ્યારે આના મુકાબલે દીપક દ્વારા પ્રકાશ પાથરવામાં ઘણી બધી જહેમત કરવી પડે છે. દીવો-ઘી-રૂ-દીવાસળી વગેરે સાધનો એકત્ર કરાય, પછી જ દીપક પ્રગટે. તે પછી પણ પવનના સપાટે બુઝાઈ જવાનો ભય-મર્યાદિત ક્ષેત્રમાં પ્રકાશ જેવી નાની નાની સમસ્યાઓ તો ખરી જ.

પણ...સબૂર! ઉપરોક્ત તમામ મર્યાદાઓ મંજૂર રાખ્યા પછી ય દીપકની એક વિશિષ્ટતા પર દૃષ્ટિ કરીએ તો અવશ્ય એમ પ્રતીતિ થાય જ કે Bulb કરતાં દીપકનું વ્યક્તિત્વ ચડિયાતું છે-શ્રેષ્ઠ છે. દીપકની એ અદ્ભુત કાબિલેદાદ વિશેષતા આ છે કે એક પ્રકાશિત દીપક પોતાની જ્યોત દ્વારા અન્ય નહિ પ્રકાશિત સેંકડો દીપકને પ્રકાશથી ઝળાહળાં કરી શકે છે, જ્યારે એના મુકાબલે એક પ્રકાશિત Bulb અન્ય નહિ પ્રકાશિત એક પણ Bulbને પ્રકાશિત કરી શકતો નથી! વાતાવરણમાં પવિત્રતાના પ્રાગટ્ય જેવી દીપકની અન્ય વિશેષતા બાજુ પર રાખીએ તો ય, અન્ય સેંકડો દીપકને પ્રકાશિત કરવાની દીપકની આ એક વિશેષતા પણ દીપકને Bulb કરતાં નિઃશંક શ્રેષ્ઠ પુરવાર કરે છે.

બસ, દીપકની આ સ્વ-પર પ્રકાશકતારૂપ વિશેષતાને લક્ષ્યમાં રાખીને જ શાસ્ત્રકાર પરમર્ષિ, મહાન આચાર્યભગવંતોને દીપકની ઉપમા આપતા ફરમાવે છે કે :-

जह दीवो दीवसयं, पइप्पइ सो अ दीप्पए दीवो।
दीवसमा आयरिया, अप्पं च परं च दीवंति।।

શ્રીમાન ભદ્રબાહુસ્વામીજીએ 'ઉત્તરાધ્યયનનિર્યુક્તિ'માં ફરમાવેલ આ ગાથાનો ભાવાર્થ એ છે કે જેમ દીપક સ્વયં પ્રકાશિત રહી સેંકડો દીવડાઓને

દીપ્તિમંત બનાવે છે તેમ દીપકધર્મી આચાર્યભગવંતો પણ સ્વ અને પર ઉભયને પ્રકાશિત કરે છે. શાસનના ઝળહળતા દીવડા સમા એ આચાર્યભગવંતોની પવિત્ર અને પ્રકાશમાન પરંપરા ચરમતીર્થપતિ પ્રભુમહાવીરદેવનાં શાસનમાં એ નિહાળવા મળે છે કે જેમાં શ્રુતકેવલી ચૌદ પૂર્વધરભગવંતોથી લઈને યુગપ્રધાન સૂરીશ્વરો અને પ્રભાવક આચાર્યભગવંતોની પુણ્યવંતી નામાવલિ હોય. અરે! પંચમાંગ શ્રી ભગવતીસૂત્રની ટીકાનાં મંગલાચરણમાં, ટીકાકાર પૂજ્યપ્રવર આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજે તો પ્રભુમહાવીરદેવ અને શ્રી સુધર્માસ્વામીજીની સાથોસાથ અનુયોગવૃદ્ધ એ સમગ્ર પરંપરાને પણ નમસ્કારરૂપે મંગલ કર્યું છે.

સાંપ્રતકાલીન પ્રભુશાસનની આ આચાર્ય પરંપરાના એક સૂર્ય શા તેજસ્વી મહાપુરુષ એટલે પૂજ્યપાદ સમર્થ શ્રુતધર આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રીએ જીવનકાળ દરમ્યાન કરેલ શાસનરક્ષા-સિદ્ધાંતરક્ષા-શાસનપ્રભાવનાઓ-રાજપ્રતિબોધ-પ્રૌઢ વિદ્વત્તાસભર અનેક નવ્ય ગ્રન્થોનું સર્જન-જ્ઞાનનિષ્ઠ અને સંયમચુસ્ત વિશાલ શિષ્યપરંપરા-સર્જન વગેરે યશસ્વી કાર્યોને ક્ષણભર બાજુ પર રાખી માત્ર એમની આગમશાસ્ત્રોની સેવાને જ લક્ષ્યમાં લઈએ તો ય અંતઃકરણથી એ સ્વીકારવું રહે કે તેઓશ્રીએ વર્તમાન પ્રભુશાસન પર અપ્રતિમ અવર્ણનીય શ્રુતોપકાર કર્યો છે. શુદ્ધ પાઠોના સંશોધનપૂર્વક આગમગ્રન્થોનું સંપાદન, સાત સાત વાર આગમોના રહસ્ય ઉજાગર કરતી વિરાટ વાચનાઓ, પાલિતાણા-સુરત ઇત્યાદિ સ્થળે સૈકાઓ પર્યંત આગમોને સુરક્ષિત રાખતા આગમમંદિરોનાં નિર્માણ વગેરે આગમભક્તિકાર્યો નિહાળતા તેઓશ્રી માટે રચાયેલ આ પંક્તિ એકદમ સાર્થક જ ભાસે કે :-

સાગરાનંદસૂરિજીએ જેના, ખૂબ કીધા રખવાળાં;
યુગો સુધી ઝળહળતા રહેશે, આગમનાં અજવાળાં...

વ્યક્તિગતરૂપે અમને પૂજ્યપાદ સાગરજી મ. માટે અનહદ બહુમાનભાવ હોવાનું એક વિશિષ્ટ કારણ એ છે કે અમારી યશસ્વી ગુરુપરંપરાના

શિરતાજ મહાન શાસનપ્રભાવક પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી. વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજને દ્રવ્યાનુયોગના કેટલાય ગહન પદાર્થોનું અધ્યયન તેઓશ્રીએ કરાવ્યું છે અને ઉત્કૃષ્ટ વિનયસંપન્ન-પ્રજ્ઞાસંપન્ન અભ્યાસુરૂપે તેઓશ્રીએ અમારા એ પરમ ગુરુદેવને પ્રશંસ્યા છે-હૃદયસ્થ કર્યા છે.

પૂજ્ય સાગરજી મહારાજની જ્ઞાન-ચારિત્રપ્રધાન શિષ્ય-પ્રશિષ્યપરંપરાના એક તેજસ્વી તારલા એટલે પૂજ્યપાદ સુવિશુદ્ધ સંયમમૂર્તિ શાસનપ્રભાવક આ.ભ.શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ. હસમુખો ચહેરો, વત્સલ વ્યવહાર અને નિરંતર આરાધના-પ્રભાવનાની પ્રવૃત્તિઓમાં મગ્નતાઃ એમનાં પ્રથમ દર્શને અમારાં અંતરમાં ઊપસેલ આ છબી હતી. વિ.સં. ૨૦૩૬માં વઢવાણથી મુંબઇ તરફની વિહારયાત્રામાં પૂ. યુગદિવાકર પરમગુરુદેવશ્રીની છત્રછાયામાં અમે ખેડાનગરે આવ્યા ત્યારે ત્યાં પૂજ્યશ્રીનાં પ્રથમ દર્શન થયાં હતાં. અમને સ્મરણ છે કે ત્યારે ત્યાં તેઓશ્રીની નિશ્રામાં ઉપધાનતપઆરાધના થઇ રહી હતી. અલબત્ત, એક જ દિવસની સ્થિરતા અને બાલશ્રમણ તરીકેની અમારી કક્ષાઃ એથી પૂજ્યશ્રી સાથેનો વ્યક્તિગત અનુભવ ખાસ ન થયો. પરંતુ એમનો પૂ. પરમગુરુદેવશ્રી સાથેનો સૌજન્યપૂર્ણ-વિનયી વ્યવહાર વગેરે નજરે નિહાળ્યા હતા અને એમાંથી પૂર્વોક્ત પ્રથમદર્શી છબી ઊપસી હતી. એ પછીનાં વર્ષોમાં તેઓ સાગરસમુદાયના ગચ્છાધિપતિપદે આરૂઢ થયા. એથી સ્વાભાવિક જ શાસનના કેટલાક પ્રશ્નોમાં એમની ભૂમિકા કેન્દ્રવર્તી રહી. તત્કાલીન એક વ્યાપક ચર્ચાના વિષયમાં અમને એમનાં વ્યક્તિત્વનું-નેતૃત્વનું મૂલ્યાંકન કરવાની તક મળી હતી.

એ પછી લગભગ સાડા ત્રણ દાયકા બાદ હાલમાં આ જીવનચરિત્રમાંથી પસાર થવાનું બન્યું ત્યારે એમનાં વ્યક્તિત્વનાં વંદનીય પાસાઓનો પરિચય થયો. સંક્ષેપમાં, એ વાંચતા એમ અનુભવી શકાય કે એમનામાં પ્રજ્ઞા-પવિત્રતા-પુણ્યનો મજાનો ત્રિવેણીસંગમ હતો. આ અને આના જેવી અનેકાનેક વિશિષતાઓને ઉજાગર કરે તેવા અઢળક પ્રસંગો આ ચરિત્રમાં

પ્રસ્તુત છે. આપણે એમાંના કેટલાક ઝલકરૂપ પ્રસંગોની અહીં ઝાંખી કરીએ :

* પચાસ પેંડાના ઇનામનાં આકર્ષણમાં, ચરિત્રનાયકશ્રીએ બાલ્યાવસ્થામાં માત્ર એક દિવસમાં સંપૂર્ણ વંદિત્તુસૂત્ર કંઠસ્થ કરી તમામ સહાધ્યાયીઓ કરતાં સર્વપ્રથમ પાઠશાળાના શિક્ષકને સંભળાવી દીધું હતું. (-પ્રકરણઃ ૬. તેજસ્વી બાળક). બાળકને ઇનામનું પ્રલોભન ભલે હોય. પરંતુ તેજસ્વી પ્રજ્ઞા અને એકાગ્રતાપૂર્વકના અભ્યાસ વિના એક દિવસમાં વંદિત્તુસૂત્ર કંઠસ્થ થવું અસંભવિત છે. આ ઘટના પૂજ્યશ્રીની પ્રબળ-સબળ પ્રજ્ઞાશક્તિની અને એકાગ્ર ધ્યેયનિષ્ઠાની દ્યોતક છે...

* બાવીશ વર્ષની યુવાન વયે તેઓએ ઉપધાનતપસાધના કરી, તો તે પછી બે વર્ષ મહેસાણાની શ્રીમદ્ યશોવિજયજી સંસ્કૃતપાઠશાળામાં કર્મગ્રન્થો-બૃહત્સંગ્રહણી આદિ ગ્રન્થોનો પ્રકાંડ અભ્યાસ કરી તેઓ ચોવીશ વર્ષની ભરયુવાનવયે સંયમધર્મનો સ્વીકાર કરે છે. (પ્રકરણઃ ૧૧. પ્રવ્રજ્યાની પગથારે) ભરયુવાનવયે વિષયોનાં આકર્ષણ ફગાવી સંયમી બનવાની આ ઘટના એમની પવિત્ર આંતર પરિણતિનું પ્રતીક છે. 'ઇંદ્રિયપરાજયશતક' ગ્રન્થકાર આવા યુવાવયના સંયમધરો માટે અહોભાવભર્યો વાક્યપ્રયોગ કરે છે કે ''दुक्करमेएहिं कयं''. મતલબ કે તેઓએ તો દુષ્કર-અતિ કઠિન ધર્મકાર્ય કર્યું છે.

* આ જ પવિત્ર આંતરપરિણતિનું પ્રેરક પરિણામ હોય તેમ તેઓની નિશ્રામાં સુરતના ઉપધાનતપમાં એક-બે નહિ, બલ્કે ઇકોતેર-ઇકોતેર નવદંપતીઓએ ઉપધાનતપની - વિરતિધર્મની આરાધના કરી હતી. ઉપધાનતપ જેવી શ્રાવકજીવનની ઉત્કૃષ્ટ આરાધના પણ એમની નિશ્રામાં કુલ મળીને એકત્રીશ વાર થઇ હતી. (-પ્રકરણઃ ૧૯. ઉપધાનતપની સૂરીલી સરગમ). માત્ર શાબ્દિક પ્રેરણા સામી વ્યક્તિની ચેતનાને ઢંઢોળી ન શકે. એની સાથે વ્યક્તિની આંતરિક પવિત્રતા ભળે ત્યારે આટલી વિશાલ સંખ્યામાં નવપરિણીત દંપતીઓની વિરતિધર્મની આરાધના શક્ય બની શકે.

* મુંબઇના કેન્દ્રવર્તી શ્રી ગોડીજી-વિજય દેવસૂરિસંઘમાં વિ.સં. ૨૦૪૨ના ચાતુર્માસમાં તેઓએ શ્રી ભગવતીસૂત્ર પર એવી તાત્ત્વિક પ્રવચનધારા વહાવી કે શ્રોતાઓને દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. પછી આવાં પ્રવચનો પ્રથમવાર સાંભળ્યાની અનુભૂતિ થઇ (-પ્રકરણ : ૪૫. રાજકરંડસૂરીશ્વર). અમારા પરમગુરુદેવ પૂ. યુગદિવાકરશ્રીનું ભગવતીસૂત્ર પરનું પ્રવચનકૌશલ્ય-વિવેચનકૌશલ્ય એવું ગજબનાક હતું કે એમનાં 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' ગ્રન્થની સાત-સાત પુનરાવૃત્તિઓ થઇ હતી. આવા નામાંકિત વ્યાખ્યાતાની સ્મૃતિ કરાવે તેવાં પ્રવચનો તેઓ ફરમાવી શક્યા તે એમ દર્શાવે છે કે તેઓ ભગવતીસૂત્રના તાત્ત્વિક પદાર્થોના જ્ઞાતા પણ હતા અને એના ઉત્તમ વ્યાખ્યાતા પણ હતા. વિશિષ્ટ પ્રજ્ઞાવૈભવ વિના એ શે શક્ય બને?

* વિવિધ ગામ-નગરોના શ્રી સંઘોમાં ક્યારેક વહીવટી બાબતો-સ્વભાવની વિષમતાઓ-દુરાગ્રહો આદિ કારણે કુસંપનું-સંક્લેશનું વાતાવરણ સર્જાય. એ સમયે વિશિષ્ટ પુણ્યશાળી સંયમીભગવંતો સંઘના પ્રશ્નો હાથમાં લઇ કુસંપનું-સંક્લેશનું નિવારણ કરે. પૂજ્યશ્રીએ ડભોઇતીર્થ અને શિહોરના સંઘમાં કરાવેલ કુસંપનિવારણનું આ ચરિત્રમાં સુંદર બયાન છે. (-પ્રકરણ ૨૩. એકતાનો નાદ). આ પૈકીનું ડભોઇતીર્થ એટલે અમારું સાંસારિક વતન. ત્યાં વિ.સં.૨૦૦૪ના ચાતુર્માસમાં એમણે ગામના પાંચે ય જિનાલયોના વહીવટના એકીકરણપૂર્વક સંઘહસ્તક 'શેઠ દેવચંદ ધરમચંદ પેઢી'ની વહીવટી સ્થાપના કરાવી હતી. એ સમયે એમણે દર્શાવેલ કુનેહનું-નીડરતાનું આમાં જે બયાન છે તેવું જ બયાન અમે અમારા સાંસારિક વડીલો પાસે સાંભળ્યું હતું. કલિકાલસર્વજ્ઞ શ્રીમાન્ હેમચન્દ્રાચાર્ય પરિશિષ્ટ પર્વમાં લખે છે કે **''आद्यो धर्मो व्रतस्थानां, विरोधोपशमः खलु.''** ભાવાર્થ કે વ્રતધારી સંયમીભગવંતોનું પ્રથમ કર્તવ્ય-પ્રથમ ધર્મ એ છે કે તેઓ વિરોધ શમાવે. આ માટે વિશિષ્ટ પુણ્યસંપદા પણ જોઇએ. પૂજ્યશ્રીમાં એ પુણ્યસંપદા હતી એમ ઉપરોક્ત સંઘએકતાના પ્રસંગોથી પ્રતીત થાય છે.

* સંઘસ્તરે કુસંપનિવારણ કરતી એમની પુણ્યશક્તિ-પ્રેરણાશક્તિ વ્યક્તિગત સ્તરે પણ કેવા દૂષણો નિવારતી હતી એની ઝલક દધાલીયા ગામના ટ્રસ્ટીએ એમની સામાન્ય ટકોરથી આજીવન બીડીનો ત્યાગ કર્યો એમાં નિહાળાય છે. (-પ્રકરણઃ ૨૦. સુંદર મુખમુદ્રા કે અલૌકિક આરસી?) વાણી માટે એક નિયમ એ છે કે હોઠથી નીકળેલ વાણી હોઠને સ્પર્શે અને હૈયાથી નીકળેલ વાણી હૈયાને સ્પર્શે. પૂજ્યશ્રીના આચારનિષ્ઠ અંતરમાંથી પ્રગટેલ વચને જ, સામાન્ય શબ્દો છતાં, આ કમાલ સર્જી ગણી શકાય.

* સંયમી પુણ્યાત્મા પ્રભાવક ચાહે તેવા હોય. પરંતુ સ્વજીવનમાં જો તે આરાધક ન હોય તો તે વાસ્તવમાં ન તો આરાધક ગણાય, ન તો પ્રભાવક ગણાય. પૂજ્યશ્રીમાં આરાધકભાવ કેવો ઠસોઠસ ભર્યો હતો એના ઝલકરૂપ ચમકાર આ ગ્રન્થમાંથી અમે આ તારવ્યા છે : (૧) જીવનનાં અંતિમ વર્ષે અર્થાત્ ૮૩ વર્ષની બુઝુર્ગવયે પણ એ નવપદજીની ઓળીની તપઆરાધના ચૂક્યા નથી. સળંગ ૬૭ વર્ષ પર્યંત એમણે નવપદજીની ઓળીની આરાધના અખંડ કરી છે. (-પ્રકરણઃ૨૨. નવપદ-નવકારમય). (૨) આયુષ્યના અંતિમ વર્ષે વિ.સં. ૨૦૪૩માં સ્વાસ્થ્ય અતિશય જોખમાંતા ડૉક્ટરોએ તત્કાલ Ambulance દ્વારા અમદાવાદ લઈ જવાનું કહ્યું ત્યારે તેમણે વાહનઉપયોગનો દઢ ઈન્કાર કર્યો અને વિહાર દ્વારા જ અમદાવાદ પહોંચ્યા. (-પ્રકરણઃ૬૬. શ્રદ્ધાની જવલંત જ્યોત). (૩) વિ.સં. ૨૦૪૧માં એંશી વર્ષની વયે તેઓએ શ્રી શત્રુંજયગિરિરાજની પગપાળા યાત્રા કરી અને ડોળીની સુવિધા સાથે રખાઈ હોવા છતાં એનો ઉપયોગ ન કરતાં કહ્યું કે ‘‘ગિરિરાજની યાત્રા તો પગપાળા જ કરાય.’’ (-પ્રકરણઃ૨૮. જિનભક્તિમયતા). આ બધા જ પ્રસંગો પૂજ્યશ્રીની ચુસ્ત સંયમનિષ્ઠાના અને આરાધનારુચિના દ્યોતક છે.

અહીં-આ પ્રસ્તાવનામાં તો પૂજ્યશ્રીના પ્રેરક જીવનપ્રસંગોનો માત્ર ઝલકરૂપ નિર્દેશ છે. એનો આસ્વાદ માણી જિજ્ઞાસુ પુણ્યાત્માઓ સમગ્ર પુસ્તક વાંચવા અને એમાંથી જીવનપાથેય પામવા લાલાયિત થાય એ જ આ નિર્દેશનો આશય છે.

આ પુસ્તકના આદ્ય લેખિકા છે સાગરસમુદાયવર્તી સ્વ. સા. શ્રી પ્રશમરત્નાશ્રીજી. સંસ્કૃત-પ્રાકૃત-પ્રકરણગ્રન્થો આદિનો સુંદર અભ્યાસ અને અધ્યાપન કરનાર આ સાધ્વીજીએ ૩૬ લાખ શ્રી નવકારમન્ત્રજાપ આદિ ઉત્તમ આરાધના-તપસ્યાઓ પણ કરી છે. એમણે બાર વર્ષની બાળવયે ચરિત્રનાયક પૂજ્યશ્રી પાસે ઉપધાનતપ આરાધના કરી હતી અને ક્રમશઃ આગળ વધતા દીક્ષા પણ પૂજ્યશ્રીના હસ્તે જ સ્વીકારી હતી. આ ઉપકારવર્ષાની પૃષ્ઠભૂમિમાં તેઓએ, પૂજ્યશ્રીના કાલધર્મ બાદ આ ચરિત્ર આલેખ્યું હતું જે 'ચારિત્રની ચાંદની' નામથી પ્રકાશિત થયું હતું.

એ જ પુસ્તકની ભાષાને વધુ સુશોભિત-સંસ્કારિત કરી એને નવા નામ-નવી સજ્જા સાથે સંપાદિત કરી રહ્યા છે પૂજ્યશ્રીના શિષ્યરત્ન અને અમારા મિત્ર વિદ્વાન શાસનપ્રભાવક આ.શ્રી હર્ષસાગરસૂરિજીમહારાજ. તેઓ દાયકાઓ પર્યંત ગુરુનિશ્રામાં પૂર્ણ સમર્પિતભાવે રહીને ગુરુકૃપા પામ્યા છે. એથી જ એમના હસ્તે પણ પ્રભુશાસનનાં અનેક રૂડાં કાર્યો થઈ રહ્યાં છે. વિ.સં. ૨૦૭૨માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં યોજાયેલ વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલન દરમ્યાન અમે કેટલીક સમિતિમાં સાથે રહીને સંમેલન કાર્યો કર્યાં હતા. એમાં એમની શાસનભક્તિનો અને શક્તિનો સુખદ અનુભવ થયો છે. તેઓએ પોતાના પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિની અભિવ્યક્તિ આ પુસ્તક દ્વારા કરી છે. અલબત્ત, ભાષાની વર્ણનાત્મકતા ઓછી કરીને પ્રસંગોનું આલેખન રસાળ થયું હોત તો એ વધુ વાંચનક્ષમ બનત. આમ છતાં એક વાત ચોક્કસ છે કે આ પુસ્તક અનેક આત્માર્થી આરાધકોને પ્રેરણાનું ઉત્તમ પાથેય અર્પશે.

આ પુસ્તક દ્વારા વર્તમાન શ્રી સંઘને એક પુણ્યવંત-પ્રભાવવંત-ચારિત્રપૂત પુણ્યાત્માનો પરિચય થાય અને એ દ્વારા આરાધક આત્માઓ સંયમધર્મ પ્રત્યે અહોભાવવંત બને એ જ મંગલ મનઃકામના.

• • •

१०

# અવધૂતની આંતર અમીરાત

પર્વત! આકાશ સાથે જાણે વાતો કરતા હોય એમ કેટલાક પર્વતો અતિ ઉત્તુંગ ભાસે. કો'શિલ્પીએ રચેલ ઉત્તુંગ મંદિરનું શિખર જેમ ઉપર જતાં સાંકડું થતું જાય એમ એ પર્વતના શિખરો ઉપર જતાં સ્વયં સાંકડા થતા જાય અને એની ટોચ પર દૃષ્ટિ ઠેરવીએ તો દૂરથી એમ જ લાગે કે એ ટોચ સર કરીએ તો આકાશ હાથવેંતમાં આવી જાય. આંખ-અંતરને આકર્ષી લે એવો એનો દોરદમામ લાગે. તો વળી કોઈ પર્વત પર વૃક્ષરાજી એવી છવાયેલી ભાસે કે દૂરથી નિહાળતા જાણે કે હરિયાળી ચાદર પથરાયેલી લાગે. ક્ષણભર એ મનને મુગ્ધ બનાવી દે.

પરંતુ એ પર્વતની એકદમ નિકટ જઈએ ત્યારે વાસ્તવિકતાનો ખરો ખ્યાલ આવે. ઉત્તુંગ પહાડના ચડાણ એવા કપરા હોય કે ડગ ક્યાં માંડવું એ સમસ્યા થઈ જાય. ઠેર ઠેર કાળમીંઢ શિલાઓ-કાંટાઓ-કાંકરાઓ અને ડગલું ચૂકતા જ ક્યાંના ક્યાં ગબડી જવાની શક્યતાથી એ જ પર્વત ડરામણો ભાસે. તો દૂરથી હરિયાળી ચાદર પથરાયેલી હોય એવા લાગતા વૃક્ષો તો જાણે એક-બીજાથી અબોલા લઈને દૂર બેસી રહેલ વ્યક્તિત્વો લાગે. પર્વતોની નિકટની વાસ્તવિકતા આ હોવાથી એક ઉક્તિ પ્રચલિત છે કે ''ડુંગરાં દૂરથી રળિયામણાં.''

કેટલાંક વ્યક્તિત્વો આ સૃષ્ટિમાં હોય છે આ પર્વતો જેવા. એ દૂરથી ખૂબ રળિયામણાં-મુગ્ધ કરી દે એવાં હોય. પરંતુ જ્યારે એમની નિકટતા માણીએ-ગાઢ પરિચય કરીએ ત્યારે વાસ્તવિકતા કાંઈક અલગ જ અનુભવાય. જેટલી મહત્તા-જેટલી વિશિષ્ટતા એ વ્યક્તિત્વો માટે દૂરના પરિચયથી કલ્પી હોય એટલી જ અલ્પતા-એટલી જ વિલક્ષણતા એમની નિકટતાથી અનુભવાય : જાણે કે નામ મોટાં અને દર્શન ખોટાં. આવાઓનાં કૈંક વિચિત્ર અનુભવોએ જ કોઈ કવિને આ સંવેદના લખવા મજબૂર કર્યા હશે કે :-

મોટાઓની અલ્પતા જોઈને થાકી ગયો છું,<br>
નાનાઓની મહત્તા જોઈને જીવી રહ્યો છું...

ચિત્ર જ્યારે આવું-સાવ શીર્ષાસન જેવું નિહાળવા મળે કે મહાન ગણાતાં વ્યક્તિત્વો સાવ અલ્પ-ન્યૂન હોય અને સાવ સામાન્ય ગણાતાં વ્યક્તિત્વોનો અનુભવ અસામાન્ય હોય ત્યારે હૈયે પ્રગટેલી સંવેદનાને અન્ય એક કવિએ આ રીતે પ્રસ્તુત કરી છે કે :-

સાગર જેવા મોટા બનીને
ખારા થવા કરતાં
ઝરણાં જેવાં નાનાં રહીને
મીઠા બનવામાં મજા છે...

બન્ને સંવેદનામાં એક વાત સમાન છે કે ઘણી વાર ઉત્તુંગ-મહાન ગણાતાં વ્યક્તિત્વોનો નિકટનો પરિચય સાવ અલગ-નિરાશાજનક બની રહે.

પણ... પ્રભુશાસનની વાત આનાથી ન્યારી-નિરાળી છે. કેમ કે ત્યાં ''कंखे गुणे जाव सरीरभेउ''(-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.૪/૧૪)ના પાઠ લગભગ દરેક સંયમીઓને ગળથૂથીમાંથી શિખવાયા હોય છે. એટલે જ સાચા શાસનપરસ્ત મહાત્માઓનાં જીવનમાં ઉત્તરોત્તર અધિકાધિક ગુણાઢ્યતા કેળવવાના પુરુષાર્થ હોય છે, મહત્તા-મોટાઇ દર્શાવવાના નહિ. પરિણામે અહીં-પ્રભુશાસનમાં એકથી એક ચડિયાતા એવાં એવાં મહાન વ્યક્તિત્વો મળી રહે છે કે જેમનું પોત પેલા પર્વત યા સાગર જેવું નહિ, બલ્કે સૂર્ય જેવું હોય છે. ખબર છે સૂર્યની અદ્‌ભુત વિશેષતા? દૂરથી-પૃથ્વી પરથી આપણે એને નિહાળીએ ત્યારે એનું કદ આપણને જેટલું લાગે એના કરતા કૈંકગણું વિરાટ કદ એનું વાસ્તવિકપણે હોય છે. જેમ જેમ એની નિકટ સરીએ તેમ તેમ એનું કદ કેવું વિરાટ છે એનો વાસ્તવિક ખ્યાલ આવે. એ જ રીતે, દૂરથી-પૃથ્વી પરથી આપણે સૂર્યનું તેજ જેટલું અનુભવીએ છીએ એના કરતાં લાખો-ક્રોડોગણું તેજ એ સૂર્યનું વાસ્તવમાં હોય છે. જેમ જેમ આપણે સૂર્યની નિકટ સરીએ તેમ તેમ એના તેજનો-પ્રતાપનો જિરવાય નહિ તેવો સખત અનુભવ થાય. અલબત્ત, આપણે સૂર્યની સંપૂર્ણ નિકટ જઇ શકતા નથી. પરંતુ શાસ્ત્રોના આધારે આ વાસ્તવિકતાનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ.

બસ, સાચા પ્રભુશાસનપરસ્ત મહાત્માઓનું પોત આ સૂર્ય સમું હોય છે. એમનાં વ્યક્તિત્વને દૂરથી માણીએ ત્યારે એ જેટલું તેજોમય-ઊર્જામય અને વિરાટ-મહાન લાગે એના કરતાં એને નિકટથી માણીએ ત્યારે એ કલ્પનાથી પણ કૈંકગણું વધુ તેજોમય અને વિરાટ લાગે. હા, સૂર્ય અને આવા મહાત્માઓનાં વ્યક્તિત્વમાં એક મહત્ત્વનો તફાવત ખરો કે સૂર્યને સાવ નિકટથી આપણે ન જ માણી શકીએ, જ્યારે મહાત્માઓનાં વિરલ વ્યક્તિત્વને આપણે સાવ નિકટથી માણી શકીએ. ખુલ્લા દિલે અને ખુલ્લા દિમાગે આપણે જ્યારે એમનાં વ્યક્તિત્વમાં વિલસતી ગુણાઢ્યતાને માણીએ ત્યારે આંખ-અંતર અહોભાવથી તર-બ-તર થઇ જાય અને પેલી સ્તવનપંક્તિ જરાક શબ્દફર્ક સાથે અનુભૂતિરૂપે ઊપસી આવે કે :-

**ઇતને દિન તુમે નહિ પીછાણ્યો, મેરો જન્મ ગયો અનજાનમેં;**
**અબ તો અધિકારી હોઇ બૈઠે, તુજ ગુણ અખય ખજાન મેં...**

અહીં - આ ગ્રન્થમાં આવા એક શાસનપરસ્ત મહાન આત્માનાં બહિરંગ અને અંતરંગ વ્યક્તિત્વમાં વિલસતી ગુણાઢ્યતાને-ગુણગરિમાને પ્રસ્તુત કરવાનો પ્રયાસ થયો છે અલગ અલગ સમુદાયોના અલગ અલગ આચાર્યાદિ ભગવંતો દ્વારા. ખરી કમાલ એ છે કે જેમના વિશે ૧૦૮ જેટલા લેખકમિત્રોએ અનેક અણજાણ પાસાંઓ પ્રગટ કરતી પ્રસ્તુતિ કરી છે એ મહાન વ્યક્તિત્વે સ્વયં પોતાના માટે તો આજીવન-નિરપેક્ષ-નિરીહ મનોવૃત્તિ દાખવી છે : જાણે કો' અવધૂત મહાત્મા. અને છતાં સહુએ એમને ખોબે ખોબે અક્ષરોનાં-અંતરભાવોનાં અક્ષતવધામણાં કર્યા છે. જાણે અહીં ચરિતાર્થ થાય છે પેલું માર્મિક વિધાન કે **''તમે પોતે તમારા વિશે મૌન રહેશો તો તમારાં કાર્યો તમારા વિશે બહુ સારી રીતે બોલી શકશે.''**

એ પુણ્યપુરુષ એટલે સાંપ્રત પ્રભુશાસનમાં સર્વાધિક સંયમ-શ્રુત-વયપર્યાય ધરાવતા આગમસાહિત્યના અઠંગ અભ્યાસી નિઃસ્પૃહતા-નિર્લેપતાના સાકાર સ્વરૂપ સમા **પૂજ્યપ્રવર સંઘસ્થવિર આ.ભ.શ્રીમાન દોલતસાગરસૂરીશ્વરજી મહારાજ.** 'ભાવિમાં એમનું જીવન ગુણસમૃદ્ધિના

ખજાનારૂપ બનવાનું છે' આવો જાણે સંકેત આપવા જ યોગાનુયોગ એમનું નામ સ્થપાયું હશે 'દોલતસાગર' અર્થાત્ ગુણોની 'દોલત'નો સાગર-ખજાનો. આવો, આપણે એમના વિશે આ ગ્રન્થમાં વિવિધ લેખકમિત્રોએ કરેલી જાનદાર પ્રસ્તુતિઓની અલપ-ઝલપ નિહાળીએ :

* આ. શ્રી વિજય ઉદયવલ્લભસૂરિજીએ પૂજ્યશ્રીના સંયમસ્વીકાર સમયની બે ઘટનાઓનું હૃદયસ્પર્શી વર્ણન એમના લેખમાં કર્યું છે. વાંચતા ક્ષણભર એમ લાગે કે એ ઘટના જાણે આપણી નજર સમક્ષ સર્જાઈ રહી છે, તો એ ઘટના સ્વયં એવી વિરલ છે કે એ વાંચતા નેત્રો વિસ્ફારિત થઈ જાય-વિચારતંત્ર સ્તબ્ધ થઈ જાય કે 'શું આવું બની શકે?' એક અજૈન યુવાન પ્રથમવારનો પ્રયાસ નિષ્ફળ જવા છતાં જરા ય નાસીપાસ થયા વિના અર્ધી રાત્રે ઘરેથી ભાગી જાય, દીક્ષા માટે સતત ૧૯ કિ.મી. રાત્રે ચાલે, મહામહેનતે અમદાવાદ પહોંચી ગુરુભગવંતના હસ્તે દીક્ષા સ્વીકારે : આ બધી બાબતો જાણે આપણને આશ્ચર્યનો આંચકો આપવા અપૂરતી હોય એમ દીક્ષા પછીની પ્રથમ રાત્રિએ ગુરુદેવ નૂતન દીક્ષિતને જાગૃત કરી પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરાવ્યા બાદ કહે છે કે ''તારે ૪૮ કિલોમીટર એકલા વિહાર કરીને કપડવંજ અન્ય મુનિઓ પાસે પહોંચી જવાનું છે.''

અને હજુ જેમની દીક્ષાને ૨૪ કલાક પણ થયા નથી એવા નવદીક્ષિત મુનિ એકલવીર બની ૪૮ કિ.મી.નો વિહાર કરી પણ લે છે! અન્યોને આમાં સૌથી ધ્યાનાકર્ષક બાબત નૂતન મુનિની નિર્ભીકતા-નીડરતા લાગે, પરંતુ અમને સૌથી ધ્યાનાકર્ષક બાબત નૂતન મુનિની વિનયશીલતા-તહત્તિભાવ લાગે છે. તો જ તેઓ જરા પણ ''किन्तु-परन्तु'' કર્યા વિના એકાકી વિહાર કરી શકે. યાદ આવે અહીં દશવૈકાલિક આગમની પંક્તિ કે ''आयरिया जं वए भिक्खु, तम्हा तं नाइवत्तए''. ભાવાર્થ કે આચાર્ય જે કહે એનું ભિક્ષુ-મુનિ ઉલ્લંઘન ન કરે. જો કે, નવદીક્ષિત મુનિએ તો ત્યારે આ પંક્તિ ભણ્યા વિના જ સ્વતઃ યોગ્યતાનાં બળે એ ચરિતાર્થ કરી હતી...

* પૂ. આ. શ્રી ઇન્દ્રસેનસૂરિજી મ. તથા 'દેવર્ધિ'ના નામે વિખ્યાત મુનિવર શ્રી પ્રશમરતિવિજયજી પૂજ્યશ્રીની જ્ઞાનસાધનાને ઉજાગર કરતા પ્રસંગો એમના લેખમાં ટાંકે છે. આચાર્યશ્રી વિ.સં. ૨૦૪૨નો સ્વાનુભવ આલખે છે કે ''અમે દેરાસરથી સાહેબજીને વંદન કરવા જઇએ ત્યારે દરરોજ સાહેબજી નવી ગાથા કંઠસ્થ કરતા નિહાળવા મળતા.'' ૬૨ વર્ષની વય, ૪૪ વર્ષનો પર્યાય ને છતાં પૂજ્યશ્રી બાલશ્રમણની જેમ ભીંત તરફ મુખ રાખી ગાથાઓ કંઠસ્થ કરે : આ દશ્ય માટે એમ કહી શકાય કે ''તે દશ્ય ત્યારે જેમણે, માણ્યું હશે તે ધન્ય છે.''

'દેવર્ધિ' પૂજ્યશ્રીના આગમિક અધ્યયનને અને સ્વાધ્યાયને (વાંચનને) આંકડાકીય ગણિતમાં ઢાળે છે. પૂજ્યશ્રીએ આગમ અધ્યયન નવ વર્ષમાં કર્યું હતું અને એ દરમ્યાન નિત્ય ચાર કલાકનો અભ્યાસ કર્યો હતો. 'દેવર્ધિ' એના કુલ કલાક ૧૨,૯૬૦ તારવીને કહે છે કે આટલા કલાકો પૂજ્યશ્રીએ શ્રી તીર્થંકર ભગવંતને અને ગણધર ભગવંતને સમર્પિત કર્યા! પૂજ્યશ્રીએ પંચાંગી આગમસાહિત્યનો સંપૂર્ણ સ્વાધ્યાય બાર વાર કર્યો. 'દેવર્ધિ' એની કુલ શ્લોકપ્રમાણ સંખ્યા એક્યાશી લાખ કરી બતાવે છે અને લખે છે કે માત્ર આ સ્વાધ્યાયથી પૂજ્યશ્રીને ચાર હજાર ઉપવાસ જેટલો લાભ મળ્યો છે... પૂજ્યશ્રીની આ જ્ઞાનસાધના શ્રી દશવૈકાલિક ગ્રન્થની પેલી પંક્તિનું સ્મરણ કરાવી જાય કે ''मिहोकहाहिं न रमे, सज्झायंमि रओ सया.'' મતલબ કે શ્રમણે પારસ્પરિક ફઝુલ વાતોમાં રસ ન રાખવો, બલ્કે હંમેશા સ્વાધ્યાયમાં રસ રાખવો.

* આ. શ્રી રવિશેખરસૂરિજી મ. પૂજ્યશ્રીનાં આચારનિષ્ઠ જીવનના અઢળક નિયમોનો ઉલ્લેખ કરે છે. એમાંની કેટલીક ઝલકો આવી છે : (૧) ૧૫ દિવસ પહેલા કાપ ન કાઢવો (૨) કોઇ પણ ગૃહસ્થના ફોનનંબર કે એડ્રેસની ડાયરી નહિ (૩) દિવસે ક્યારે ય શયન નહિ (૪) દીક્ષાના અમૂક વર્ષ દરમ્યાન ૨૦ ગાથા કંઠસ્થ ન થાય ત્યાં સુધી પાણી ન વાપરવું અને ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય ન થાય ત્યાં સુધી રાત્રે સંથારો ન કરવો (૫)

૮૮ વર્ષની વય સુધી પ્રતિક્રમણાદિ ક્રિયા ઊભા ઊભા કરી (૬) ક્યારે ય અખબાર ન વાંચવા. આ ઝલકરૂપ નિયમો પૂજ્યનીનાં આચારચુસ્ત જીવનની ઝાંખી કરાવી જાય છે. યાદ રહે કે ‘‘મણ જેટલા જ્ઞાન કરતાં કણ જેટલો આચાર વધુ લાભદાયી છે.’’ આચારવિહીન શુષ્ક જ્ઞાન ધરાવનારની સરખામણી તો શાસ્ત્રોએ ચંદનકાષ્ઠના ભારવાહક ગધેડા સાથે કરી છે...

* અભ્યાસ અને આચાર, બન્નેની હાજરી હોય. પરંતુ આત્મસંપ્રેક્ષણની ભૂમિકા ન હોય તો ઘણી વાર બધું ગતાનુગતિક બની રહે. ખામીઓ-ન્યૂનતાઓ વર્ષોનાં વર્ષોપર્યંત યથાવત્ રહી જાય. પૂજ્યશ્રી આત્મસંપ્રેક્ષણની ભૂમિકા કેવી મજબૂત ધરાવતા હતા તે આ.શ્રી પૂર્ણચન્દ્રસાગરસૂરિજી મ.ના લેખમાં પ્રતિબિંબિત થાય છે. પૂજ્યશ્રી પોતાના વિદ્યાગુરુને જે વિજ્ઞપ્તિ કરે છે એ તેઓ દર્શાવે છે કે :- ‘‘આજથી આપે મને મારી ભૂલ અવશ્ય બતાવવી પડશે. જેટલી વધુ ભૂલો આપ મને બતાવશો એટલો વધુ મને આનંદ થશે. જો આપ ભૂલો નહિ બતાવો તો હું સમજીશ કે આજે મારા વિદ્યાગુરુનો અનુગ્રહ મને પ્રાપ્ત થયો નથી.’’ આ ઘટના વાંચી ત્યારે દિલ બાગ બાગ થઇ ગયું અને યાદ આવી ગયાં બે વિધાનો. એક દશવૈકાલિક ચૂલિકાની પંક્તિ કે ‘‘किं वा खलियं न विवज्जयामि’’. આમાં સંયમી સાધક સ્વચિંતારૂપે જાતને પૂછે છે કે ‘એવી કઇ સ્ખલનાઓ-ભૂલો છે કે જેનો હું ત્યાગ નથી કરતો.’ બીજું આ ગુજરાતી સુવાક્ય કે ‘‘કોઇ તમારી ભૂલ બતાવે ત્યારે એ તમને જમીનમાં દાટેલ નિધાન બતાવે છે એમ માનજો’’. લાગે છે કે પૂજ્યશ્રીએ આ બન્ને વિધાનો ચરિતાર્થ કર્યા છે અને એ પણ સવાયા..

* જ્ઞાનોપાસના-આચારનિષ્ઠા-તપસાધના વગેરે ઉત્કૃષ્ટપણે આત્મસાત્ કરવા હજુ આસાન છે. પરંતુ એના અહંકારથી અળગા રહેવું અતિ મુશ્કેલ છે. ‘અધ્યાત્મકલ્પદ્રુમ’ ગ્રન્થમાં એથી જ આ પંક્તિ લખાઇ છે કે ‘‘सुखेन साध्या तपसां प्रवृत्तिः, यथा तथा नैव तु मानमुक्तिः.’’ ભાવાર્થ કે કઠિન તપસ્યાઓ હજુ સુસાધ્ય છે, પરંતુ અહંકારમુક્તિ દુઃસાધ્ય છે.

પૂજ્યશ્રી અહંમુક્તિનાં ક્ષેત્રે કેવા આગળ વધ્યા હતા એનાં બે ઉદાહરણ આ. શ્રી રત્નસંચયસૂરિજીના લેખમાં નિહાળાય છે. એક પ્રસંગ છે વિ.સં. ૨૦૪૮નો. માત્ર ૨૪ કલાકમાં પૂજ્યશ્રીએ 'ઉપશમનાકરણ' જેવા જટિલ શાસ્ત્રના ગહન સ્થાનો પર એકસઠ પેજના ગહન ટિપ્પણો તૈયાર કર્યા. એમાં એમણે પોતાનું નામ ન લખ્યું. માત્ર વિદ્યાદાતા પૂ. સાગરજી મ.નો ઉલ્લેખ કર્યો. પુછાયું તો કહ્યું : ''એમનું જ તો આ બધું છે...'' બીજો પ્રસંગ છે કર્મપ્રકૃતિ અને કષાયપ્રાભૃત ગ્રન્થો પર એમણે લખેલ પદાર્થસંગ્રહની નોટનો. એક આચાર્યશ્રીએ અભ્યાસીઓના ઉપકાર માટે એ નોટને મુદ્રિત કરાવવાની વાત કરી તો પૂજ્યશ્રીએ કહ્યુ : ''ભલે. પણ એમાં મારું નામ ન લખવાનું હોય તો જ.'' અમે ઘણી વાર પ્રવચનોમાં કહીએ છીએ કે **''કામવાસના અને દામવાસના છોડવી આસાન છે. પણ નામવાસના છોડવી કઠિન છે.''** પૂજ્યશ્રી એ કઠિન બાબતને ય આસાન બનાવી દેનાર જાગરૂક સાધક છે એમ ઉપરોક્ત પ્રસંગો પ્રતિપાદન કરે છે...

* પ્રભુશાસનનાં સંચાલનનો અધિકાર છદ્મસ્થ આચાર્ય ભગવંતોને અપાય છે, કેવલી ભગવંતોને નહિ. કેમ કે શાસનનાં સંચાલનમાં જરૂર મુજબ ભીમ અને કાંત બનવું પડે. કેવલી ભગવંતો વીતરાગ હોવાથી ન ભીમ (આક્રોશમય) બની શકે, ન કાંત (સ્નેહમય) બની શકે. શાસનસંચાલકના આ ભીમ અને કાંત ગુણનો સમન્વય પૂજ્યશ્રીમાં કેવો હતો એનું હૃદયંગમ આલેખન પૂ.આ.શ્રી યશોવર્મસૂરિજી મહારાજે એમના લેખમાં રસાળ શૈલીમાં કર્યું છે. એ ઘટનાના પૂર્વાર્ધમાં પૂજ્યશ્રીનો આક્રોશ નૂતન સાધ્વીજીની સંયમરક્ષા માટેના ભીમગુણનો દ્યોતક છે, તો ઉત્તરાર્ધમાં સ્નેહાળ સમજાવટ કાંતગુણનો દ્યોતક છે. પૂછીએ પૂજ્યશ્રીને કે અગ્નિમાં દાહકતા સાથે શીતળતા નથી હોતી અને પાણીમાં શીતલતા સાથે દાહકતા નથી હોતી. તો આપનામાં દાહકતા અને શીતલતાનો એક સાથે સમન્વય શી રીતે થઈ શક્યો છે? એનો કોઈ 'રાઝ' અમને ય બતાવો ને ?

* પૂજ્યપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર જીવનભરની શ્રુતસાધનાનો સાર આ પંક્તિમાં દર્શાવે છે કે

''**ભક્તિર્ભાગવતી બીજં, પરમાનન્દસમ્પદામ્.**'' અર્થાત્ પ્રભુભક્તિ મુક્તિનું બીજ છે. અનુકૂળ સંયોગોમાં આ પ્રભુભક્તિ નિયમિત થાય એમાં આપણી ભક્તિ ઉત્કટ પુરવાર નથી થતી. પરંતુ બિલકુલ પ્રતિકૂળ સંયોગો વચ્ચે ય કોઇ જ બાંધછોડ વિના પ્રભુભક્તિ થાય એમાં એ ઉત્કટ પુરવાર થાય છે. પૂજ્યશ્રીની આ ઉત્કટ પ્રભુભક્તિનું આદર્શસમું ઉદાહરણ રજૂ કર્યું છે મુનિવર શ્રી તીર્થબોધિવિજયજીએ. ત્યારે એક્યાશી વર્ષના પૂજ્યશ્રી પગપાળા સોળ કિ.મી.નો વિહાર કરી એક ગામમાં પધાર્યા ને ખબર પડી કે અહીં જિનાલય નથી. કોઇ જ બાંધછોડ કર્યા વિના પ્રભુદર્શન માટે પૂજ્યશ્રી બે-અઢી કિ.મી. દૂરના ગામે ગયા, ત્યાં મન ભરીને પ્રભુદર્શન કર્યાં અને વળી બે-અઢી કિ.મી. ચાલીને પરત આવ્યા. પછી જ ભરબપોરે પચ્ચક્ખાણ પાર્યું! હૈયું હેરત પામી જાય એવી આ કસોટી વચ્ચેની ભક્તિ દ્વારા પૂજ્યશ્રી જાણે પ્રભુને કહી રહ્યા હશે કે :-

**પ્રભુ ! તું નથી જો હૃદયમાં, તો હૈયું છે તૂટેલી ખાટ;**
**પ્રભુ! તું વસે છે જો હૃદયમાં, તો હૈયું છે મહાસમ્રાટ.**

* અને... હવે છેલ્લે એકદમ તાજી અને અમારા અનુભવની એક ઘટના. વિ.સં. ૨૦૭૮ના આ વર્ષના ભાદરવામાસમાં પૂજ્યશ્રીના 'સંઘસ્થવિરસત્કાર સમારોહ' તથા ૧૦૨મા જન્મદિન નિમત્તેના વિરાટ મહોત્સવમાં અમારા સહુની ઉપસ્થિતિ હતી. એક જ હૉલમાં પૂજ્યશ્રી આદિની તથા અમારા સહુની સ્થિરતા હતી. ખૂબ આત્મીયતા સાથે વાચનાઓ-સમારોહો-સંગોષ્ઠિઓ-પ્રવચનો થયાં. એમાં એક સાંજે અમે સહુ પૂજ્યશ્રી પાસે વંદનાર્થે ગયા. ઔપચારિકપણે અમે જે સામાન્ય વાર્તાલાપાદિ કર્યા એમાં તેઓશ્રીની (૧) બિલકુલ સલામત વિચારશક્તિ (૨) માધુર્યસભર વ્યવહાર અને (૩) આચારનિષ્ઠાનાં મજાનાં દર્શન થયાં.

અમે પૂજ્યશ્રીને પૂછ્યું : ''કેટલા વર્ષનું જીવન હોય એવી આપની ભાવના છે?'' પૂજ્યશ્રી હળવાશના મૂડમાં બોલ્યા : ''હું કાંઇ જ્ઞાની થોડો

છું કે આયુષ્યની ખબર પડે?'' અમારાં સહુનાં મુખ પર સ્મિત રેલાઈ ઊઠ્યું. અમે વાત આગળ લંબાવી : ''સાહેબ! આપના હાથમાં નવકારવાળી છે. એના મણકાની સંખ્યાની જેમ આપનું આયુષ્ય ૧૦૮ વર્ષનું હોય એવી અમારી ભાવના છે.'' પૂજ્યશ્રીએ એનો સ્વીકાર-અસ્વીકાર કરવાના બદલે મસ્ત ઉત્તર આપ્યો : ''એમ? તમે બહુ સારા માણસ લાગો છો.'' સહુનાં મુખ પર ખડખડાટ હાસ્ય છવાઈ ગયું. અમે વંદન શરૂ કર્યું. તો પૂજ્યશ્રી કહેઃ ''અરે! રાત્રે વંદન ન થાય.'' જો કે, ત્યારે સૂર્યાસ્તને પાંચ મિનિટ વાર હતી. અંધારા જેવો માહોલ હતો એથી પૂજ્યશ્રીને ભ્રમ થયો હતો. અમને આ ત્રણે ય બાબતોમાં પૂજ્યશ્રીની એકેક વિશેષતાનો અનુભવ થયો જે ઉપર જણાવ્યો છે. ૧૦૨ વર્ષની વયે આ ઉત્તરો અને જાગૃતિ કાબિલેદાદ જ ગણાય...

* * *

અંતે અમે એ જ મંગલ મનઃકામના વ્યક્ત કરીએ છીએ કે સંઘસ્થવિર પૂજ્યશ્રીના વિરલ ગુણો આ ગ્રન્થનાં માધ્યમે જે પ્રસ્તુત થયા છે તે અમારા અને સહુના માટે માત્ર અનુમોદનાનો જ વિષય નહિ, બલ્કે એથી આગળ અનુભૂતિનો-આચરણાનો પણ વિષય બની રહો...

• • •

૧૧

# ધર્મકથા..
# હરો કર્મની વ્યથા

પરોપકાર એવું મહાન તત્ત્વ છે કે જેનો મહિમા સાત્ત્વિક સાહિત્યકારોથી લઈને તાત્ત્વિક ધર્મશાસ્ત્રકારોએ પણ મુક્ત કંઠે ગાયો છે. સંસ્કૃત સાહિત્યકારો લખે છે કે ''परोपकाराय सतां विभूतयः.'' મતલબ સજ્જનોની તમામ શક્તિઓ-સંપદાઓ પરોપકારમાં પ્રયોજાતી હોય છે : જેમ ગાયનું દૂધ, નદીનાં જળ અને વૃક્ષનાં ફળ અન્યો માટે ઉપકારરૂપ બને છે તેમ. તો પ્રાર્થના(જયવીયરાય)સૂત્રમાં 'परत्थकरणं च' અને શ્રાવક કર્તવ્ય (મન્નહ જિણાણં) સૂત્રમાં 'परोवयारो अ' વિધાન દ્વારા ધર્મશાસ્ત્રકારો જણાવે છે કે પરોપકાર તો પ્રભુ પાસે પ્રાર્થવા જેવી ઉત્તમ બાબત છે અને ધર્મી ગૃહસ્થો માટે એ વિશિષ્ટ કર્તવ્ય છે. એક હીંદી શાયરી પણ મજાની વાત કરે છે કે :-

सीर्फ अपना ही ख्याल करके जीए, तो हम क्या जीए?
झींदादिलीका तकाजा है, कुछ औरोंके लिए भी जीए.''

પ્રશ્ન એ થાય કે ઉત્તમ પરોપકાર કયો? આનાં ઉત્તર દ્રવ્ય-ક્ષેત્રાદિ સાપેક્ષ હોય. આમ છતાં સામાન્યપણે એમ કહી શકાય કે ઉપલક નજરે જે ઉત્તમ ઉપકાર લાગતો હોય એના કરતાં ઊંડાણભરી વિચારણાથી નિણત થતો ઉત્તમ ઉપકાર અલગ હોય. ઉદાહરણરૂપે, એક ક્ષુધાતુર ગરીબને કોઈ પ્રેમથી ભરપેટ ભોજન બે-ચાર-પાંચ દિવસ કરાવે એ ઉત્તમ ઉપકાર પ્રથમ નજરે ભલે લાગે. પરંતુ કોઈ દીર્ઘદષ્ટા વ્યક્તિ એ ગરીબ વ્યક્તિને આજીવિકાની કાયમી વ્યવસ્થા કરી એનું જીવન નિશ્ચિંત કરી દે, તો એ નિઃસંશય પહેલા કરતા ઉત્તમ ઉપકાર છે. લૌકિક સ્તરના ઉપકારોમાં ય આ ભેદ છે કે પ્રત્યક્ષ દેખાતા ભોજનના ઉપકાર કરતા અ-પ્રત્યક્ષ જણાતો આજીવિકાનો ઉપકાર ઉત્તમ છે. આવી જ વાત લૌકિક અને લોકોત્તર

ઉપકાર વચ્ચે ય સમજવી કે લૌકિક સ્તરનો ઉપકાર નજરે તરી આવે તેવો વિશિષ્ટ હોય અને લોકોત્તર સ્તરનો ઉપકાર જલ્દી કળી ન શકાય તેવો હોય તો પણ એવું અવશ્ય બની શકે કે લોકોત્તર ઉપકાર જેના કોઈ મૂલ્ય ન આંકી શકાય તેવો ઊત્કૃષ્ટ હોય.

લોકોત્તર સ્તરના આવા ઉપકારોમાં શ્રેષ્ઠ છે ધર્મોપદેશ દ્વારા જીવનું આત્મહિત કરવું. સ્વયં પરમાત્મા શ્રી તીર્થંકર ભગવંતો કેવલજ્ઞાનપ્રાપ્તિ પછી નિત્ય બે પ્રહર-છ કલાક ધર્મદેશના આપી ઉચ્ચતમ આત્મિક પરોપકાર કરે છે. જેને શાસ્ત્રોએ '**लोकहिताय**' વિશેષણ આપ્યું છે. તો સદ્ગુરુ કોને કહેવાય? તેની શાસ્ત્રીય વ્યાખ્યામાં આ વાત વણી લેવાઈ છે કે ''**सामायिकस्था धर्मो-पदेशा गुरवो मताः**'' ભાવાર્થ કે જેઓ સામાયિકમાં-ચારિત્રમાં હોય અને ધર્મોપદેશ આપે તે સદ્ગુરુ છે.

ધર્મોપદેશની એક કળા એ છે કે તેમાં વિષયને અનુરૂપ-વિષયને પુષ્ટ કરતી કથાઓ જોડવી. સ્વયં શ્રી તીર્થંકર ભગવંતો ધર્મદેશનામાં કથાઓનો ઉપયોગ કરે છે, તો જ્ઞાતાધર્મકથાદિ આગમો ય કથાઓથી ભરપૂર છે. આ કથાઓથી ધર્મોપદેશ વધુ અસરકારક બને છે અને વધુ રસિક પણ બને છે. કારણ કે કથાઓની અસર હૈયે તુર્ત છવાઈ જતી હોય છે, તો કથાઓનાં શ્રવણમાં એકાગ્રતા-તલ્લીનતા ય ખૂબ રહેતી હોય છે. કુશલ ધર્મોપદેશક ગુરુભગવંતો ધર્મોપદેશની સાથે કથા જોડી દે અને કથામાં ધર્મોપદેશ વણી લે.

અહીં જે પુસ્તક પ્રસ્તુત છે તે કથાઓનું છે. આ પુસ્તકમાં ઉપરોક્ત કળા આપણને ઠેર ઠેર ફેલાયેલી લાગશે. આ કથાઓને પ્રવચનમાં પ્રસ્તુત કરી છે વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય

રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજે. સામાન્ય જન પણ સરલતાથી સમજી શકે એવી એમની પ્રવચનશૈલી સુપ્રસિદ્ધ હતી. એમાંથી ઝિલાયેલ આ દૃષ્ટાંતોમાં શ્રી ધન્નાસાર્થવાહ-ઇલાચીપુત્ર-શાલિભદ્ર-પેથડ શાહ વગેરે પ્રાચીન ચરિત્રગ્રન્થોનાં દૃષ્ટાંતો છે, તો મોદીની પત્ની-કરકસર-પહેલો પ્રહાર વગેરે લોકપ્રચલિત દૃષ્ટાંતો છે. દરેક દૃષ્ટાંતની પ્રસ્તુતિનો હેતુ જીવન સંસ્કારિત-ધર્મમય બને, વિષય-કષાયોથી વિમુખ બને તે છે. આ હેતુ સિદ્ધ કરવા દૃષ્ટાંતોની વિગતો સાથે સારરૂપે ઉપદેશ કેવો વણી લેવાયો છે તેની આછી ઝલકો નિહાળીએ :

* પરમાત્મા શ્રી આદિનાથદાદાનો પ્રથમભવીય જીવ એટલે ધન્નાસાર્થવાહ. એમની સમ્યક્ત્વપ્રાપ્તિની ઘટના અહીં વિસ્તારપૂર્વક પ્રસ્તુત થઇ છે. એમાં એક પ્રસંગ એવો આવે છે કે વિશાલ સાર્થની વિવિધ ચિંતામાં ધન્નાસાર્થવાહ પૂ. જૈનાચાર્ય શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજની કાળજી લેવી કેટલોક સમય વીસરી જાય છે. અચાનક એને પોતાની આ ક્ષતિ ધ્યાનમાં આવતાં એ આચાર્ય ભગવંત સમક્ષ આવીને અજાણતા થયેલ ઉપેક્ષાનો પશ્ચાત્તાપ કરે છે. સામે પક્ષે પ્રશાંત-ગંભીર આચાર્ય ભગવંતે પરેશાની-મુશ્કેલીની કોઇ વાત ન કરી. બલ્કે જે પણ વ્યવસ્થા સાર્થનાં કારણે થઇ એને જ આગળ કરી. આ ઘટનાનો સાર તારવતા આચાર્યશ્રી મસ્ત પ્રસ્તુતિ કરે છે કે :- ''તમે પોતાને થતી પરેશાનીની ફરિયાદો બંધ કરો. XX પરેશાની જેનાં નિમિત્તે થઇ હોય એના ગુણોની પ્રશંસા કરવાથી પરેશાની કરનાર સ્વયં લજ્જિત થઇ જશે. ઉત્તમ આત્માઓ આ જ રીતે સામેની વ્યક્તિને ગુણોની પ્રાપ્તિ કરાવે છે.'' કેવું સરસ માર્ગદર્શન છે અહીં.

* સંગમ ગોવાળ એટલે શાલિભદ્રનો પૂર્વભવીય જીવ. અતિ દરિદ્ર પરિવારના એ બાળકે કેવા વિષમ સંયોગોમાં ખીર પ્રાપ્ત કરી અને કેવા વિશિષ્ટ-ઉત્તમ ભાવોથી એ ખીર માસોપવાસી મુનિવરને વહોરાવી એ પ્રસંગ સુપ્રસિદ્ધ છે. સંપૂર્ણ ખીર વહોરાવી દીધા બાદ થાળી ચાટતા બાળકને બહારથી આવેલ માતાએ નિહાળ્યો. એ પૂછે છે : ‘‘આટલી વારમાં તે બધી ખીર વાપરી લીધી?’’ અ-ભણ બાળક માત્ર હસે છે. પણ સ્વપ્રશંસા કરતો નથી કે મેં ખીરનું સુપાત્રને દાન કર્યું છે. આ ઘટનાને ઉઠાવ આપતાં આચાર્યશ્રી સરસ જણાવે છે કે :- ‘‘એની જીભ લાંબી ન હતી. કારણ કે એનો સંસાર પણ લાંબો ન હતો. આજે તો દાન દીધા પછી જીભ લાંબી રહે છે. એ જીવોના લાંબા સંસારની સૂચક છે. સુકૃત કર્યા બાદ જીભ નાની રાખવી જોઈએ.’’ પોતાના સુકૃતોની પોતે પ્રશંસા-અહં નહિ કરવાનો કેવો સરસ નિર્દેશ આમાં છે.

અનેક પ્રસિદ્ધ કથાઓમાંથી આવાં અપ્રસિદ્ધ ઉત્તમ સાર અહીં ઠેર ઠેર તારવાયા છે. કથાઓની આ બહુ ઉપયોગી વિશેષતા છે.

આ કથાઓને **English** ભાષામાં રૂપાંતરિત કરી છે મુનિવર શ્રી નિર્વાણભૂષણવિજયજીએ. દરેક મુનિવરની અલગ અલગ ક્ષમતા-અલગ અલગ સ્તર વગેરે નિહાળીને ગુરુજનો એમને તે તે કાર્યો સુપરત કરતા હોય છે. ગુરુજનોના આ ગુણને શાસ્ત્રો ‘અનુવર્તન’ કહે છે. આ અનુવર્તન ગુણના આધારે ગુરુજનોએ મુનિવરને **English** પુસ્તકો લખવામાં ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. આજપર્યંત એમણે સચિત્ર પંદર **English** પુસ્તકો પ્રકાશિત કરાવ્યા છે. એમાં ‘ચિકાગો પ્રશ્નોત્તર’ સિવાય તમામ પુસ્તકો કથાઓના છે. આ તકે અમે એમના માટે શુભ કામના વ્યક્ત

કરીએ છીએ કે ધર્મની-સંસ્કારોની પ્રાપ્તિમાં ઉપયોગી નીવડે તેવાં **English** પુસ્તકોનું સર્જન-સંપાદન તેમના હસ્તે વિપુલ પ્રમાણમાં થતું રહે. જેથી **New Generation**ના ગુજરાતી-હીંદીથી અપરિચિત ભાવિકો પણ 'ધર્મ-લાભ' પ્રાપ્ત કરી શકે.

અંતે વાચકો માટે એ મંગલ મનઃકામના કે આ ધર્મકથાઓનું વાંચન-મનન કર્મવ્યથા હરનાર બની રહો...

• • •

# ૧૨

# મંગલ મન:કામના

પરમતારક પરમાત્મા શ્રી તીર્થંકરપ્રભુનાં લોકોત્તર ધર્મશાસનની અનેકવિધ અદ્ભુત વિશેષતાઓ પૈકી એક વિશેષતા એવી છે કે જે અન્યત્ર લગભગ જોવા ન મળે. તે વિશેષતા એ છે કે ધર્મતીર્થના સ્થાપક-પ્રણેતા શ્રી તીર્થંકર ભગવંતો જ્યારે સમવસરણમાં ધર્મદેશના માટે વિરાજમાન થાય ત્યારે પહેલા 'णमो तित्थरस्स' કહીને તીર્થને નમસ્કાર કરે છે. અહીં ગજબનાક કમાલ એ નિહાળવા મળે છે કે જે તીર્થની સ્થાપના તીર્થંકરપ્રભુએ સ્વયં પોતે કરી છે એ જ તીર્થને એ વિરલ વિભૂતિ નમસ્કાર કરે છે : જાણે કે સર્જક સ્વયં પોતાનાં સર્જનને નમન કરતા ન હોય!

પ્રભુ દ્વારા બોલાતા એ 'णमो तित्थरस्स' વાક્યમાંના 'તીર્થ' શબ્દના શાસ્ત્રકાર ભગવંતોએ ત્રણ અર્થો કર્યા છે : (૧) દ્વાદશાંગીરૂપ શ્રુત (૨) પ્રથમ ગણધર અને (૩) ચતુર્વિધ શ્રી સંઘ. એમાંના ત્રીજા અર્થ માટે ત્યાં શબ્દ છે ''तित्थं पुण चाउवण्णसंघो वा.'' મતલબ એનો એ થયો કે ચતુર્વિધ સંઘ એક એવા તીર્થસ્વરૂપ છે કે જેને સ્વયં શ્રી તીર્થંકરપ્રભુ નમસ્કાર કરે છે. 'સંબોધસિત્તરી' ગ્રન્થની એક ગાથામાં બહુ સ્પષ્ટ શબ્દોમાં આ ઉલ્લેખ કરતાં જણાવાયું છે કે :-

निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो।
तित्थयराण य पूज्जो, वुच्चइ एयारिसो संघो।।

ભાવાર્થ કે જે સમ્યગ્ દર્શનયુક્ત છે, નિર્મલ બોધથી-જ્ઞાનથી સંપન્ન છે, ચારિત્રગુણથી યુક્ત છે અને શ્રી તીર્થંકરદેવોને પણ પૂજનીય છે તેને સંઘ કહેવાય છે.

આ શ્રી ચતુર્વિધ સંઘ કહો કે શાસન, આરાધક પુણ્યાત્માઓ પર એનો ઉપકાર અપ્રતિમ છે. એક અસત્ કલ્પના કરીએ કે કેવલજ્ઞાન પામીને કૃતકૃત્ય થઈ ગયેલ શ્રી તીર્થંકરદેવોએ ધર્મશાસનની-ચતુર્વિધ સંઘની સ્થાપના ન કરી હોત તો? તો ચોક્કસપણે રત્નત્રયી સાધનારૂપ મોક્ષમાર્ગ આરાધકોને ઉપલબ્ધ ન થયો હોત અને એમનાં આત્મકલ્યાણની આછી સંભાવના ય ન રહી હોત. એક-બે મજેદાર કલ્પના કરીએ કે સંસાર જો

સાગર છે, તો શ્રી સંઘ એક જહાજ છે જેના આધારે ને આલંબને આત્મા સંસારસાગર તરી શકે છે. સંસાર જો એક ગહન કૂવો છે, તો શ્રી સંઘ એ કૂવામાંથી સહીસલામત બહાર આવી જવાની સીડી-નિસરણી છે જેના સહારે ભવ્યાત્માઓનો ભવકૂપમાંથી ઉદ્ધાર થાય છે.

અમારી યશસ્વી ગુરુપરંપરાના એક મૂર્ધન્ય ગુરુદેવ પૂજ્યપાદ સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ને આજીવન અખંડ નિયમ હતો કે જ્યાં સુધી સાતસો ગાથાના શ્રી 'નંદિસૂત્ર' નામે આગમનો સ્વાધ્યાય ન થાય ત્યાં સુધી પચ્ચક્ખાણ ન પારવું. પરમ મંગલમય ગણાતાં આ 'નંદિસૂત્ર' આગમમાં પ્રારંભિક તબક્કે જ એક ગાથા એવી મળે છે કે જેમાં સંઘને અલગ અલગ આઠ મહાન ઉપમાઓ આપીને સંઘની અદ્ભુત મહત્તાનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરાયું છે. આર્ષ વાણીરૂપ એ આગમની ૧૯મી ગાથા આ છે કે :-

नगर-रह-चक्क-पउमे, चंदे-सूरे-समुद्द-मेरुंमि।
जो उवमिज्जइ सययं, तं संघगुणायरं वंदे।।

સંક્ષિપ્ત વિચારણા કરીએ તો, આ ગાથામાં ચતુર્વિધ શ્રી સંઘને નગર-ચક્ર-રથ-કમલ-ચન્દ્ર-સૂર્ય-સમુદ્ર અને મેરુની મજાની ઉપમા અપાઈ છે. સંઘ એવું એક ચારિત્રની કિલ્લેબંધીયુક્ત નગર છે કે જેમાં રહેલ આરાધક પુણ્યાત્મા સર્વકાલ સુરક્ષિત રહી શકે...પ્રભુનો શ્રી સંઘ બાર પ્રકારના તપરૂપ બારા આરામય એક એવું ચક્ર છે કે જે ભવ્યાત્માના સંસારનો નાશ કરે છે... શીલરૂપી ધ્વજાથી શોભાયમાન સંઘ એક એવો રથ છે કે જે ભવ્યાત્માને મોક્ષનગરે પહોંચાડે... હજારો શ્રમણો જેના સહસ્ર પત્રો છે તે સંઘ એક એવું કમળ છે કે જે કર્મરજરૂપ પાણીથી ઉપર ઉઠેલ છે...

તપ-સંયમરૂપ હરિણ લાંછન ધરાવતો સંઘ એક એવો ચન્દ્ર છે કે જે નિર્મલ સમ્યક્ત્વની વિશુદ્ધ જ્યોત્સ્ના વરસાવે છે... પરતીર્થિકરૂપ ગ્રહોની પ્રભા નષ્ટ કરનાર સંઘ એક એવો સૂર્ય છે જે જ્ઞાનનો પ્રકાશ રેલાવે છે... અઢી દ્વીપ સુધી વિશાલ વિસ્તાર ધરાવતો શ્રી સંઘ એક એવો સમુદ્ર છે જે

સદા અક્ષુબ્ધ રહે-ઉપસર્ગ આદિમાં ક્ષોભાયમાન ન થાય... સમ્યગ્દર્શનરૂપ વજ્રમય પીઠ ધરાવતો સંઘ એક એવા મેરુગિરિરાજ છે કે જેનું શિખર-ટોચ દ્વાદશાંગીરૂપ શ્રુત છે...

માત્ર આંશિક ઉલ્લેખ કરાયેલ આ ઉપમાઓ પણ એ સમજાવવા સક્ષમ છે કે શ્રી સંઘ કેવું ઉપકારક અને કેવું મહાન પરિબળ છે.

આ ગ્રન્થનું નામ છે 'ચતુર્વિધ શ્રી સંઘનું સમ્યક્ સ્વરૂપ.' અલબત્ત, ઉપરોક્ત જે સ્વરૂપ દર્શાવ્યું તે સંદર્ભમાં આ ગ્રન્થ કોઈ કડીબદ્ધ નિરૂપણ તો કરતો નથી. પરંતુ તેમાં શ્રી સંઘના સાંપ્રતકાલીન અગ્રણી પૂ. આચાર્યદેવાદિનાં જીવનચરિત્રો છે, શાસન પ્રત્યે-સંઘ પ્રત્યે અહોભાવની વૃદ્ધિ કરતાં લેખો છે, તો શાસનની આરાધનાના દૃષ્ટિબિંદુ કેળવતા લેખો પણ છે. જો કે, આ લેખો પણ અલગ અલગ ગુરુભગવંતો-વ્યક્તિઓ દ્વારા પોતપોતાની કક્ષા-ક્ષયોપશમ-સમજ મુજબ લખાયા છે. લેખોમાંની ક્ષતિઓની જવાબદારી સ્વાભાવિકપણે જ લેખકની-સંપાદકની ગણાતી હોય છે. આમ છતાં વાચક સ્વયં નીર-ક્ષીરનો વિવેક દાખવીને વાચન-ગ્રહણ કરે એ સમુચિત લેખાશે.

આ ગ્રન્થના સંપાદક શ્રી નંદલાલ દેવલૂકે ૮૬ વર્ષની જૈફ વયે પણ સતત પ્રવૃત્તિરત રહીને આ વિશાલકાય ગ્રન્થનું સંપાદન કર્યું છે. આનંદજનક વાત એ છે કે તેઓ જન્મે અજૈન હોવા છતાં જૈન શાસન પ્રત્યેની ભક્તિથી, પૂર્વે આવા અનેક વિશાલકાય ગ્રન્થોનું સંપાદન કરી ચૂક્યા છે. અમારા પરમતારક ગુરુદેવ પૂજ્યપાદ સમર્થ વિદ્વાન વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિના ઉપલક્ષમાં પ્રકાશિત થતાં આ ગ્રન્થનાં પ્રકાશનના મંગલ અવસરે અમે એ જ મંગલ મનઃકામના વ્યક્ત કરીએ છીએ કે એનાં વાચનથી સહુ પુણ્યાત્માઓ તીર્થસ્વરૂપ શ્રી સંઘની ભક્તિમાં ઉજમાળ બની પરંપરાએ પરમપદને પ્રાપ્ત કરો...

• • •

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટના 215 પુસ્તકોની સૂચિ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૧) ધર્મવાણી
(૨) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૩) શ્રદ્ધાનું સંગીત
(૪) પર્યુષણાની પાવન પ્રેરણા
(૫) જીવનનું ઝવેરાત
(૬) પજુસણ આવ્યાં રે..
(૭) પગલું પડે તો પંથ ખૂલે
(૮) વન્દના...પાપનિકન્દના
(૯) રેતીમાં મોતી
(૧૦) રણ બને ઝરણ
(૧૧) મેઘધનુષ
(૧૨) દિવ્યધામ દર્ભાવતી
(૧૩) માયાનાં મૃગજળ
(૧૪) નમામિ વીરમ્
(૧૫) શ્રુતસૌરભ
(૧૬) શૂલ વચ્ચે ફૂલ
(૧૭) જીવન બને ઉપવન
(૧૮) આંખ ફરે અંતર ઠરે
(૧૯) પાઠશાળા પ્રવેશિકા
(૨૦) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૨૧) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૨૨) કથા–કલ્પવલ્લિ: (સંસ્કૃત)
(૨૩) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૨૪) દર્શનં મોક્ષસાધનમ્
(૨૫) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૨૬) સ્વાતિનાં મોતી
(૨૭) પ્રેરણાનાં પુષ્પો
(૨૮) આવો આરાધના કરીએ
(૨૯) તમે મન મૂકીને વરસ્યા
(૩૦) સુગંધ (हिन्दी)
(૩૧) નવપદ ધરજો ધ્યાન
(૩૨) દીવડો ધરો ...તિમિર હરો
(૩૩) સૌરભ
(૩૪) હૈયાના હસ્તાક્ષર
(૩૫) અંતરજ્યોત
(૩૬) મયૂરપંખ
(૩૭) વંદન હોજો વાર હજાર
(૩૮) પ્રેરણાદીપ
(૩૯) આદર્શોનું અમૃત
(૪૦) પાનું ફરે ...સોનું ઝરે ...
(૪૧) ધર્મધારા
(૪૨) ધર્મસિન્ધુ
(૪૩) યુગદિવાકર મહાગ્રન્થ
(૪૪) વિમલાચલ–વન્દના
(૪૫) ધર્મસેતુ
(૪૬) હૈયે કરજો વાસ
(૪૭) મોતીની ખેતી
(૪૮) અમૃતનો આસ્વાદ
(૪૯) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૫૦) ખુશ્બુનો ખજાનો
(૫૧) એક મૂઠી મોતી
(૫૨) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૫૩) ભીતર દીવા હજાર
(૫૪) વન થી વૃંદાવન
(૫૫) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૫૬) હયાતિના હસ્તાક્ષર
(૫૭) હસતા અક્ષર
(૫૮) માનસરોવરનાં મોતી
(૫૯) અજવાળાના અવતરણ
(૬૦) દરવાજે દસ્તક
(૬૧) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૬૨) અમૃતનું આચમન
(૬૩) વ્રત ધરીએ...ભવ તરીએ
(૬૪) મહામાનવ મોતીશાહ
(૬૫) પ્રેરણાનો પયગામ
(૬૬) પ્રેરણાના પારિજાત
(૬૭) પ્રેરણાનો પરાગ
(૬૮) પ્રેરણાની પરબ
(૬૯) પ્રેરણાનું પંચામૃત
(૭૦) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૭૧) ચાલો શિખરજી જઈએ
(૭૨) ઝાકળભીનો ઉજાસ
(૭૩) હૃદયદીપ
(૭૪) સુખનું સરનામું
(૭૫) સુખના સૂરજમુખી
(૭૬) અમૃતની અંજલિ
(૭૭) નંદનવનનાં પુષ્પો
(૭૮) તિમિરથી તેજ
(૭૯) પરમને પ્રાર્થના
(૮૦) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૮૧) તમે સૂરજ થઈને ચમક્યાં મહાગ્રન્થ
(૮૨) મહેંક માર્ગાનુસારિતાની ...
(૮૩) વિચારસેતુ
(૮૪) આનંદનું એવરેસ્ટ
(૮૫) વાસંતી વાયરા
(૮૬) ભવ આલોચના
(૮૭) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૮૮) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૮૯) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૯૦) જ્યોત
(૯૧) વૈભવ
(૯૨) સુગંધનું સરનામું
(૯૩) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૯૪) અક્ષરના દીવા
(૯૫) ઉદ્યોત
(૯૬) સાહિબ ! તમે મારા છો
(૯૭) રત્નકિરણ
(૯૮) ઉન્મેષ
(૯૯) દષ્ટાંતદર્પણ
(૧૦૦) અહો ! માસક્ષમણમ્
(૧૦૧) ગિરિરાજ ગુંજન
(૧૦૨) 'અમૃતવેલ'ની આનંદયાત્રા
(૧૦૩) ગૌરવ
(૧૦૪) પર્યુષણાનો પયગામ
(૧૦૫) મહેંક
(૧૦૬) પ્રમોદ પમરાટ
(૧૦૭) પ્રમોદ પરિમલ
(૧૦૮) પ્રસ્તાવના પમરાટ
(૧૦૯) પ્રસ્તાવના પરિમલ
(૧૧૦) પાથેય (આગામી)
(૧૧૧) નજરાણું (આગામી)
(૧૧૨) બોજ વિનાનો બોધ (આગામી)
(૧૧૩) ઉજાસ (આગામી)
(૧૧૪) સૂર (આગામી)
(૧૧૫) 'ધર્મરત્ન'નો ઝળહળાટ (આગામી)
(૧૧૬) ઐશ્વર્ય (આગામી)
(૧૧૭) માસક્ષમણની મહાસફર (આગામી)

## પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૨) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૩) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૪) ચિંતનની ચાંદની
(૫) મનનનાં મોતી
(૬) Treasure of Qualities
(૭) સૂર્યોદયનું સૌંદર્ય
(૮) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૯) Entity of Supremacy
(૧૦) Bharat Chakravarti
(૧૧) Karma
(૧૨) A Step towards purity-I (આગામી)
(૧૩) A Step towards purity-II (આગામી)
(૧૪) A Step towards purity-III (આગામી)
(૧૫) પ્રેરણાપ્રપા (આગામી)
(૧૬) પ્રેરણાસેતુ (આગામી)

## પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ સાહિત્ય

૧ થી ૬૧ પુસ્તકો

આ ઉપરાંત પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે નવા 50 પુસ્તકોના પ્રકાશનો સાથે ટ્રસ્ટની કુલ પ્રકાશન સંખ્યા 265 થશે.